
Pigeon
મેક્સિમમ
પ્યાર
મેક્સિમમ
તહેવાર
STOVEKRAFT
આ તહેવારોની સિઝનમાં, Pigeon સાથે વધુ રાંધો, વધુ ઉજવો.
Follow us on
Ahmedabad, Gandhinagar: Western Marketing: 9727753665 Madhuvan Sales: 8488813396 Deyan Sales: 9925223260 Keya Digitronics Pvt Ltd.: 9586092451
Anand, Nadiad: Essen Marketing: 9998868703 Sales: 9998030231, 7801990513 Mehsana, Patan, Palanpur, Himmatnagar: Sadguru Plast: 9512123764 Sales: 9909917350
Surendranagar: Monali Kitchenware: 8347489999 For Corporate and Bulk Enquiries: 9898233440
Pigeon Exclusive Stores: Ahmedabad: Bhimjipura: 9875289815 Naroda: 9601399039 Kubernagar: 8866218041 New Naroda: 8490078880
Bapunagar: 9537670294 Tragad: 7862805406 Memnagar: 6351420151 Nikol: 7567333692 Anandnagar: 9712557799 Parimal Garden: 9898759143
Himmatnagar: 9714700579 Nana Chiloda: 07984487031 New CG Road: 9374072740 Gota: 6351705621
For franchise enquiries and corporate/bulk orders, contact: 9904257426
For any service related queries, please contact: 6364914202
Locate your nearest Pigeon Exclusive Store



Hero
VIDA
ઘરે ઘરે તહેવાર,
ઘરે ઘરે EVOOTER.
VIDA EVOOTER VX2
Now Available in 6 Variants
CASH DISCOUNT UP TO ₹8490*
RATE OF INTEREST STARTING 0%
ADD-ON BENEFITS UP TO ₹10700*
STARTING @JUST ₹99 910*/-
WITH BaaS @JUST ₹64 990*/-
& PER KM COST OF ₹1.24
770+ OUTLETS
FOR SALES AND SERVICE
AVAILABLE WITH DIRECT PLUG-IN & REMOVABLE BATTERIES
ADVANCED 6KW SWING-ARM MOTOR
UP TO 187 km+* IDC RANGE
www.vidaworld.com
Hero MotoCorp Limited
GLOBAL MOST TRUSTED BRAND - 2026
CONSUMER & INDUSTRY RESEARCH BY THE BRAND STORY



છેલાજી રે... મારે હાટુ પાટણથી પટોળાં મોંઘા લાવજો.... રંગ રતુંબલ કોર કસુંબલ, પાલવ પ્રાણ બિછાવજો રે.. જેવા પ્રખ્યાત ગુજરાતી લોકગીતની રમઝટ હાલ ગરબામાં ફરી ટ્રેન્ડમાં આવી રહ્યા છે. નવરાત્રીમાં અવનવા સ્ટેપ્સ સામે ખેલૈયાઓ રમઝટ બોલાવી રહ્યા છે. ત્યારે યુવતીઓ ભારે ઉમળકાથી ગરબે ઘુમી માના ગરબા ગાઈ રહી છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

## નવરાત્રી દરમિયાન સાયલન્ટ ઝોનમાં ધ્વનિ પ્રદૂષણ મામલે રિટ

# ડીજેના બેફામ ઘોંઘાટ અને ન્યુસન્સ મુદ્દે હાઈકોર્ટે સરકારનો જવાબ માંગ્યો

અમદાવાદ, ગુરૂવાર

નવરાત્રી દરમિયાન સાયલન્ટ ઝોનમાં ડીજે વગાડી જાહેરનામાનો ભંગ કરવા અંગેની અરજી પર સુનાવણી કરતાં ગુજરાત હાઈકોર્ટે ડીજેના બેફામ ઘોંઘાટ અને ન્યુસન્સને લઈ ગંભીર નારાજગી વ્યક્ત કરી હતી. હાઈકોર્ટે સરકારને સાયલન્ટ ઝોનમાં ડીજેને લઈ થતું ધ્વનિ પ્રદૂષણ નાથવા હાઈકોર્ટે સરકારને સરપ્રાઈઝ ચેકિંગ કરવા અને ધ્વનિ પ્રદૂષણ પર પ્રતિબંધ લાદતા નિયમો અને માર્ગદર્શિકાઓનું કડક પાલન કરાવવા તાકીદ કરી હતી. વેરાવળમાં હોસ્પિટલની બાજુમાં નવરાત્રીના નામે ડીજેના બેફામ ઘોંઘાટ અને પબ્લિક ન્યુસન્સ મામલે થયેલી અરજીની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું હતું.

## સાઈલન્ટ ઝોનમાં ધ્વનિ પ્રદૂષણને નાથવા સરપ્રાઈઝ ચેકિંગ અને પ્રતિબંધ લાદતા નિયમોનું કડક પાલન કરવા તાકીદ

એક્ટિંગ ચીફ જસ્ટિસ માનસ રંજન પાઠકે જણાવ્યું હતું કે, આ સંવેદનશીલ પ્રશ્ન માત્ર વેરાવળ પૂરતો મર્યાદિત નથી, પરંતુ આ સમગ્ર રાજયને સ્પર્શતો ગંભીર પ્રશ્ન છે. હાઈકોર્ટે આ સમગ્ર મામલે સંબંધિત સત્તાવાળાઓ પાસેથી જરૂરી માહિતી મેળવી રાજય સરકાર પાસેથી જવાબ પણ માંગ્યો છે. હાઈકોર્ટે જણાવ્યું કે, ડીજેના વધુ પડતા અવાજના કારણે પબ્લીક ન્યુસન્સ અને લોકોની પરેશાનીનો પ્રશ્ન નવરાત્રિના નવ દિવસ દરમ્યાન વધુ ગંભીર બનતો હોય છે. સરકાર અને સત્તાવાળાઓએ સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ ધ્વનિ પ્રદૂષણ પર નિયંત્રણ લગાવતા નિયમો અને માર્ગદર્શિકાઓનું પાલન કરાવવું જ રહ્યું.

અરજદારપક્ષ તરફથી અદાલતનું ધ્યાન દોરાયું હતું કે, હોસ્પિટલ, સ્કૂલ સહિતના સ્થળો સાયલન્ટ ઝોનમાં આવે છે તેમછતાં ત્યાં સરેઆમ નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરી બેફામ રીતે ડીજે વગાડી, જોરદાર ઘોંઘાટ અને પબ્લીક ન્યુસન્સ કરવામાં આવતુ હોય છે. જેના કારણે બિમાર, દર્દીઓ, સીનીયર સીટીઝન્સ, મહિલાઓ અને નાના બાળકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે.

જીપીસીબી તરફથી હાઈકોર્ટ સમક્ષ રિપોર્ટ રજૂ કરાયો હતો અને સ્પષ્ટ કરાયું હતું કે, પર્યાવરણ મંત્રાલયના વર્ષ ૨૦૦૦ના નોટિફિકેશન મુજબ, હોસ્પિટલ અને શૈક્ષણિક સંસ્થાઓ જેવા સાયલન્ટ ઝોનમાં લાઉડસ્પીકર કે ડીજે વગાડવા પર પ્રતિબંધ છે. જીપીસીબીની રજૂઆત મુજબ, રાત્રિના સમયે જાહેર જગ્યાઓ પર લાઉડસ્પીકર વગાડી શકાય નહીં.

### રાત્રે ૧૨ પહેલા અવાજ બંધ થાય તેનું ૭૫ ટકા કિસ્સામાં ઈન્સપેક્શન થાય છે

સુનાવણી દરમિયાન રાજ્ય સરકારે અદાલતને માહિતી આપી હતી કે લગભગ ૭૫ ટકા કિસ્સાઓમાં રાત્રે ૧૨ વાગ્યા પહેલા અવાજ બંધ થાય તે સુનિશ્ચિત કરવા માટે તપાસ અને ઈન્સ્પેક્શન કરવામાં આવે છે. આ મામલે લેવાયેલા પગલાં અને વિગતવાર અહેવાલ રજૂ કરવા માટે સરકારે કોર્ટ પાસે વધુ બે દિવસનો સમય માગ્યો હતો.

### હોસ્પિટલ આસપાસ રાત્રે અવાજની તીવ્રતા ૪૫ ડેસિબલથી ઓછી રાખવી જરૂરી

હોસ્પિટલની આસપાસના સાયલન્ટ ઝોનમાં રાત્રે અવાજની તીવ્રતા ૪૫ ડેસિબલથી ઓછી રાખવી અનિવાર્ય છે. જોકે, બેન્ક્વેટ હોલ કે પાટી પ્લોટ જેવી ખાનગી જગ્યાઓમાં નક્કી કરેલી ડેસિબલની મર્યાદામાં રહીને જ સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ કરી શકાય છે. જાહેર સ્થળો પર લાઉડસ્પીકર કે સાઉન્ડ સિસ્ટમ વગાડવા માટે સંબંધિત પોલીસ સત્તાવાળાઓ પાસેથી પૂર્વ મંજૂરી મેળવવી કાયદાકીય રીતે ફરજિયાત છે.

## ગુજરાત યુનિ.માં પૂર્વ કુલપતિ મુદ્દે વિવાદ વચ્ચે

# નવા કુલપતિનું નામ નક્કી કરવા કોકડું ગૂંચવાયું: ભાજપ-સંઘ વચ્ચે ખેંચતાણ

અમદાવાદ,શુક્રવાર

ગુજરાત યુનિવર્સિટી સહિતની સરકારી યુનિ.ઓમાં વર્ષોથી કુલપતિની નિમણૂંક સંઘ દ્વારા અપાતા નામોથી જ થતી આવી છે પરંતુ હવે ભાજપને સંઘ દ્વારા અપાતુ નામ-ઉમેદવાર પસંદ ન હોવાની ચર્ચાએ શિક્ષણ જગતમાં જોર પકડ્યુ છે. ગુજરાત યુનિ.ના પૂર્વ કુલપતિને લઈને છેલ્લા કેટલાક દિવસોથી વિવાદ ચાલી રહ્યો છે ત્યારે પૂર્વ કુલપતિની નિમણૂંક સંઘની સૂચનાથી થઈ હોઈ હવે નવા કુલપતિની નિમણૂંકને લઈને કોકડૂં ગૂંચવાયુ છે.કારણકે સંઘ દ્વારા જે નામ સૂચવાયુ છે તે ભાજપને સ્વીકાર્ય નથી અને બીજી બાજુ ભાજપ અન્ય પોતાના ઉમેદવારની નિમણૂંક કરવા માંગે છે.દરમિયાન પૂર્વ કુલપતિ સામે ઉભા થયેલા આક્ષેપો-ફરિયાદો મુદ્દે પણ ભાજપમાં જ આંતરિક વિખવાદ જોવા મળી રહ્યો છે.

## સર્ચ કમિટીએ ત્રણ નામો આપ્યાને પણ ઘણો સમય થઈ ગયો પરંતુ આંતરિક વિખવાદ-રાજકારણ વચ્ચે વિલંબ

ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ મહિલા કુલપતિની ટર્મ ૩૦ જુને પુરી થઈ હતી અને ત્યાં સુધી સરકારે સર્ચ કમિટીની પ્રક્રિયા ન કરી હોવાથી નવા કુલપતિની નિમણૂંકને લઈને વિલંબ થઈ રહ્યો છે. ડૉ.નિરજા ગુપ્તાની ટર્મ પુરી થયા બાદ સરકારે ઈન્ચાર્જ કુલપતિ તરીકે જગદીશ જોશીને મુક્યા હતા અને ત્યારબાદ શરૂ થઈ વીસી વૉર. પૂર્વ કુલપતિ સામે એક પછી એક ભ્રષ્ટાચાર-નાણાકીય ગેરરીતિની ફરિયાદો આવી રહી છે અને તપાસ માટે નિમાયેલા પૂર્વ હાઈકોર્ટ જજની તપાસ વચ્ચે પણ યુનિ.માંથી ઈન્ટરનલ ડોક્યુમેન્ટસ બહાર આવી રહ્યા છે અથવા તો બહાર લાવવામા આવી રહ્યા છે. કારણકે મળતી માહિતી મુજબ પૂર્વ કુલપતિ સામે ભાજપમાં જ આંતરિક વિખવાદ જોવા મળી રહ્યો છે.સત્તામંડળના જ કેટલાક સભ્યો પૂર્વ કુલપતિ સામે પડ્યા હોઈ અને મળતી માહિતી મુજબ ઉપરથી આ મુદ્દે દોરીસંચાર પણ થઈ રહ્યો છે.

બદલાની આ રાજનીતિ વચ્ચે ગુજરાત યુનિ.ના ૭૫ વર્ષના ઈતિહાસમાં ન જોવા મળેલી ઘટના રૂપે પ્રથમવાર પૂર્વ કુલપતિ સામે જાહેર ફરિયાદ મંચ ઉભુ કરાયુ છે.લંકાના વિભિષણ સમાન કેટલાક લોકો પૂર્વ કુલપતિની વિરૂદ્ધમાં પુરાવા એકત્ર કરવામા લાગ્યા છે.અગાઉ પણ યુનિ.માં પૂર્વ કુલપતિઓ સામે ભ્રષ્ટાચારની અનેક ફરિયાદો ઉઠી છે અને મોટા કૌભાંડો થયા છે પરંતુ આ વખતની સ્થિતિ કંઈક અલગ જ છે.કારણકે ભાજપના આંતરિક વિખવાદ વચ્ચે હવે ભાજપ વર્સીસ સંઘ પણ હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. નવા કુલપતિની પસંદગીને લઈને ભાજપ અને આરએસએસ વચ્ચે ખેંચતાણ .અગાઉના કુલપતિની નિમણૂંક સંઘની સૂચનાથી હતી ત્યારે હવે તેમના વિવાદો વચ્ચે ભાજપ પોતાના ઉમેદવાર મુકવા માંગે છે.આ ખેંચતાણમાં સર્ચ કમિટીએ આપેલા ત્રણ નામોના એક મહિના બાદ પણ હજુ નામ નક્કી થઈ શક્યુ નથી.

## સુરક્ષામાં મોટી બેદરકારી સામે આવી

# બાઉન્ડ્રી વોલ કુદીને યુવક ઈન્ટરનેશનલ એરપોર્ટના પરિસરમાં ઘુસી ગયો

અમદાવાદ,ગુરૂવાર

અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ગત ગુરૂવારે સવારે આઠ વાગ્યાના આસપાસ વોચ ટાવર નંબર ૨ પર સીઆઈએસએફના આસીસન્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર યોગેશકુમાર ડ્યુટી પર હતા ત્યારે જોયુ તો પીલર નંબર ૮૧ની બાજુની બાઉન્ડ્રી વોલ કુદીને એક યુવક એરપોર્ટના કેમ્પસમાં આવી ગયો હતો. જેથી તેમણે તેને ઉભા રહી જવા માટે બુમો પાડી હતી. પરતુ,આસપાસમાં મશીનનો અવાજ હોવાથી તે યુવકે યોગેશકુમારનો અવાજ સાંભળ્યો નહોતો અને તે છેક ૭૪ નંબરના પીલર સુધી પહોંચી ગયો હતો. જેથી સિક્યોરીટી સ્ટાફે દોડીને તેને ઝડપીને પુછપરછ કરતા તે તૂટક ભાષા બોલતો હતો અને પ્રાથમિક અંદાજમાં માનસિક અસ્થિર જણાઈ આવ્યો હતો. જો કે તેની પાસેથી કોઈ શંકાસ્પદ ચીજવસ્તુ મળી નહોતી. જેથી ઉચ્ચ અધિકારીઓએ તેને વિશ્વાસમાં લઈને પુછતા તેનું નામ અક્ષયસિંહ પરમાર (રહે.ગલખોડ ગામ, અંકલેશ્વર) હોવાનું જાણવા મળ્યું હતું.

## નવરાત્રીનું વધુ એક આયોજન વિવાદમાં

# ગોતામાં 'ફળિયું' ગરબાનો પ્લોટ સીલ, મ્યુનિ.માં ભાડું નહોતું ભર્યુ

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદ શહેરમાં આ વખતે નવરાત્રીના એક પછી એક આયોજનો વિવાદમાં આવી રહ્યા છે. અગાઉ કિર્તીદાન ગઢવીના કાર્યક્રમનો ડોમ ધસી પડ્યો, ત્યાર બાદ જીગરદાન ગઢવીના ગરબાને ફાયર અને પોલીસની મંજૂરી મળી નહીં અને હવે ગોતા-જગતપુર રોડ પર ભાડું નહીં ભરવા બદલ મ્યુનિ.એ 'ફળિયુ' નામના ગરબા આયોજનનો પ્લોટ સીલ કરી દીધો છે.

## એસ્ટેટ વિભાગ પોલીસ ફરિયાદ પણ દાખલ કરશે, ભાડું - ડિપોઝિટ પેટે રૂ.૪૧ લાખ ભરવાના હતાં

અમદાવાદના ચાંદલોડિયા વોર્ડમાં આવતા વિસ્તાર ગોતા-જગતપુર રોડ પર મ્યુનિ.ના એક ખાલી પ્લોટમાં 'ફળિયુ' નામથી ગરબાનું આયોજન કરાયું હતું. ચાર દિવસ સુધી ગરબા યોજાયા બાદ ગઈકાલે રાત્રે મ્યુનિ.ના એસ્ટેટ વિભાગે બાકી ભાડા મામલે ગરબા બંધ કરાવ્યા હતા. આજે સવારે આ પ્લોટને લોકોના પ્રવેશ માટે સીલ કરી દેવામાં આવ્યો છે. એસ્ટેટ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર આ પ્લોટ નવરાત્રીના આયોજન માટે ભાડે રાખવા ગત તા.૬ના રોજ ધ્રુમિલ ખમાર નામના વ્યક્તિ દ્વારા અરજી કરવામાં આવી હતી. તા.૯ના રોજ તેને મંજૂરી આપવામાં આવ્યા બાદ ભાડું અને ડિપોઝિટ પેટે કુલ રૂ.૪૧,૮૪,૫૧૦ ભરવા માટે ઓનલાઈન ચલણ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. આ પૈસા નહીં ભરાતા પ્લોટ સીલ કરાયો છે. તથા હવે પોલીસ ફરિયાદ દાખલ કરવાની પ્રક્રીયા પણ હાથ ધરાઈ છે. તેમજ પ્લોટના વપરાશ બાબતે દંડ સહિતની રકમ વસૂલવા માટે પ્રોપર્ટી ટેક્સના બિલમાં બોજો દાખલ કરવામાં આવશે. સ્થાયી સમિતિના ચેરમેન કમલેશ પટેલના જણાવ્યા અનુસાર આશિષ પટેલ નામના આયોજક દ્વારા આ આયોજન કરાયું હતું. ભાડું ન ભરવા બદલ તેની સામે કડક કાર્યવાહી કરાઈ છે.

## ડોમ ધસી પડવાની ઘટના બાદ બીજો વિવાદ

# કિર્તીદાન ગઢવીના ગરબા પરંપરા નવરાત્રીને ગંદકી બાબતે નોટિસ

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદમાં કિર્તીદાન ગઢવીના ગરબા પરંપરા નવરાત્રિનો ડોમ નોરતા શરૂ થવાના બે દિવસ પહેલાં જ ધસી પડવાની ઘટના બાદ બીજો વિવાદ સામે આવ્યો છે. આ આયોજનને મ્યુનિ.ના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ગંદકી ફેલાવવા બદલ ત્રણ વખત નોટિસ ફટકારવામાં આવી છે.

## અગાઉ બે વખત સફાઈની તાકીદ કરી, પરંતુ કોઈ ફરક નહીં પડતા હવે દંડ ફટકારવાની ચેતવણી

અમદાવાદના એસ. પી. રિંગ રોડ પર ગોપાલ ફાર્મમાં કિર્તીદાન ગઢવીના ગરબા પરંપરા નવરાત્રિનું આયોજન કરાયું છે. નોરતા શરૂ થાય તેના બે દિવસ પહેલાં જ આ ગરબાનો એસી ડોમ ધસી પડ્યો હતો. જોકે આમ છતાં બીજા નોરતાથી ખુલ્લામાં ગરબા શરૂ કરાયા છે. તેવામાં હવે મ્યુનિ.ના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે આ આયોજનને સફાઈ મામલે ત્રણ નોટિસ ફટકારી હોવાનું જાણવા મળેલ છે.

## ટ્રેનમાંથી ઉતરી સ્ટેશનમાંથી જ ટેક્સી બૂક કરી શકાશે

# અમદાવાદ અને સાબરમતી રેલવે સ્ટેશને ટ્રાવેલર્સ લાઉન્જ સુવિધા શરૂ

અમદાવાદ, ગુરુવાર

ટ્રેનની મુસાફરી પૂરી થયા બાદ ઘરે, ઓફિસ કે અન્ય સ્થળે જવા માટે વાહન શોધવાની મુસાફરોની મુશ્કેલી હળવી કરવા અમદાવાદ અને સાબરમતી રેલવે સ્ટેશન પર ટ્રાવેલ્સ લાઉન્જની સુવિધા શરૂ કરવામાં આવી છે. હવે મુસાફરો સ્ટેશનની બહાર વાહન શોધવા ભટકવાને બદલે નિર્ધારિત સ્થળેથી ટેક્સી કે બાઈક બુક કરાવી શકશે.

## વાહન બુકિંગમાં મદદ માટે કર્મચારીઓ હાજર રહેશેઃ મણિનગર, વટવા, અસારવા પણ શરૂ કરાશે

અમદાવાદ અને સાબરમતી રેલવે સ્ટેશન પર શરૂ કરાયેલી ટ્રાવેલ્સ લાઉન્જમાં મુસાફરોને વાહન બુકિંગ માટે માર્ગદર્શન આપવા ઉપરાંત રાહ જોવા માટેની જગ્યા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ખાસ કરીને મોડી રાત્રે ટ્રેનમાં આવતા મુસાફરો, બાળકો સાથે મુસાફરી કરતાં પરિવારો, વૃદ્ધો અને ભારે સામાન લઈને આવતાં લોકોને આ સુવિધા મદદરૂપ બનશે. મુસાફરો મોબાઈલમાં સંબંધિત બુકિંગ એપ ખોલીને પોતાના ગંતવ્ય સ્થાનનું સરનામું દાલ કરી શકશે. ત્યારબાદ ઉપલબ્ધ વાહનો અને ભાડાની સરખામણી કરીને અનુકૂળ વાહન પસંદ કરી શકશે. એપ ચલાવવામાં મુશ્કેલી થતી હોય તો સ્થળ પર હાજર કર્મચારીઓ મદદ કરશે.

જોકે મુસાફરીનું અંતર અને વાહનોની માંગ પ્રમાણે ભાડામાં ફેરફાર થઈ શકે છે. આ સુવિધા વધુ મુસાફરો સુધી પહોંચે તે માટે આગામી દિવસોમાં મણિનગર, વટવા અને અસારવા રેલવે સ્ટેશન પર પણ ટ્રાવેલ્સ લાઉન્જ શરૂ કરવાની યોજના છે.

## ઈજનેરીમાં નક્કી કરાયેલી ફી કરતા

# વધુ ફી લેવા મુદ્દે ખાનગી યુનિ.સામે ફી રેગ્યુલેશન કમિટીમાં ફરિયાદ

અમદાવાદ,બુધવાર

ડિગ્રી ઈજનેરી અને ડિપ્લોમા ઈજનેરી કોર્સીસમાં નક્કી કરાયેલી ફી કરતા વધુ ફી લેવાતી હોવાની ફરિયાદ ટેકનિકલ ફી રેગ્યુલેશન કમિટીમાં કરવામા આવી છે. રાજકોટની દર્શન યુનિવર્સિટી સામે કરાયેલી આ લેખિત ફરિયાદ બાદ કમિટીએ યુનિ.ને નોટિસ ફટકારી છે અને ખુલાસો માંગ્યો છે. જો ખરેખર યુનિ.વધુ ફી લેતી હશે તો એક્ટ અને એસઓપી મુજબ દંડ કરવામા આવશે.

## ડિગ્રી-ડિપ્લોમા કોર્સીસમાં વધુ ફી લેવાતા કમિટીએ દર્શન યુનિ.ને નોટિસ ફટકારી : દંડ થઈ શકે

ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી, ફાર્મસી, એમબીએ, એમસીએ, એમઈ-એમફાર્મ સહિતની વિવિધ ટેકનિકલ કોર્સની ખાનગી કોલેજો-યુનિ.ઓની દર ત્રણ વર્ષે નવી ફી નક્કી કરવામા આવે છે.સરકારના એક્ટ અંતર્ગત ટેકનિકલ કોર્સીસ માટેની ફી રેગ્યુલેશન કમિટી દ્વારા ૩ વર્ષે નક્કી કરાતા ફી માળખા મુજબ જ ફરજીયાત કોલેજો-યુનિ.ઓએ ફી લેવાની હોય છે.જો કે તેમ છતાં રાજકોટની દર્શન યુનિવર્સિટી દ્વારા નક્કી કરાયેલી ફીથી વધુ લેવાતી હોવાની લેખિત ફરિયાદ કરવામા આવી છે.

ફી રેગ્યુલેશન કમિટીમાં ફરિયાદ કરવામા આવી છે કે આ યુનિ.દ્વારા ડિપ્લમામાં ૨૦૨૬-૨૭ના વર્ષ માટે ૫૭ હજારને બદલે ત્રણ વર્ષથી ૮૦ હજાર રૂપિયા લેવામા આવે છે.જ્યારે ડિગ્રી ઈજનેરી-બીટેકમાં ૨૦૨૩-૨૪ માટે ૯૫ હજાર ફી નક્કી કરાઈ હતી પરંતુ ૧.૩૦ લાખ રૂપિયા ફી વિદ્યાર્થીઓ પાસેથી વસૂલવામા આવે છે.આમ ડિપ્લોમમાં પ્રતિ વર્ષ વિદ્યાર્થી દીઠ ૨૩ હજાર અને ડિગ્રીમાં પ્રતિવર્ષ વિદ્યાર્થી દીઠ ૩૫ હજાર રૂપિયા વધુ લેવામા આવે છે. આ લેખિત ફરિયાદને પગલે ફી કમિટીએ યુનિ.ને નોટિસ ફટકારી છે અને ખુલાસો માંગ્યો છે.

## રાજ્યની આરટીઓમાં ૯૮ અધિકારીઓની સામૂહિક બદલી

અમદાવાદ, ગુરુવાર

ગુજરાતના વાહન વ્યવહાર વિભાગે મોટર વાહન નિરીક્ષક વર્ગ-૨ના કુલ ૯૮ અધિકારીઓની બદલી કરવામાં આવી છે, જ્યારે ૮૫ અધિકારીઓને ઈન-સિટુ બઢતી આપવાના હુકમો જાહેર કરવામાં આવ્યા છે. આ બદલીમાં અમદાવાદ, સુરત, વડોદરા, નવસારી, મહેસાણા, પાલનપુર અને વલસાડ સહિત રાજ્યનાં વિવિધ શહેરો તથા જિલ્લાઓની કચેરીઓમાં ફરજ બજાવતાં અધિકારીઓનો સમાવેશ થાય છે.

## બટાકાના પાવડર, મકાઈના લોટમાંથી સોસ બનતો હતો

# પીરાણામાં નકલી ટોમેટો સોસનું કારખાનું ઝડપાયું, બે હજાર કિલો જથ્થો જપ્ત કરાયો

અમદાવાદ, ગુરુવાર

સેન્ડવિચ, બર્ગર, પાસ્તા, ચાઈનીઝ સહિત ફાસ્ટફૂડમાં વપરાતા ટમેટો સોસમાં બેરોકટોક ભેળસેળ ચાલી રહી છે. તેવામાં આજે બહેરામપુરા પીરાણા રોડ પર ટમેટો સોસ બનાવતા કારખાનામાં મ્યુનિ.એ દરોડો પાડ્યો હતો. દરમિયાન ટામેટા વગર જ બટાકાના પાવડર અને મકાઈના લોટમાંથી નકલી ટમેટો સોસ બનાવાતો હોવાનું સામે આવતા એકમ સીલ કરી બે ટન જથ્થો જપ્ત કરાયો હતો.

## ટામેટા વગર સોસ બનાવીને ટેસ્ટી સ્નેક ટચ નામથી વેચાણ કરતું એકમ સીલ કરાયું, લાયસન્સ પણ નહોતું

બહેરામપુરા પીરાણા રોડ પર આવેલા એમ જે એફ ફૂડ નામના એકમમાં મ્યુનિ.ના ફૂડ વિભાગ દ્વારા દરોડો પડાયો હતો. જ્યાં બટાકાના પાવડર, મકાઈના લોટ, ખાંડ, કલર, એસિટિક એસિડ, પ્રિઝર્વેટિવ્સ, સ્ટેબિલાઈઝર વગેરેના મિશ્રણથી ટમેટો સોસ તૈયાર કરાતો હતો. ટેસ્ટી સ્નેક ટચ અપ નામના લેબલથી પાંચ કિલોના સોસના ડબ્બાનું ખાણીપીણીના એકમોને મોટાપાયે વેચાણ કરાતું હતું. લેબલ પર વેજીટેબલ પલ્પ જેવા ઈન્ગ્રીડિઅન્ટ્સ દર્શાવી ગ્રાહકોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યું હતું. એફએસએસએઆઈના લાયસન્સ વગર અતિશય ગંદકી વચ્ચે સોસનું ઉત્પાદન કરાતું હોવાથી એકમ સીલ કરાયું હતું. તેમજ બટાકાનો પાવડર સહિતના કાચા સામાન અને તૈયાર સોસ સહિત કુલ બે હજાર કિલો જથ્થો જપ્ત કરાયો હતો. મ્યુનિ.ના ફૂડ ઓફિસર ડો. તેજસ શાહ જણાવે છે કે, વધુ તપાસ માટે નમૂનો લઈ લેબમાં મોકલાયો છે. પરંતુ પ્રાથમિક ધોરણે જ સોસ હલકી ગુણવત્તાનો હોવાથી આ જથ્થો નાશ કરાશે. ઉપરાંત રજૂ કરાયેલ લાયસન્સ અન્ય એકમનું હોવાથી ખોટુ રજૂ કરાયેલ ખોટુ લાયસન્સ પણ સસ્પેન્ડ કરાશે. નોંધનીય છે, થોડા દિવસ અગાઉ ગોતા, રાણીપમાંથી પણ હકલી ગુણવત્તાના સોસનો જથ્થો મળી આવ્યો હતો.

### સોસ અસલી છે કે નકલી? કેમ ઓળખવો?

* પેકેટ પર ઉત્પાદકનું નામ, ઘટકો, ઉત્પાદન અને સમાપ્તિ તારીખ તપાસો.
: એફએસએસએઆઈ લાઈસન્સ નંબર ચકાસો.
* બોટલનું ઢાંકણું ફૂલેલું હોય, સોસમાંથી અસામાન્ય ગંધ આવતી હોય અથવા ફૂગ દેખાતી હોય તો તેનો ઉપયોગ ન કરો.
* માત્ર રંગ, ઘટ્ટપણું કે સ્વાદ પરથી સોસ અસલી છે કે નકલી તે નક્કી કરી શકાતું નથી. ખાતરી માટે પ્રયોગશાળામાં તપાસ જરૂરી છે.





### નકલી ટોમેટો સોસથી કયા જોખમો?

* ફૂડ પોઈઝનિંગ : દૂષિત સોસ ખાવાથી ઊલટી, ઝાડા, પેટમાં દુખાવો અને તાવ આવી શકે છે.
* યકૃત અને કિડનીને નુકસાન : જો સોસમાં પ્રતિબંધિત અથવા ઝેરી રસાયણો ભેળવવામાં આવ્યા હોય, તો તેની માત્રા અને સંપર્કના સમયગાળા પ્રમાણે અંગોને નુકસાન થઈ શકે છે.
* એલર્જી અને ત્વચાની સમસ્યાઓ : કેટલાક બિનમંજૂર રંગો અથવા અન્ય ભેળસેળવાળા પદાર્થોથી એલર્જીક પ્રતિક્રિયા થઈ શકે છે.
* લાંબા ગાળાનું જોખમ : ચોક્કસ હાનિકારક પદાર્થોનો વારંવાર સંપર્ક સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે છે. જોકે, દરેક સસ્તા કે નકલી સોસમાં કેન્સરકારક પદાર્થો હોય જ એવું નથી.
* બાળકો માટે વિશેષ જોખમ : દૂષિત ખોરાકથી બાળકોમાં ઊલટી-ઝાડા અને શરીરમાં પાણીની ઊણપ ઝડપથી થઈ શકે છે.

## ગુણવત્તાસભર શિક્ષણના દાવા વચ્ચે વાસ્તવિકતા કઈંક જુદી

# હવે 'શ્રમિક અન્નપૂર્ણા યોજના'ની જવાબદારી શિક્ષકોના શિરે થોપાઈ

અમદાવાદ,ગુરુવાર

એક તરફ રાજ્ય સરકાર શિક્ષણ ક્ષેત્રે ડિજિટલાઈઝેશન અને ગુણવત્તાસભર શિક્ષણના મોટા-મોટા દાવા કરી રહી છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ છે. પ્રાથમિક શાળાઓના આચાર્ય અને શિક્ષકો પર બિન-શૈક્ષણિક કામગીરીનું ભારણ સતત વધી રહ્યું છે. હવે તેમાં વધુ એક કડી ઉમેરાઈ છે. શ્રમયોગી કલ્યાણ બોર્ડની 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળ શરૂ કરાયેલા ભોજન વિતરણ કેન્દ્રોના સંચાલન હવે શિક્ષકોને સોંપાયું છે. આ નિર્ણયને પગલે શિક્ષણ જગતમાં આક્રોશ ભભૂક્યો છે.

## શિક્ષકોને અન્નપૂર્ણા યોજનાના નોડલ ઓફિસર બનાવાયા વિદ્યાર્થીઓને ભણાવવાને બદલે બિન-શૈક્ષણિક કામોનો બોજ

શિક્ષકો વર્ગખંડમાં બાળકોને ભણાવવાના મૂળભૂત કાર્યથી દૂર હોય તેવુ ચિત્ર ઉપસ્યુ છે. શિક્ષકોને ડેટા એન્ટ્રી અને પોર્ટલ અપડેટની સાથે સાથે વિવિધ સરકારી યોજનાઓના રિપોર્ટિંગ, સર્વેક્ષણ અને બિલ સબમિશનની વહીવટી પ્રક્રિયાની જવાબદારી સોંપાઈ છે. આ ઉપરાંત ચૂંટણીલક્ષી કામગીરી, મતદારયાદી સુધારણા અને જનગણના સહિત અન્ય બિન શૈક્ષણિક કામગીરી સોંપવામાં આવી છે. હવે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનું સંચાલન કરવા શિક્ષકોને નોડલ ઓફિસર તરીકે કામગીરી સોંપાઈ છે. વિદ્યાર્થીઓને ભણાવવાને બદલે શિક્ષકોને શ્રમિકોને જમવાનું મળે છે કે કેમ તે જોવાની જવાબદારી અપાઈ છે.

આ જોતાં સવાલ ઉઠ્યો છેકે, બાળકોના ભવિષ્ય સાથે ક્યાંથી સુધી ચેડા થશે? શિક્ષકો ઓનલાઈન કામગીરી, વહીવટી કાગળો અને સરકારી યોજનાઓના સંચાલનમાં જ વ્યસ્ત રહેશે, તો શાળામાં ગરીબ અને સામાન્ય વર્ગના બાળકોને ભણાવશે કોણ. એક બાજુ, શાળામાં શિક્ષકોની સંખ્યાની ઘટ પ્રવર્તી રહી છે જ્યારે બીજી બાજુ, બિન-શૈક્ષણિક ભારણને લીધે સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે.

## પ્રહલાદનગર ફાયર સ્ટેશનથી એસજી હાઈવેને જોડતા રોડનો વિવાદ

# મ્યુનિ. તંત્રનો ગોટાળો : ટેન્ડર મોડેલ સીસી રોડનું અને કામગીરી ડામરની!

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદના મકરબા રેલવે ઓવર બ્રિજનો વિવાદ હજી ઉકેલાયો નથી, ત્યાં તેને જોડતા પ્રહલાદનગર ફાયર સ્ટેશનથી એસજી હાઈવે સુધીના રોડનો નવો વિવાદ સામે આવ્યો છે. એક તરફ આ રોડ મોડેલ રોડ અંતર્ગત કોંક્રિટથી બનાવવાની દરખાસ્ત રોડ કમિટી સમક્ષ મુકવામાં આવી છે. બીજી તરફ આ ટેન્ડર પાસ થાય તે પહેલાં જ અહીં ડામર રોડનું કામ ચાલી રહ્યું છે. ત્યારે મ્યુનિ.ના આ ગોટાળાને લઈને શહેરીજનોમાં ભારે ચર્ચા જાગી છે.

## ૧૩૬ કરોડના મોડેલ રોડના ટેન્ડરમાં આ રસ્તો કોંક્રિટ રોડ તરીકે ડેવલપ કરવાની દરખાસ્ત રોડ કમિટીમાં મુકાઈ છે

વાત કંઈક એમ છે કે, મકરબા રેલવે ઓવર બ્રિજને જોડતા છેડેથી એટલે કે પ્રહલાદનગર ફાયર સ્ટેશનથી એસજી હાઈવેને જોડતા રોડને પહોળો કરી બંને તરફ હાલ પેવરના નવા રોડ બની રહ્યા છે. બીજી તરફ શહેરમાં રૂ.૧૩૬ કરોડના ખર્ચે ડેવલોપ થનારા મોડેલ રોડમાં આ રસ્તાને જ કોંક્રિટથી બનાવવાની દરખાસ્ત મંજૂરી માટે રોડ કમિટીની બેઠકમાં મુકવામાં આવી છે. ત્યારે રસ્તાની બંને તરફની સાઈડ પેવરથી અને વચ્ચે રોડ કોંક્રિટથી બનશે? કે પછી આખો રોડ તોડીને નવો બનાવાશે? તો પછી અત્યારે પેવર રોડ બનાવવાના થયેલા ખર્ચનું શું? વગેરે અનેક સવાલો લોકોમાંથી ઉઠ્યા છે. અત્રે ઉલ્લેખનિય છે કે, થોડા સમય પહેલાં જ સરકારે જાહેરાત કરી હતી કે, શહેરી વિસ્તારમાં હવેથી પેવરના બદલે આરસીસીના રોડ જ બનાવવામાં આવશે. પરંતુ અમદાવાદ મ્યુનિ.માં જ તેની અમલવારી થઈ રહી નથી!

### રોડ તાત્કાલિક પહોળો કરવાનો હોવાથી પેવરથી બનાવવાનો નિર્ણય લેવાયો છે : સિટી ઈજનેર

અમદાવાદ મ્યુનિ.ના સિટી ઈજનેર ઋષિ પંડ્યાએ જણાવ્યું છે કે, મકરબા બ્રિજના ટ્રાફિકનો પ્રશ્ન ઉકેલવા માટે વાર્ષિક ભાવથી રોડ તાત્કાલિક પહોળો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોંક્રિટ રોડ બનાવવામાં વધુ વાર લાગશે. ત્યાં સુધી ટ્રાફિકની અવર-જવર અવરોધાય નહીં તે માટે તાત્કાલિક કામ હાથ પર લેવાયું છે. મોડેલ રોડની દરખાસ્તમાં આ અંગેનો સુધારો કરાશે.

### રોડ બંને તરફ ૧૪-૧૪ મીટર પહોળો કરવામાં આવશે : રોડ પ્રોજેક્ટ વિભાગ

મ્યુનિ.ના રોડ પ્રોજેક્ટ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે, આશરે ૪૫૦ મીટર જેટલી લંબાઈના આ ટીપી રોડને ૪૦ મીટર પહોળો બનાવવાનું કામ શરૂ કરાયું છે. જેમાં બંને તરફ ૧૪-૧૪ મીટર રોડ પહોળો કરવામાં આવશે.

### નરનારાયણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તમામ મોડેલ રોડનું કામ ૨૩.૪૯ ટકા ઉંચા ભાવે આપી દેવા દરખાસ્ત

સામાન્ય રીતે જુદા જુદા રોડની કામગીરી અલગ-અલગ કોન્ટ્રાક્ટરોને આપવાની હોય છે. પરંતુ અમદાવાદમાં તમામ મોડેલ રોડના રૂ.૧૩૬ કરોડના કામ એક માત્ર એજન્સી નરનારાયણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ.ને આપી દેવાની દરખાસ્ત રોડ કમિટી સમક્ષ મુકાઈ છે. એટલું જ નહીં આ કામ અંદાજ કરતા ૨૩.૪૯ ટકા ઉંચા ભાવે આપવાનું પણ નક્કી કરાયું છે.

### વેપારીઓ સહિત ૧૪ વિરૂદ્ધ ગુનો નોંધાયો

# ગીતા મંદિરના માર્કેટમાંથી એક હજારથી વધુ ડુપ્લિકેટ મોબાઈલ ફોન જપ્ત કરાયા

અમદાવાદ,ગુરૂવાર

શહેરના ગીતા મંદિર એસ ટી બસ સ્ટેશનમાં આવેલા માર્કેટની દુકાનોમાં સ્થાનિક પોલીસે દરોડો પાડીને સેમસંગ, નોકિયા અને જીઓ બ્રાંડના આશરે ૧૦૩૪ જેટલા નકલી મોબાઈલ ફોન, એસસરીઝ અને એક લેપટોપનો જથ્થો જપ્ત કરીને મુખ્ય વેપારીઓ સપ્લાયર્સ સહિત ૧૪ લોકો વિરૂદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી હતી. વેપારીઓ કાલુપુર અને રિલીફ રોડ પરથી હોલસેલના વેપારીઓ પાસેથી સસ્તામાં નકલી મોબાઈલ ફોન ખરીદીને ઊંચી કિંમતે વેચાણ કરતા હતા.

સેમસંગ તેમજ અન્ય કંપનીઓના કોપીરાઈટ અને ટ્રેડમાર્ક ભંગના કાર્યવાહી કરતી કંપનીમાં બજાવનારા એક વ્યક્તિને બાતમી મળી હતી કે ગીતા મંદિર એસ ટી બસ સ્ટેશનમાં આવેલા કોમ્પ્લેક્સ સ્થિત કેટલીક દુકાનોમાં બ્રાંડેડ મોબાઈલ ફોનના નામે નકલી મોબાઈલ ફોનનું મોટા પ્રમાણમાં વેચાણ કરવામાં આવી રહ્યું છે. જે અંગે કાગડાપીઠ પોલીસને સાથે રાખીને તપાસ કરવામાં આવતા કેટલીક દુકાનોમાંથી કુલ ૧૦૪૬ જેટલા નકલી મોબાઈલ ફોન મળી આવ્યા હતા. જેની કિંમત ૬.૬૧ લાખ હતી.સાથેસાથે એસેસરીઝ અને લેપટોપ પણ મળી આવ્યા હતા. જે અંગે વેપારીઓની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તે રીલીફ રોડ અને કાલુપુર વિસ્તારમાં વ્યવસાય કરતા અન્ય આઠ જેટલા વેપારી પાસેથી મોબાઈલ ફોન ખરીદતા હતા અને અસલી હોવાનું કહીને ઉંચી કિંમતે વેચાણ કરીને છેતરપિંડી કરતા હતા.

આ અંગે કાગડાપીઠ પોલીસે રમેશ સોંલકી, જીતેન્દ્ર પ્રજાપતિ, રવિન્દ્ર છીપા, રૂપારામ ચૌધરી, દિનેશ ઘાંચી અને મહેન્દ્ર મોદી સહિત ૧૪ લોકો વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. જેમાં કરોડોનું મોટું કૌભાંડ સામે આવવાની શક્યતા છે.

### ફાફડા-જલેબીના સ્ટોલની તપાસ કરવા તાકીદ

# અમદાવાદમાં પાણીની ૪૮ ટાંકી છ માસ કરતાં વધારે સમયથી સાફ કરાઈ નથી!

**અમદાવાદ, ગુરુવાર**

**અમદાવાદમાં નળમાંથી જળ સાથે કચરો પણ આવી જાય તો નવાઈ નથી. અસારવાની પાણીની ટાંકીમાંથી હાડકા મળ્યા બાદ ટાંકીની સફાઈમાં ચાલતી પોલમપોલ સામે આવી હતી. ત્યારે સ્થાયી સમિતિની આજની બેઠકમાં ૪૮ ટાંકીની છ મહિનાથી સફાઈ ન કરાઈ હોવાનો ખુલાસો થયો હતો. જેના પગલે કડક પગલાં લેવા ચેરમેન દ્વારા તાકીદ કરાઈ છે. બીજી બાજુ સ્માર્ટ સિટી પાસે સંસાધનો ખૂટી પડ્યા હોય તેમ છેક છ દિવસ બાદ હવે સીસીટીવી કેમેરાથી ગટર ચકાસી પ્રજ્ઞાચક્ષુ બાળકીને શોધવા સૂચના અપાઈ છે.**

## સ્માર્ટ સિટી ! : છેક છ દિવસ બાદ સીસીટીવીથી ગટર ચકાસી બાળકી શોધવા સૂચના!

અમદાવાદમાં નિયમ મુજબ દર છ મહિને તમામ પાણીની ટાંકીની સફાઈ થવી જોઈએ. પરંતુ અસારવાની ઘટના બાદ કેટલીક ટાંકીઓની દોઢ-બે વર્ષ સુધી સફાઈ ન કરાઈ હોવાનું બહાર આવ્યું હતું. જેને પગલે છેલ્લી ત્રણ બેઠકોથી દર વખતે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેને ટાંકીઓની સફાઈની સૂચના આપવી પડે છે. તેમ છતાં ૨૪૪ પૈકી હજી ૪૮ ટાંકીની સફાઈ કરાઈ નથી. તેમાંથી રોજ હજારો લોકોને પીવાના પાણીનું વિતરણ કરાય છે. બીજી તરફ નારોલ રોડ પર ગટરમાં ખાબકેલી બાળકીની આજે ૬ દિવસ બાદ પણ કોઈ ભાળ મળી નથી. સ્માર્ટ સિટીની ગુલબાંગો હાંકતા મ્યુનિ. પાસે બાળકીને શોધવાના તકીનીકી સંસાધનો જ નથી! તેવામાં આજે રહી રહીને હવે સ્થાયી સમિતિ દ્વારા બે દિવસમાં સીસીટીવી કેમરાથી પીરાણા પમ્પિંગ સ્ટેશનથી નદીમાં ડિસ્ચાર્જ પોઈન્ટ સુધી દોઢેક કિલોમીટરની ડ્રેનેજ લાઈન ચકાસી બાળકીને શોધવા સૂચના અપાઈ છે. ઉપરાંત તહેવારોમાં ભેળસેળિયા તત્વો બેફામ બનતા હોય દશેરા નિમિત્તે ફાફડા-જલેબીની દુકાનો અને સ્ટોલમાં સઘન તપાસ કરી નમૂના લઈ ગુણવત્તા ચકાસવા ફૂડ વિભાગને તાકીદ કરાઈ છે.
















## જાહેર નોટિસ

આથી અમારા અસીલ બાબુભાઈ આશાભાઈ પટેલ તથા અંજનાબેન બાબુભાઈ પટેલ બંને રહેવાસી - એસ્ટર-૧, શુકન-૬ ફલેટ, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદનાઓની સુચના અને ફરમાઈશથી જાહેર જનતાને જણાવવાનું કે, તેઓનો પુત્ર જયમીન બાબુભાઈ પટેલ કૌટુંબિક જવાબદારી અદા કરતા નથી કે કુટુંબ પરીવાર માટે કોઈ આર્થિક/સામાજીક કામગીરી કરતા નથી અને તે કુટુંબને આર્થિક તથા સામાજીક રીતે નુકશાન કરી રહેલા છે અને તે અમારા અસીલોના કહ્યામાં ન હોઈ અને તે છેલ્લા ઘણા સમયથી અલગ રહે છે અને તેનો અમારા અસીલની કોઈપણ સ્થાવર કે જંગમ મિલકતમાં હક્ક હિસ્સો નથી માટે તેની સાથે અંગત રીતે અમારા નામથી કે કુટુંબના કોઈ સભ્યના નામથી નાણાંની માંગણી કરે તો પણ કોઈપણ વ્યક્તિએ નાણાંકીય કે બિનનાણાંકીય વ્યવહાર કરવા નહિ અને તેવા કોઈ વ્યવહાર કરશો/કરેલ હોય તો તે જે તે વ્યક્તિની અંગત જવાબદારી રહેશે જે અમોના અસીલને બંધનકર્તા રહેશે નહિ, તેમછતાં કોઈપણ વ્યક્તિ અમોના અસીલ પાસે રકમની માંગણી કરવા આવશે તો તેવા વ્યક્તિ વિરૂધ્ધ અમારા અસીલ કાયદેસરની કાર્યવાહી કરશે, જેની નોંધ લેશો.

તારીખ:- ૧૬ -૧૦-૨૦૨૬

**અતુલકુમાર.કે.પટેલ એડવોકેટ,**
**મીત પી. પટેલ એડવોકેટ,**
૨૧૨-૨૧૪, ડ્રીમ રાઈઝ કોમ્પલેક્ષ, હેતાર્થ પાર્ટી પ્લોટની પાસે, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ.
મો- ૯૯૯૮૯૩૧૫૮૩, ૯૯૨૪૨૩૧૨૪૩, ૯૮૨૪૮૩૩૨૯૧

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે શ્રી ભદ્રેશભાઈ નવીનચંદ્ર દેસાઈ, રહેવાસી-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની ટી. પી સ્કીમ નંબર-૧૮ ના ફાઈનલ પ્લોટ નંબર-૩૭ (જુના બ્લોક/સર્વે નંબર-૨૪૭) ની ૩૦૯૯ ચોરસમીટરના ક્ષેત્રફળની બીનખેતી થયેલી જમીનમાં આવેલી "દેવ વિહાર-૨" નામની સ્કીમમાં આવેલા જુદા-જુદા બંગલાઓ પૈકી બંગલા/સબપ્લોટ નંબર-૧ ની ૫૨૨.૫૭ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન તથા તેમાની બંગલાના બાંધકામવાળી મિલ્કત, જેને સીટી સર્વે રેકર્ડ મુજબ સીટી સર્વે વોર્ડ ટી. પી.૩૭ થલતેજમાં શીટ નંબર-૧૭, સીટી સર્વે નંબર-૧૭૦૦૧૨ આપવામાં આવેલો છે તથા સ્કીમમાં આવેલા આંતરીક રોડ-રસ્તા તથા કોમન પ્લોટની સીટી સર્વે નંબર-૧૭૦૦૧૦ ની કુલ ૩૫૩.૩૩ ચોરસમીટર જમીન પૈકી વગર વહેંચાયેલી ૬૭.૪૩ ચોરસમીટર જમીનમાંના હકકો તથા સ્કીમની કોમન સ્થવાર-જંગમ મિલ્કતોમાના હકકો, તે રીતેની મિલ્કત તેમની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનુ જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના જમીનમાલીકના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામા નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં.

તારીખ : ૧૫-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે સોનિયા દિપક પટેલ, રહેવાસી-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની ટી. પી સ્કીમ નંબર-૧૮ ના ફાઈનલ પ્લોટ નંબર-૩૭ (જુના બ્લોક/સર્વે નંબર-૨૪૭) ની ૩૦૯૯ ચોરસમીટરના ક્ષેત્રફળની બીનખેતી થયેલી જમીનમાં આવેલી "દેવ વિહાર-૨" નામની સ્કીમમાં આવેલા જુદા-જુદા બંગલાઓ પૈકી બંગલા/સબપ્લોટ નંબર-૩ ની ૪૬૧.૫૪ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન તથા તેમાની બંગલાના બાંધકામવાળી મિલ્કત, જેને સીટી સર્વે રેકર્ડ મુજબ સીટી સર્વે વોર્ડ ટી. પી.૩૭ થલતેજમાં શીટ નંબર-૧૭, સીટી સર્વે નંબર-૧૭૦૦૦૧ આપવામાં આવેલો છે તથા સ્કીમમાં આવેલા આંતરીક રોડ-રસ્તા તથા કોમન પ્લોટની સીટી સર્વે નંબર-૧૭૦૦૧૦ ની કુલ ૩૫૩.૩૩ ચોરસમીટર જમીન પૈકી વગર વહેંચાયેલી ૫૯.૪૬ ચોરસમીટર જમીનમાંના હકકો તથા સ્કીમની કોમન સ્થવાર-જંગમ મિલ્કતોમાના હકકો, તે રીતેની મિલ્કત તેમની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનુ જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના જમીનમાલીકના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામા નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં.

તારીખ : ૧૫-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, "મેસર્સ ઓઝોન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક' નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના ભાગીદારો, (૧) શ્રી જયેશકુમાર કાંતિલાલ પટેલ, (૨) શ્રી પ્રણયકુમાર કાંતિલાલ પટેલ, તથા (૩) શ્રી દિપક મણીલાલ પટેલ, ઠેકાણુ-૩૦૧/૧, પાર્શ્વ ટાવર, રાજપથ કલબની સામે, એસ. જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૫૪ નાએ જીલ્લા અમદાવાદના તાલુકા બાવળાના ગામ મોજે ચિયાડાની સીટી સર્વે રેકર્ડ મુજબના સીટી સર્વે ઓફિસ : ધોળકાના સીટી સર્વે વોર્ડ ચિયાડા (બીનખેતી) ના એકત્રીત સીટી સર્વે નંબર- NA148 (જુના સીટી સર્વે નંબર-NA176, NA174,વિગેરે) ની કુલ ૩૮૯૭૭૦ ચોરસમીટરના ક્ષેત્રફળની ઔદ્યોગિક હેતુ સારૂ બીનખેતી થયેલી જમીનમાં મૂકવામાં આવેલી "ઓઝોન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-૩'નામની સ્કીમમાંના સબપ્લોટ નંબર-૩૧ ની ૬૨૦૬.૬૯ ચોરસમીટર (નેટ એરીયા), તથા સી.પી.-૩૧ (પાર્કીંગ) ની ૩૮૫.૧૦ ચોરસમીટર, મળી કુલ ૬૫૯૧.૭૯ ચોરસમીટરના ક્ષેત્રફળની ઔદ્યોગિક હેતુ સારૂ બીનખેતી થયેલી જમીન કે જે (૧) રીસર્વે પછીના બ્લોક/સર્વે નંબર-૧૭૬ તથા તે આગાઉના જુના બ્લોક નંબર-૪૪૪ ની કુલ ૯૨૮૩ ચોરસમીટર પૈકીની જમીન, તથા (૨) રીસર્વે પછીના બ્લોક/સર્વે નંબર-૧૭૪ તથા તે આગાઉના જુના બ્લોક નંબર-૪૪૩ ની કુલ ૨૩૪૯૩ ચોરસમીટર પૈકીની જમીનમાંથી બનેલી છે, અને તે સબપ્લોટ નંબર-૩૧ ની જમીનને હાલમાં સીટી સર્વે નંબર-NA148/ પ્લોટ.૩૧+કોમન.પાર્કીંગ.૩૧ ની કુલ ૬૫૯૧.૭૯ ચોરસમીટર જમીન ફાળવાયેલી છે, તે જમીન સદરહુ ભાગીદારી પેઢીની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત ભાગીદારી પેઢીના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં. તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૧૫-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦,

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે (૧) ગાંડાજી સોનાજી (૨) કાનાજી સોનાજી (૩) નાથીબેન ડાહયાજી ઠાકોર (૪) ગનાજી ડાહયાજી ઠાકોર (૫) ભીખીબેન ડાહયાજી ઠાકોર તથા (૬) દેવાભાઈ ડાહયાજી ઠાકોર, સર્વે ઠેકાણું-ગામ ગરોડીયા, તાલુકો-સાણંદ, જીલ્લો-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા સાણંદના ગામ મોજે ગરોડીયાના નવા સર્વે/બ્લોક નંબર-૭૪૫ (જુના સર્વે/બ્લોક નંબર-૧૩૮/૨) ની ખાતા નંબર-૧૫૫ ધરાવતી કુલ ૩૩૦૨ ચોરસમીટરના ક્ષેત્રફળની રહેઠાણના હેતુ સારૂ બીનખેતી થયેલી જમીન તેઓની સંપુર્ણ, સ્વતંત્ર, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલિકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૧૫-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦,

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે (૧) શ્રી શ્રેણીક જે. શાહ, તથા (૨) શ્રીમતી તૃપ્તી શ્રેણીક શાહ, બંને રહેવાસી-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની ટી. પી સ્કીમ નંબર-૧૮ ના ફાઈનલ પ્લોટ નંબર-૩૭ (જુના બ્લોક/સર્વે નંબર-૨૪૭) ની ૩૦૯૯ ચોરસમીટરના ક્ષેત્રફળની બીનખેતી થયેલી જમીનમાં આવેલી "દેવ વિહાર-૨" નામની સ્કીમમાં આવેલા જુદા-જુદા બંગલાઓ પૈકી બંગલા/સબપ્લોટ નંબર-૫ ની ૩૮૪.૬૧ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન તથા તેમાની બંગલાના બાંધકામવાળી મિલ્કત, જેને સીટી સર્વે રેકર્ડ મુજબ સીટી સર્વે વોર્ડ ટી. પી.૩૭ થલતેજમાં શીટ નંબર-૧૭, સીટી સર્વે નંબર-૧૭૦૦૦૯ આપવામાં આવેલો છે તથા સ્કીમમાં આવેલા આંતરીક રોડ-રસ્તા તથા કોમન પ્લોટની સીટી સર્વે નંબર-૧૭૦૦૧૦ ની કુલ ૩૫૩.૩૩ ચોરસમીટર જમીન પૈકી વગર વહેંચાયેલી ૪૯.૩૯ ચોરસમીટર જમીનમાંના હકકો તથા સ્કીમની કોમન સ્થવાર-જંગમ મિલ્કતોમાના હકકો, તે રીતેની મિલ્કત તેઓની સંપુર્ણ, સ્વતંત્ર, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનુ જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના જમીનમાલીકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામા નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં.

તારીખ : ૧૫-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે (૧) શ્રીમતી ખ્યાતી ઉર્વીન વ્યાસ, તથા (૨) શ્રી ઉર્વીન શીવપ્રસાદ વ્યાસ, બંને રહેવાસી-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની ટી. પી સ્કીમ નંબર-૧૮ ના ફાઈનલ પ્લોટ નંબર-૩૭ (જુના બ્લોક/સર્વે નંબર-૨૪૭) ની ૩૦૯૯ ચોરસમીટરના ક્ષેત્રફળની બીનખેતી થયેલી જમીનમાં આવેલી "દેવ વિહાર-૨" નામની સ્કીમમાં આવેલા જુદા-જુદા બંગલાઓ પૈકી બંગલા/સબપ્લોટ નંબર-૨ ની ૩૮૩.૭૭ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન તથા તેમાની બંગલાના બાંધકામવાળી મિલ્કત, જેને સીટી સર્વે રેકર્ડ મુજબ સીટી સર્વે વોર્ડ ટી. પી.૩૭ થલતેજમાં શીટ નંબર-૧૭, સીટી સર્વે નંબર-૧૭૦૦૧૧ આપવામાં આવેલો છે તથા સ્કીમમાં આવેલા આંતરીક રોડ-રસ્તા તથા કોમન પ્લોટની સીટી સર્વે નંબર-૧૭૦૦૧૦ ની કુલ ૩૫૩.૩૩ ચોરસમીટર જમીન પૈકી વગર વહેંચાયેલી ૪૯.૩૩ ચોરસમીટર જમીનમાંના હકકો તથા સ્કીમની કોમન સ્થવાર-જંગમ મિલ્કતોમાના હકકો, તે રીતેની મિલ્કત તેઓની સંપુર્ણ, સ્વતંત્ર, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનુ જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના જમીનમાલીકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામા નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં.

તારીખ : ૧૫-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે (૧) શ્રી ચતુરભાઈ બી. કોટડીયા, તથા (૨) શ્રીમતી ગીતાબેન સી. કોટડીયા, બંને રહેવાસી-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની ટી. પી સ્કીમ નંબર-૧૮ ના ફાઈનલ પ્લોટ નંબર-૩૭ (જુના બ્લોક/સર્વે નંબર-૨૪૭) ની ૩૦૯૯ ચોરસમીટરના ક્ષેત્રફળની બીનખેતી થયેલી જમીનમાં આવેલી "દેવ વિહાર-૨" નામની સ્કીમમાં આવેલા જુદા-જુદા બંગલાઓ પૈકી બંગલા/સબપ્લોટ નંબર-૬ ની ૫૫૫.૧૮ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન તથા તેમાની બંગલાના બાંધકામવાળી મિલ્કત, જેને સીટી સર્વે રેકર્ડ મુજબ સીટી સર્વે વોર્ડ ટી. પી.૩૭ થલતેજમાં શીટ નંબર-૧૭, સીટી સર્વે નંબર-૧૭૦૦૧૩ આપવામાં આવેલો છે તથા સ્કીમમાં આવેલા આંતરીક રોડ-રસ્તા તથા કોમન પ્લોટની સીટી સર્વે નંબર-૧૭૦૦૧૦ ની કુલ ૩૫૩.૩૩ ચોરસમીટર જમીન પૈકી વગર વહેંચાયેલી ૭૧.૮૨ ચોરસમીટર જમીનમાંના હકકો તથા સ્કીમની કોમન સ્થવાર-જંગમ મિલ્કતોમાના હકકો, તે રીતેની મિલ્કત તેઓની સંપુર્ણ, સ્વતંત્ર, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની (આઈ.સી.આઈ.સી.આઈ. બેંકના બોજાને આધિન) બોજારહીત હોવાનુ જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના જમીનમાલીકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર (આઈ. સી. આઈ. સી. આઈ. બેંક સિવાય) જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામા નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં.

તારીખ : ૧૫-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

## જાહેર નોટિસ

અમદાવાદ જિલ્લા/સબ-જિલ્લાના સાબરમતી તાલુકાના મોજે કોચરબ, ટી.પી. સ્કીમ નં. ૩/૬, ફાઇનલ પ્લોટ નં. ૬૪૦ પરની "ગિરિરાજ પાર્ક" યોજનાના સબ પ્લોટ નં. ૧૮, બ્લોક નં. ૧૮/બીની ૨૬૦ ચો.મી. જમીન તથા તેના પરના ૪૭૬.૪૯ ચો.મી. રહેણાંક બાંધકામવાળી મિલકતના માલિક શ્રી જયંતભાઈ ચીમનલાલ શેઠ (રહે. અમદાવાદ) જણાવે છે કે આ મિલકતનો કબજો અને ભોગવટો તેમનો છે. તેમાં અન્ય કોઈનો હક્ક, હિસ્સો કે ભાડૂઆત હક્ક નથી. તેના પર કોઈ વ્યક્તિ, બેંક કે નાણાકીય સંસ્થાનો બોજો નથી. તેને લગતો કોઈ દાવો પણ ચાલુ નથી. આ આધારે તેમણે ટાઇટલ ક્લિયર અને માર્કેટેબલ હોવાનું પ્રમાણપત્ર માગ્યું છે. આ મિલકતમાં કોઈનો કોઈપણ હક્ક, હિસ્સો કે બોજો હોય, અથવા પ્રમાણપત્ર આપવા સામે વાંધો હોય, તો આ નોટિસ પ્રસિદ્ધ થયાના ૭ દિવસમાં લેખિત પુરાવા સાથે નીચેના સરનામે રજી. એ.ડી.થી જાણ કરવી. મુદત બાદ કોઈનો હક્ક નથી, અથવા હોય તો જતો કરેલ છે, તેમ માની પ્રમાણપત્ર આપવામાં આવશે. ત્યારબાદ કોઈ વાંધો માન્ય રહેશે નહીં.

સ્થળ:- અમદાવાદ
તારીખ : ૧૫-૧૦-૨૦૨૬

**અમારી મારફતે,**
**વિશાલ કાંતિલાલ શાહ, એડવોકેટ,**
**B.Com, LL.B, LL.M**
**અજરામર લીગલ એસોસિએટ્સ**
૭, શિવાલિક પ્લાઝા, અજરામર હાઉસ, IIM રોડ, આંબાવાડી, અમદાવાદ.
મો. ૯૯૭૯૮-૭૭૧૩૩

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના સબ-ડીસ્ટ્રીક્ટ તથા તાલુકો કલોલના મોજે ગામ-નાસ્મેદની સીમના ખાતા નં.૧૫૫૫ના પ્રમોલગેશન બાદના બ્લોક/સર્વે નંબર-૨૧૬(જુનો બ્લોક/સર્વે નં.૧૩૨/૧)ની કુલ ૩૩૬૬ ચોરસમીટરવાળી ખેતીની જમીન નિખીલકુમાર રમેશચંદ્ર પટેલ (૩૩ ટકાના હીસ્સેદાર) તથા જાનકી દિલીપકુમાર પટેલ (૬૭ ટકાના હીસ્સેદાર)નાઓની કુલ સંપુર્ણ, સ્વતંત્ર, સંયુક્ત માલિકી અને કબજા ભોગવટાની જમીન તમામ પ્રકારના બોજાઓ રહીત અને માર્કેટેબલ હોવાનું જણાવી સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની અમારી પાસેથી માંગણી કરેલ છે. ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો યા હક્ક દાવો આવેલો હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૧૦ માં પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો કોઈ હક્કો આવેલા નથી અને આવેલ હોય તો જતા (વેઈવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે. ત્યારબાદ કોઈની તકરાર વાંધો ચાલશે નહી. જેની ગંભીર નોંધ લેશો.

**R. K. PATEL CHAMBER OF LAW,**
**ઋતુલ કિરીટભાઈ પટેલ (એડવોકેટ)**
**ઉમંગ એમ. દેસાઈ (એડવોકેટ)**
**મુજાહીદ એ. મોમીન (એડવોકેટ)**
**મહેશ બી. ઠાકોર (એડવોકેટ)**
ઓફીસ- ૩૦૬, વીંગ-સી, થર્ડ ફ્લોર, આરોહી ગેલેરીયા, ગાલા જીમખાના રોડ, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮
મો.-૯૬૩૮૮૮૯૮૮૦

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૨ (નિકોલ) ના તાલુકા દશક્રોઈ ના મોજે બીલાસીયા ની સીમના ખાતા નં.૧૭૧ માં ચાલતા રિ-સર્વે/બ્લોક નં.૨૭૦ (જુના સર્વે નં. ૨૨બ) ની ૦-૯૪-૬૭ હે.આરે.ચો.મી., આકાર રૂા.૪.૬૬ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન બુધાજી પ્રહલાદજી, અમાજી પ્રહલાદજી, વિષ્ણુજી પ્રહલાદજી નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તે પૈકી ૦-૪૭-૫૬ હે.આરે.ચો.મી. જમીન તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**દિનેશ બી. પટેલ, એડવોકેટ**
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફલોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, "મેસર્સ નેસ્ટ પશુપતિ ઈન્ફ્રા" નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના અધિકૃત ભાગીદાર, શ્રી અંકીતભાઈ કાંતિભાઈ પટેલ, ઠેકાણુ-૧, બીજોમાળ, એમરલ્ડ, ચોઈસ રેસ્ટોરન્ટની પાસે, આદિત્ય બિલ્ડીંગની સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯ નાએ જીલ્લા અને તાલુકા ગાંધીનગરના ગામ મોજે કોબાના સર્વે નંબર-૧૫૮/૨/૦૦૨ (જુના સર્વે નંબર-૧૫૮/૨) ની ખાતા નંબર-૧૨૨૨ ધરાવતી કુલ ૪૭૫૬ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૦૨ (કોબા-કુડાસણ)માં ફાઈનલ પ્લોટ નંબર-૮૯/૨ ની કુલ ૩૦૯૧ ચોરસમીટર જમીન ફાળવાયેલી છે, તે બીનખેતી થયેલી જમીન સદરહુ ભાગીદારી પેઢીની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત ભાગીદારી પેઢીના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં. તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૧૫-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦,

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે (૧) શ્રી ભરતભાઈ કે. ગઢીયા, તથા (૨) શ્રીમતી ઉષાબેન બી. ગઢીયા, બંને રહેવાસી-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની ટી. પી સ્કીમ નંબર-૧૮ ના ફાઈનલ પ્લોટ નંબર-૩૭ (જુના બ્લોક/સર્વે નંબર-૨૪૭) ની ૩૦૯૯ ચોરસમીટરના ક્ષેત્રફળની બીનખેતી થયેલી જમીનમાં આવેલી "દેવ વિહાર-૨" નામની સ્કીમમાં આવેલા જુદા-જુદા બંગલાઓ પૈકી બંગલા/સબપ્લોટ નંબર-૪ ની ૪૩૭.૪૧ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન તથા તેમાની બંગલાના બાંધકામવાળી મિલ્કત, જેને સીટી સર્વે રેકર્ડ મુજબ સીટી સર્વે વોર્ડ ટી. પી.૩૭ થલતેજમાં શીટ નંબર-૧૭, સીટી સર્વે નંબર-૧૭૦૦૦૨ આપવામાં આવેલો છે તથા સ્કીમમાં આવેલા આંતરીક રોડ-રસ્તા તથા કોમન પ્લોટની સીટી સર્વે નંબર-૧૭૦૦૧૦ ની કુલ ૩૫૩.૩૩ ચોરસમીટર જમીન પૈકી વગર વહેંચાયેલી ૫૬ ચોરસમીટર જમીનમાંના હકકો તથા સ્કીમની કોમન સ્થવાર-જંગમ મિલ્કતોમાના હકકો, તે રીતેની મિલ્કત તેઓની સંપુર્ણ, સ્વતંત્ર, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનુ જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના જમીનમાલીકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામા નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં.

તારીખ : ૧૫-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

## જાહેર નોટિસ

જત ડિસ્ટ્રિક્ટ સબડિસ્ટ્રિક્ટ ગાંધીનગર, તાલુકો ગાંધીનગર ના મોજે શેરથાની સીમના ખાતા નં. ૨૩૬૧ માં ચાલતા સર્વે/બ્લોક નં. ૮૯૯ (જુનો સર્વે/બ્લોક નં. ૧૫૦૨/બ) ની ૩૦૯૨ ચો.મી., આકાર રૂ. ૧.૭૫ વાળી જૂની શરતની ખેતીની જમીન રબારી વિષ્ણુભાઈ લીલાભાઈ અને રબારી લીલાભાઈ રામજીભાઈ ની સયુંકત માલિકી અને કબજા ભોગવટાનુ હોવાનું જણાવી મજકુર જમીન અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની અમારી પાસે માંગણી કરેલ છે તો જે વ્યક્તિ કે જેને આ જમીનમાં કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિસ્સો, બોજો, વિગેરે ધરાવતા હોય તો, તેમણે તે અંગેની લેખિત જાણ દિન-૭માં લેખિત પુરાવા સહીત નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો આ જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિસ્સો કે બોજો નથી અને જો હોય તો તે જતો કરેલ છે તેમ માની આ જમીન અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપી દેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ જેની નોંધ લેવી.

અમદાવાદ તા. ૧૫.૧૦.૨૦૨૬

**મહેશ જી. પટેલ**
**વિવેક એમ. હિરપરા, એડવોકેટસ**
ટી-૧, સત્યમ પ્લાઝા, ત્રીજો માળ, રસપાન ડી- માર્ટ રોડ, નિકોલ, અમદાવાદ- ૩૮૨૩૫૦
મો. નં. ૯૮૨૫૦ ૩૨૨૫૪
મો. નં. ૯૬૦૧૫ ૧૬૪૮૪

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીક્ટ અમદાવાદ રજી. સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૦ (વેજલપુર) ના તા.- વેજલપુર (જુના તા.સીટી) ના ગામ- વેજલપુર ના રેવન્યુ ના ખાતા નં.૨૦૩૮, સર્વે નં. ૧૧૯૭/૨ (જુના સર્વે નં. ૧૧૯૭), ટી.પી. સ્કીમ નં.- ૪ નાં ફા.પ્લોટ નં.- ૪ ની બીનખેતીની જમીનમાં આવેલ 'ન્યુ રામકૃષ્ણ કો.ઓ.હા.સો.લી.' ના પ્લોટ નં.-ડી (સોસાયટીના રેકર્ડ મુજબ પ્લોટ નં.૨૨) ની કુલ ૪૩૬.૭૦ સ.ચો.વાર યાને ૩૬૫.૧૨ સ.ચો.મી. ક્ષેત્રફળની ખુલ્લા પ્લોટ વાળી જમીન/મિલ્કત તથા સોસાયટીના સભાસદ તરીકેના મળવાપાત્ર સહિયારા હક્કો અધિકારો સહીતની ખુલ્લા પ્લોટ વાળી જમીન/મિલ્કત (૧) મનીષાબેન સુરેશભાઈ શાહ (૨) જ્યોતીબેન પિયુશભાઈ પારેખ તથા (૩) ઈન્દુબેન ઉર્ફે અતુલાબેન અનંતરાય પારેખ નાઓએ તેઓની સ્વપાર્જીત, સહિયારી માલિકી કબ્જા ભોગવટાની કોઇના કોઈપણ જાતના બોજા સિવાય ની હોવાની જણાવી અમારી પાસે સદરહુ મિલ્કત/જમીન ના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે આથી સદરહુ મિલ્કત/જમીન ઉપર કોઇનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો પોષાતો હોય તો તે અંગે દિન-૭ (સાત) માં લેખીત પુરાવા સહીત સ્પીડ પોસ્ટ દ્વારા નીચે જણાવેલ સરનામે જાણ કરવી, અન્યથા સદરહુ મિલ્કત/જમીન પર કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો કે કોઈપણ પ્રકારના હક્કો પોષાતા નથી અને જો પોષાતો હોય તો તે તમામ જતો(વેવ) કરેલ છે, તેમ માની લઈ સદરહુ મિલ્કત/જમીન ના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

**અનિલ બી. વ્યાસ**
**એડવોકેટ**
ઓફિસ/રહે.- એ/૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, ઐશ્વર્ય એપાર્ટમેન્ટ, સ્ટાર બઝાર સામે, રત્નાકર પ્રિસ્ટીન નજીક, અવિ બંગલોઝ પાસે, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો.નં.-૯૮૨૫૫૭૫૫૪૦

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ તથા તાલુકા ધોળકાનાં ગામ મોજે નાનીબોરુની સીમનાં સર્વે નંબર-૨૫૯ (જુના સર્વે નંબર- ૧૨૩)નાં ખાતા નંબર- ૮૭૭ નાં ક્ષેત્રફળ-૨૭૦૯૨ સમચોરસમીટર જુની શરતની ખેતીની જમીન, (૧) વનરાજસિંહ જીવાભાઈ પઢીયાર, (૨) મનહરબા તે વનરાજસિંહ જીવાભાઈ પઢીયારના પત્ની તથા (૩) મીતરાજસિંહ વનરાજસિંહએ તેઓનાં સંયુક્ત માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં તથા તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી (૧) કિશોરકુમાર કરશનભાઈ પટેલ (૪૪% નાં ભાગીદાર), (૨) હરેશભાઈ ઈશ્વરદાન મોડ (૪૪% નાં ભાગીદાર) તથા (૩) બળવંતસંગ હેમતસંગ ગઢવી (૧૨% નાં ભાગીદાર)ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર- ૧૪૨૦, તારીખ- ૨૧/૦૨/૨૦૨૪ થી વેચાણ આપેલ તેમજ ઉપરોકત વેચાણ લેનારાઓ પૈકી કિશોરકુમાર કરશનભાઈ પટેલે સદરહુ જમીનમાં તેઓનો આવેલ તથા પોષાતો હક્ક હીસ્સો બળવંતસંગ હેમતસંગ ગઢવીની તરફેણમાં જતો કરી તે અંગેનો અવેજી રીલીઝ દસ્તાવેજ નંબર-૬૬૩૦, તારીખ- ૦૩/૦૯/૨૦૨૫ થી નોંધાવીને કરી આપતા અમારા અસીલ બળવંતસંગ હેમતસંગ ગઢવી, રહેવાસી : ૨-૩૨, ગઢવી વાસ, ઢેઢાલ, બાવળા, અમદાવાદનાંએ અમારી પાસે ઉપરોકત જમીનનાં ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ભરણપોષાણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર કે ફાઈનાન્સર તરીકે કે બાનાખત કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજૂતી કરાર, હુકમનામું કે અન્ય કોઈ લખાણ હેઠળ કે કોર્ટ કાર્યવાહી હેઠળ કે કુટુંબના સભ્ય કે વારસદાર તરીકે કે બીજી કોઈપણ રીતે ઉપરોકત જમીન પર હક્ક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવાની સર્ટીફાઈડ નકલ સાથે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)ની અંદર નીચેના સરનામે રજી. એ.ડી.થી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદત વિત્યે ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની આથી નોંધ લેવી.

તારીખ : ૧૫/૧૦/૨૦૨૬,
ફાઈલ નંબર- ૨૩૯૭૩/૩

**B R PATEL & Co.**
**Advocates, Solicitors & Corporate Attorney's**
15, Dolly apartment, Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : 26466400, 26466401

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ધર્મેન્દ્રભાઈ મનુભાઈ, રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા ધોળકાના ગામ મોજે ગાણોલની સીમના (૧) રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૩૦૯(જુના સર્વે/બ્લોક નંબર-૧૪૪ પૈકી )ના ખાતા નંબર-૫૨૯ની હે-આરે- ચોમી ૧-૭૨-૮૨ યાને કે ૧૭૨૮૨ ચોરસમીટરની ખેતીની જમીન (૨) રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૩૧૬(જુના સર્વે/બ્લોક નંબર-૧૪૮ )ના ખાતા નંબર-૫૩૧ની હે-આરે-ચોમી ૩-૮૬-૭૯ યાને કે ૩૮૬૭૯ ચોરસમીટરની ખેતીની જમીન પૈકી વણ વહેંચાયેલ હિસ્સાની હે-આરે-ચોમી ૨-૩૭-૮૦ યાને કે ૨૩૭૮૦ ચોરસમીટરની ખેતીની જમીન તથા (૩) રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૩૧૭ (જુના સર્વે/બ્લોક નંબર-૧૪૩ પૈકી ૨ )ના ખાતા નંબર-૫૨૮ની હે-આરે-ચોમી ૧-૩૨-૫૫ યાને કે ૧૩૨૫૫ ચોરસમીટરની ખેતીની જમીન. એ રીતે ઉપરોકત જમીનો તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીનો અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીનો અંગેના ઉપરોક્ત જમીનમાલિકોના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકોનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીનો ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીનો ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનોના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનોના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૧૫-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

<u>દુબઈની ઘટના બાદ ફ્રાન્સની એરલાઈન્સનો નિર્ણય</u>

# એરફ્રાન્સનો પાકિસ્તાન સહિત ૩૧ દેશોના પાયલટ-ક્રૂ મેમ્બર્સ પર પ્રતિબંધ

પેરિસ, તા. ૧૫

**ફ્લાઈદુબઈની ઘટના પછી એરફ્રાન્સને ઈઝરાયલની સરકારે સૂચના આપી હતી કે અમુક દેશોના નાગરિકોને ઈઝરાયલની ફ્લાઈટની ડ્યૂટી આપવામાં ન આવે. એ પછી એરફ્રાન્સે પાકિસ્તાન સહિતના ૩૧ દેશોના પાયલટ-ક્રૂ મેમ્બર્સ પર પ્રતિબંધ મૂકી દીધો છે.**

## એરફ્રાન્સની ઈઝરાયલ જતી ફ્લાઈટમાં ૩૧ દેશોના પાયલટ, કો-પાયલટ, ક્રૂ મેમ્બર્સને ડ્યૂટી નહીં મળે

કટ્ટર ધાર્મિક માન્યતાના કારણે ઈઝરાયલ પર હુમલાનું ષડયંત્ર રચનારા ફ્લાઈદુબઈના કો-પાયલટનું ષડયંત્ર ભારતીય પાયલટ સ્મિત મચ્છરના કારણે નાકામ રહ્યું હતું. એ ઘટના પછી ઈઝરાયલની સરકારે એરફ્રાન્સ એરલાઈન્સને ધર્મના આધારે અમુક દેશોના નાગરિકોને પાયલટ, કો-પાયલટ કે ક્રૂ મેમ્બર્સની ડ્યૂટી ન સોંપવાની તાકીદ કરી હતી. એ પછી હવે એરફ્રાન્સે પાકિસ્તાન, અલ્જીરિયા, ટ્યૂનિશિયા, ઈરાન, ઓમાન, સાઉદી, નાઈજીરિયા સહિત કુલ ૩૧ દેશોના નાગરિકો પર ઈઝરાયલની ફ્લાઈટમાં ડ્યૂટી પર પ્રતિબંધ મૂકી દીધો છે.

ઈઝરાયલ જતી એક પણ ફ્લાઈટમાં આ ૩૧ દેશોના નાગરિકોને ડ્યૂટી સોંપવામાં આવશે નહીં. આ જાહેરાત પછી ઘણાં દેશોએ તેને ભેદભાવપૂર્ણ વર્તન ગણાવીને ટીકા પણ કરી હતી.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે,જત ડિસ્ટ્રીકટ અમદાવદા સબ ડિસ્ટ્રીકટ દસ્ક્રોઇ તાલુકાના મોજે ગીરમથા ગામ ની સીમના ખાતા નંબર - ૩૧૭ ના રી/સર્વે નંબર.- ૬૨૮/પૈકી ૧ (જુનો સર્વે નં - ૫૨૦) ની હે.આરે.ચો.મી. ૨-૮૦-૯૨ પૈકી અમો વેચાણ આપનારના હિસ્સાની હે.આરે.ચો.મી. ૧-૪૦-૪૬ યાને ૧૪૦૪૬ ચો.મી આકાર રૂા. ૪૨.૩૬ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન મહેશભાઇ પૂંજાભાઇની સંયુકત માલીકી કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અંગે ટાઇટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે.સદરહુ જમીન અમોએ ટાઇટલ કલીયરથી વેચાણ કરેલ છે જેથી સદરહુ જમીન સંબંધે કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હિત, હિસ્સો પોષાતો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત)માં તે બાબતના દસ્તાવેજી પુરાવાઓ સહિત રજી. એડી થી નીચેના સરનામે જાણ કરવી અને તેમ કરવામાં નહી આવ્યેથી સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હિત, હિસ્સો રહેલો નથી તેમ સમજી સદરહુ મિલકતનું ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઈપણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહી.

અમદાવાદ તારીખ - ૧૫/૧૦/૨૦૨૬

**મારી મારફતે**
**દેસાઇ સંજયકુમાર જેસંગભાઇ (એડવોકેટ )**
૧, શુભલક્ષ્મી કોમ્પલેક્ષ,જુના અમદાવાદ રોડ, બારેજા, તા.- દસ્ક્રોઈ, જી.- અમદાવાદ - ૩૮૨૪૨૫
મો.- ૯૧૭૩૨૦૫૯૬૧

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા વિરમગામના ગામ મોજે ઓગાણની સીમના બ્લોક નંબર-૧૫૨ ની કુલ ૩૫૮૧૫ ચોરસમીટર જમીન પૈકી વગર વહેંચાયેલ ૪૭૫૬ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન મેહુલભાઇ બળદેવભાઇ પટેલે તેઓની સંપૂર્ણપણે સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઇલ નંબર-૧૦૧૬૯
તારીખ : ૧૬-૧૦-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ મહેસાણા સબ-ડિસ્ટ્રીકટ તથા તાલુકા મહેસાણા ના ગામ મોજે વડસ્મા ની સીમના ખાતા નંબર -૨૩૮ ના બ્લોક/સર્વે નં.- ૧૯૯૮(જુના બ્લોક/સર્વે-૧૮૫૨) ની કુલ હે.આરે.ચો.મી. ૦-૩૩- ૬૭ ચો.મી.ના ક્ષેત્રફળની આકાર રૂા.૧.૧૩ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન (૧)સ્વ. પ્રતાપજી ચુંથાજી ઠાકોરના સીધીલીટીના વારસદાર(૧.૧)જીવીબેન પ્રતાપજી ઠાકોર(૧.૨)સીતાબેન પ્રતાપજી ઠાકોર(૧.૩)કનુજી પ્રતાપજી ઠાકોર(૧.૪)ખોડાભાઇ પ્રતાપજી ઠાકોર(૨)અજમલજી ચુંથાજી ઠાકોર(નિર્વસ મૈયત)(૩)ચેહરાજી ચુંથાજી ઠાકોર ની કુલ સયુંકત માલીકી અને કબજા ભોગવટાની તથા તમામ બોજાઓ રહીત હોવાનું જણાવીને અમારી પાસેથી સદરહુ મીલ્કતનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે.તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો હોય તો નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી જો તેમ કરવામાં નહીં આવે તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં તેની ગંભીર નોંધ લેવી.

**ધર્મેશ ડી. ભરવાડ(એડવોકેટ)**
**અનિરૂધ્ધ જે. જાદવ(એડવોકેટ)**
ઓફીસ: SF-208, પાર્કવ્યુ એકસચેન્જ, એસ.પી.રીંગ રોડ, ભાડજ સર્કલ, અમદાવાદ.
મો. નં. : ૯૫૫૮૦૩૦૪૯૧

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડાહ્યાભાઈ કાનજીભાઈ પટેલ, રહે.૩૮, હેપ્પી હોમ્સ, ત્રણ હનુભાઈ મંદિર રોડ, ડીસા, બનાસકાંઠા - ૩૮૫૫૩૫ નાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ - ડીસ્ટ્રીકટ તથા તાલુકા ધોલેરાના મોજે ગામ -મુંડીની સર્વે/બ્લોક નં. ૪૪૨ (જુનો સર્વે/બ્લોક નં. ૨૫૩ પૈકી) ના ખાતા નં.૭૦૦ની ૫૩૩૪૧ ચોરસમીટર પૈકી ૧૬૬૫૫.૫૦ચોરસમીટર બિનખેતીની જમીન તેઓની કુલ સ્વતંત્ર, માલીકી, કબજા, ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીન માલિકોના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીન માલિકોનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૧૫-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા સાણંદ નાં મોજે - ગોધાવી ગામની સીમમાં આવેલ સર્વે/બ્લોક નં. ૧૯૨/૨ ની કુલ ૯૧૧ ચોરસમીટર (ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૪૩૯ (ગોધાવી-નિધરાડ-ચેખલા) ના ફાઈનલ પ્લોટ નં. ૧૦૨ ની ૫૪૭ ચોરસમીટર) ખેતીની જમીન અમારા અસીલની કુલ સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની બોજા રહીત વેચાણને પાત્ર હોવાનું જણાવી તેઓએ સદરહુ જમીન પરત્વેનાં ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલનાં પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલ છે તો સદરહું જમીન ઉપર જો અન્ય કોઈપણ વ્યક્તિ, બેન્ક, પેઢી કે સંસ્થા ઈત્યાદીનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ (સાત) માં અમોને તે બદલનાં પુરાવાની સર્ટીફાઈડ નકલ સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી કરવી. (પુરાવા સિવાયનાં વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં) જો તેમ કરવામાં નહીં આવે તો સદરહું જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી અમો સદરહું જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરી આપીશું. જેની નોંધ લેવી.

તા. ૧૫-૧૦-૨૦૨૬

**મનોજ કે. સિંધવ, એડવોકેટ**
૩૦૧-૩૦૨, ઈલાઈટ, સપથ હેક્ષાની સામે, સોલા ઓવર બ્રીજની બાજુમાં, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ- ૩૮૦૦૬૦.
ઓફીસ ફોન નં. ૦૭૯-૩૫૮૫૯૩૧૪

## જાહેર નોટિસ

મોજે રેથલ, તા. સાણંદ, જી. અમદાવાદના બ્લોક નંઃ ૨૨૦/બી (જુના એકત્રિત બ્લોક નંઃ ૨૨૦) બ્લોક નં ૧૨૭, ૨૧૨, ૨૧૮, ૨૧૯, ૨૨૧, ૨૨૪, ૨૩૧, ૨૩૭, ૨૫૧, ૨૬૪, ૨૬૬, ૨૬૮, ૨૭૪, ૨૮૭, ૨૯૫, ૩૯૮, ૪૦૦, ૪૧૦, ૪૧૧, ૪૧૫, ૪૧૬, ૪૧૭, ૪૨૩ તથા ૪૨૪ ની જમીનમાં આવેલ ''સુરમ્ય એબોડ'' યોજનાના સબ પ્લોટ નં. એચએચ-૨૦ કે જેનો સુપર એરીયા ૪૦૦ ચો.વાર એટલે કે ૩૩૫ ચો.મીટર ક્ષેત્રફળવાળી મીલકત Engineer Bina Reginald, Engineer Roger Reginald તથા Engineer Shital Reginald ના સંયુક્ત કબજા ભોગવટાની તેમજ બોજાઓથી મુક્ત હોવાનું જણાવી ટાઈટલ ચકાસણીની કામગીરી અમોને સોંપેલી છે. સર્વે શખ્સો કે જેઓ વેચાણ, વારસો, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ કે બીજી કોઈપણ રીતે સદરહુ મીલકત પર હક્ક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન સાતની અંદર નીચેના સરનામે કરવી. નહિતર આવા હક્ક, દાવા કે અલાખા પર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય સદરહું મીલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે, ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.

તારીખઃ ૧૬/૧૦/૨૦૨૬

**વિજયસિંહ ઉદયસિંહ જાડેજા,**
**બી.કોમ., એલ.એલ.બી.,**
**એડવોકેટ એન્ડ નોટરી,**
૪૧૧-૪૧૨ સન સાઉથ ટ્રેડ, ગાલા જીમખાના રોડ, સાઉથ બોપલ, અમદાવાદ ૫૮ મો. ૯૮૨૫૯૩૪૧૫૫

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા ધોળકાનાં મોજે ગામ નાનીબોરૂની સીમના ખાતા નં.૭૭૫ ની રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે/બ્લોક નં.૮૯ (રી-સર્વે અગાઉનાં જુના સર્વે/બ્લોક નં.૯) વાળી હે.આરે.ચો.મી. : ૩-૧૭-૩૨, આકાર રૂા.૧૨-૨૫ પૈસાવાળી ખેતરની ખેતીની જમીન (૧) રાજેન્દ્રસિંહ અજીતસિંહ ઝાલા, (૨) મહેન્દ્રસિંહ જશુભાઈ પરમાર તથા (૩) સહદેવસિંહ પવનસિંહ ઝાલાએ તેઓની પોતપોતાના વણવ્હેંચાયેલ હિસ્સા મુજબની સહીયારી કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હકક-દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭ માં નીચેના સરનામે સ્પીડ પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હકકો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનનાં માલિકની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૧૬/૧૦/૨૦૨૬ અમદાવાદ

**મોદી લૉ એસોસીએટ્સ**
**મૌલીક દિલીપભાઈ મોદી**
**એડવોકેટ**
અમદાવાદ ઓફીસ : ૬૦૯-૬૧૪, છઠ્ઠો માળ, 'બી' બ્લોક, શીલ્પ કોર્પોરેટ પાર્ક, એરોન સ્પેકટ્રાની બાજુમાં, રાજપથ રંગોલી રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ટે.નં. : ૪૦૦૭૨૮૨૮ / ૪૦૦૭૧૯૨૮
ગાંધીનગર ઓફીસ : વેસ્ટ-૫૧૨, પાંચમા માળે, સિધ્ધરાજ ઝેડ સ્ક્વેર, ધી લેન્ડમાર્કની સામે, કુડાસણ, તા.જી. ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૪૨૧
ટે.નં. : ૯૫૧૦૦ ૬૭૪૫૩

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જી-અમદાવાદ, તાલુકા-સાણંદ, મોજે મણીપુર ની સીમના સીટી સર્વે નંબર-NA58 (બ્લોક નંબર-૫૮, રી-સર્વે પહેલાના બ્લોક નંબર- ૫૧૨) ની ૧૦૬૧ સમચો.મી. ના ક્ષેત્રફળવાળી બહુહેતુક ઉપયોગની પરવાનગી વાળી બીનખેતીની જમીન જયંતિભાઈ બેચરભાઈ પટેલ, રહેવાસીઃ ૧૪, અવિ બંગલો, સ્ટાર ઈન્ડીયા બજાર સામે, જોધપુર, અમદાવાદની સ્વતંત્ર માલીકી, ક્બજા ભોગવટાની, બોજા તકરાર રહીતની હોવાનું જણાવી સદર જમીન અમોના અસીલને વેચાણ આપવાનું નક્કી કરી તેઓના નામના રાઈટ ટાઈટલ અંગેના અભિપ્રાયની માંગણી અમારી પાસે કરેલી છે. જો સદર જમીન ઉપર તેઓ સીવાય અન્ય કોઈપણ વ્યક્તિ, સંસ્થા, બેંક, પેઢીનો કે ઈત્યાદી અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, બોજો, દાવો, અધિકાર, વાંધો, તકરાર, ધિરાણ, તારણ, લોન, ઈઝમેન્ટ વિગેરે હોય તો તેની લેખીત જાણ દિન-૭ માં પ્રમાણીત પુરાવા સાથે રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટથી નીચેના સરનામે કરવી. અન્યથા મુદત વીત્યેથી અમો તેઓના ટાઈટલ અંગેના અભિપ્રાયનુ પ્રમાણપત્ર આપીશુ. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર ચાલશે નહીં જેની નોંધ લેશો.

તારીખઃ ૧૫/૧૦/૨૦૨૬
સ્થળ : અમદાવાદ

**નિરવ આર. કાયસ્થ એન્ડ કુ.**
**એડ્વોકેટ્સ**
**નિરવ આર. કાયસ્થ**
**પાર્થ કે. ભગત,**
**રાહિન એમ. પટેલ,**
**રાજ એન. મીરાણી**
૨૦૫-૨૦૬, સંસ્કાર કોમ્પલેક્ષ-૧, પોલીટેકનીક રોડ આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.
મોબાઈલ નંબર-૯૮૨૫૦ ૫૦૪૦૮

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જત ડિસ્ટ્રિકટ અમદાવાદના સબ ડિસ્ટ્રિક્ટ અમદાવાદ - ૨ (વાડજ) ના તાલુકા સાબરમતી ના મોજે ગામ વાડજ ની સીમમાં આવેલ સર્વે નં. ૭૯/૧ પૈકી, કે જેનો ટી.પી. સ્કીમ નં. ૨૯ અને એફ. પી. નં. ૧૭૫ તેની ઉપર ગુજરાત હાઉસિંગ બોર્ડ ધ્વારા બાંધવામાં આવેલ યોજના સુંદરનગર માં આવેલ ફ્લેટ નં ૧૫૧ ગ્રાઉન્ડ ફ્લોર બ્લોક નં. ૭ જેનું બાંધકામ માપ આશરે ૩૨.૬૯ ચો. મીટર (મ્યુ ટેક્સ બિલ મુજબ ૮૯. ૧૦ ચો. મીટર) વાળી મિલકત કે જે હાલ વિજયકુમાર પુરુષોત્તમભાઈ શાહપુરાનાં માલિકી હકકમા આવેલ છે. સદર મિલકત ઉપર વિજયકુમાર પુરુષોત્તમભાઈ શાહપુરા એ સારસ્વત કો. ઓપ. બેંક લીમીટેડ, સી. જી. રોડ શાખા, અમદાવાદમાંથી લોન મેળવવા માટે અરજી કરેલ જે લોન મંજુર થતા સદર વિજયભાઈ શાહપુરા એ સારસ્વત કો. ઓપ. બેંક લીમીટેડ, સી. જી. રોડ શાખા, અમદાવાદમાં ઉપરોક્ત જણાવેલ મિલકત ના અસલ દસ્તાવેજો જમા કરાવેલ હતા. જે દસ્તાવેજો પૈકી અસલ વેચાણ દસ્તાવેજ નં. ૯૦૩૧ તારીખ ૦૮/૦૪/૧૯૯૨ તથા તેની અસલ પહોંચ ખોવાયેલ છે તથા હાલમાં મળી આવેલ નથી. તો ઉપરોક્ત મિલક્ત ઉપર કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, હકક, હિત, દાવો, લિયન, હિસ્સો બોજો કે લાગભાગ અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતા હકકો હોય તો તેઓએ આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) મા દસ્તાવેજી પુરાવા સહિત લેખિત જાણ પત્ર દ્વારા અથવા રૂબરૂ અમોને નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં નહી આવે તો ઉપરોક્ત મિલકત ઉપર કોઇનો કોઈપણ ભાગ ઉપર અન્ય કોઇનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, હકક, હિત, હિસ્સો, દાવો, લિયન બોજો કે લાગભાગ કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતા હકકો નથી અને હોય તો તે તમામ જતા (વેવ) કરેલ છે એને સમજી ઉપરોકત મિલક્ત અંગેનું નો ઓબ્જેકશન સર્ટીફીકેટ આપીશુ અને ત્યાબાદ કોઈનો કોઈપણ પ્રકારનો તકરાર ચાલશે નહી. તેની નોંધ લેશો.

**Gulshan N. Nasha**
**Advocate**
B-503, B-Wing, Samudra Complex, Near Girish cold Drinks Char Rasta, Off. C. G. Road, Navrangpura, Ahmedabad-6. Mobile: 9898591947

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૧ (અસલાલી) ના તાલુકા વટવા ના મિલકત કાર્ડ નં.૧૧૩૨ ના વોર્ડ વટવા (બીનખેતી) ના સિટી સર્વે નં.NA ૭૯/૩ પૈકી ૧ ના ટી.પી. નં.૭૯ ના ફાઈનલ પ્લોટ નં.૧૩/૧ ની ૩૭૬૪ ચો.મી.ના ક્ષેત્રફળવાળી મલ્ટીપર્પઝ હેતુની બીનખેતી જમીન દર્શિલ ઈન્ફ્રા એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર શેતલકુમાર માવજીભાઈ પટેલ ની માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**દિનેશ બી. પટેલ, એડવોકેટ**
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફલોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૮ (સોલા) તાલુકા ઘાટલોડીયાનાં ગામ મોજે ભાડજની સીમનાં ખાતા નં. ૧૩૦ નાં સર્વે નં. ૪૬૬ ની ૫૬૬૬ સ. ચો. મી. ની જમીન જેનો સમાવેશ ડ્રાફટ ટી. પી. સ્કીમ નં.૩૦૧ (ભાડજ-હેબતપુર-શીલજ) નાં ફાઈનલ પ્લોટ નં. ૯૮/૧ થી કરવામાં આવેલ છે તથા જેનું ક્ષેત્રફળ ૨૮૩૩ સ. ચો. મી. નક્કી કરવામાં આવેલ છે તે શૈક્ષણિક હેતુ માટેની બીનખેતીની જમીન દિપકભાઈ ગોવિંદભાઈની કુલ સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની તથા તમામ પ્રકારનાં બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ ક્લિયર, માર્કેટેબલ અને બોજા રહિત હોવા બદલનાં પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો ઉપરોક્ત જમીનો ઉપર અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલનાં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેનાં સરનામે રજી. એ. ડી. પોસ્ટ થી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત જમીનો ઉપર અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમજ સમજી અમો ટાઇટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

તા. ૧૫/૧૦/૨૦૨૬

**ડી. વી. દેસાઈ એન્ડ કંપની, એડવોકેટસ**
**વતી હિતેષ ડી. દેસાઈ (એડવોકેટ)**
**રાજેશ ડી. દેસાઈ (એડવોકેટ)**
**પંક્તિ હિતેષ દેસાઈ (એડવોકેટ)**
**પ્રિયંકા રાજેશ દેસાઈ (એડવોકેટ)**
**દીપ રાજેશ દેસાઈ (એડવોકેટ)**
૨૬/એ, નારાયણનગર સોસાયટી, ચંદ્રનગર છ રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭
ટે.નં. ૨૬૬૨૧૭૯૩ / ૨૬૬૪૨૦૨૦

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડિસ્ટ્રીકટ ગાંધીનગર ઝોન-૨ ના તાલુકે ગાંધીનગરના મોજે સરગાસણ ગામની સીમના સીટી સર્વેવોર્ડનં.સરગાસણ (બીનખેતી)ના શીટ નં.NA99 ના સીટી સર્વે નં.NA354/4 ના ટી.પી.સ્કીમ નં.૨૮ ના ફા.પ્લોટ નં.૮૪ની ૩૭૫૦સ.ચો.મીટર 'સી' સત્તા પ્રકારની બહુહેતુક ઉપયોગવાળી બિનખેતીની જમીનમાંથી ૧૦૮ સ.ચો.મીટર જમીન ટી.પી.સ્કીમમાં કપાત ગયેલ હોઈ બાકી રહેતી ૩૬૪૨ સ.ચો.મીટર જમીન બહુહેતુક ઉપયોગવાળી બિનખેતીની જમીન તેના માલિક "SHIV REALTY" એ નામની ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તથા સર્વે પ્રકારના બોજાઓમાથી મુકત હોવાનુ જણાવી અમારી પાસે મજકુર પેઢીએ મજકુર જમીન અંગેનુ ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવવા માટે માંગણી કરેલી છે. આથી મજકુર જમીન અંગે કોઈનો કોઈપણ પ્રકારનો હકક,હીસ્સો કે હીત સંબંધ અગર કોર્ટ કાર્યવાહી ચાલતી હોય અગર કોઈપણ વ્યકિત કે સંસ્થાનુ લેણુ હોય કે સદર જમીન અંગે કોઈ લખાણો વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૦૭ (સાત) માં અમોને નીચેના સરનામે લેખિતમા પુરાવા સાથે જાણ કરવી.નહિ તો મુદત પુરી થયે સદર જમીન અંગેનુ ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવવા માટેની કાર્યવાહી કરવામા આવશે.

તા.૧૫/૧૦/૨૦૨૬

**એન.કે.પટેલ, એડવોકેટ તથા**
**હરેશ એન. પટેલ, એડવોકેટ**
**ઉજાસ એચ. પટેલ,એડવોકેટ**
૩૨૪ થી ૩૨૬,થર્ડ ફલોર,''શુકન મોલ'' વિસત પેટ્રોલ પંપની પાસે,સાબરમતી, અમદાવાદ- ૩૮૦૦૦૫
મો.નં.૯૮૨૫૬૧૭૨૮૮

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૧૧ (અસલાલી) ના તાલુકા વટવાના ગામ મોજે વટવાની સીમના સર્વે નંબર- ૧૫૨૭ ની કુલ ૯૯૧૫ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૭૯ (વટવા-૭) માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૭૦ ની કુલ ૫૯૮૫ ચોરસમીટર જમીન પૈકી સબ પ્લોટ નંબર-૧ ની કુલ ૩૫૦૦ ચોરસમીટરના ક્ષેત્રફળની મલ્ટીપર્પઝના હેતુની બિનખેતીની જમીન "SHREEJI DEVELOPERS" એ નામની ભાગીદારી પેઢીએ તેઓની સંપૂર્ણપણે સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી ભાગીદારી પેઢીના ભાગીદારે અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઇલ નંબર-૯૫૦૩
તારીખ : ૧૬-૧૦-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગરના સબ-ડીસ્ટ્રીકટ દહેગામ ના તાલુકા દહેગામ ના ગામ મોજે સાંપા ની સીમના સર્વે/બ્લોક નંબર- ૮અ-પૈકી (નવો બ્લોક/સર્વે નંબર. ૪૬) ની જમીન ને બિનખેતી કરતા ફાળવવામાં આવેલ સીટી સર્વે નંબર.NA8અ/પૈકી/૧, શીટ નંબર. NA99, વોર્ડ. સાંપા(બિનખેતી), ના ૪૭૧૦ ચો.મી. ના ક્ષેત્રફળની બહુહેતુકના ઉપયોગની બિનખેતીની જમીન J K TEXTILE ના પ્રોપરાઈટર કૃણાલ ભરતભાઈ કોરાટ નાઓની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તાથા બોજા રહીત કાનુની વિવાદોથી મુક્ત માર્કેટેબલ આવેલી હોવાનું જણાવી સદરહું જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે આમ સદર જમીન માલિક ઉપ્રોકત જમીન પરત્વે ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટની અમારી પાસે માંગણી કરેલ. સદરહુ જમીનમાં કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હિત સંબંધ, લીયન, ચાર્જ, ખેડ હક્ક કે દાવો-અલાખો હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત અમોને નીચેના સરનામે દિન -૭ (સાત) માં રજી.એ.ડી.થી જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક-હિસ્સો કે બોજો નથી અને હોય તો તે અમારા અસીલની તરફેણમાં જતો કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદરહું જમીન અંગેના ટાઈટલ ક્લીયર હોવા અંગેનું સર્ટીફીકેટ આપીશુ ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોંધ લેવી.

સ્થળઃ અમદાવાદ.
તા.૧૬.૧૦.૨૦૨૬

**॥ સિધ્ધિ ॥ એસોસીએટ્સ**
**એચ.એલ. પટેલ**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**પાર્થ એચ. પટેલ (એડવોકેટ)**
**જાગૃતિબેન એચ. પટેલ (એડવોકેટ)**
**આંગી યોગેશભાઈ મહેતા (એડવોકેટ)**
**મો.૯૯૨૫૩૫૧૧૯૫**
ડી-૧૧૦,૧૧૧, ફર્સ્ટ ફ્લોર, શ્યામ આર્કેડ, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ.

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા ધોળકાનાં મોજે ગામ વારણાની સીમના ખાતા નં.૧૧૬૭ ની રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે/બ્લોક નં.૧૨૧૪ (રી-સર્વે અગાઉનાં જુના સર્વે/બ્લોક નં.૬૭૫) વાળી હે.આરે.ચો.મી. : ૨-૧૯-૬૮, આકાર રૂા.૫-૭૫ પૈસાવાળી ખેતરની ખેતીની જમીન જીતેન્દ્રસિંહ કાનાભાઈ સોલંકીએ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હકક- દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭ માં નીચેના સરનામે સ્પીડ પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હકકો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનનાં માલિકની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૧૬/૧૦/૨૦૨૬ અમદાવાદ

**મોદી લૉ એસોસીએટ્સ**
**મૌલીક દિલીપભાઈ મોદી**
**એડવોકેટ**
અમદાવાદ ઓફીસ : ૬૦૯-૬૧૪, છઠ્ઠો માળ, 'બી' બ્લોક, શીલ્પ કોર્પોરેટ પાર્ક, એરોન સ્પેકટ્રાની બાજુમાં, રાજપથ રંગોલી રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ટે.નં. : ૪૦૦૭૨૮૨૮ / ૪૦૦૭૧૯૨૮
ગાંધીનગર ઓફીસ : વેસ્ટ-૫૧૨, પાંચમા માળે, સિધ્ધરાજ ઝેડ સ્ક્વેર, ધી લેન્ડમાર્કની સામે, કુડાસણ, તા.જી. ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૪૨૧
ટે.નં. : ૯૫૧૦૦ ૬૭૪૫૩

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૮(સોલા)નાં ઘાટલોડીયા તાલુકાનાં મોજે ગામ ગોતાની સીમમાં ટી.પી. સ્કીમ નં.૩૩ (ગોતા) નાં ફાઈનલ પ્લોટ નં.૧૩૩ (જેના સીટી સર્વે વોર્ડ : ટી.પી.૩૩ (ગોતા)નાં સીટી સર્વે નં.૧૩૦૦૦૨) વાળી સ.ચો.મી. : ૮૭૮૧ જમીન, KHP REALTY LLP ની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી ઉપરોક્ત LLP નાં ડેસીગ્નેટેડ પાર્ટનરએ અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હકક- દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭ માં નીચેના સરનામે સ્પીડ પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હકકો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનનાં માલિકની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૧૬/૧૦/૨૦૨૬ અમદાવાદ

**મોદી લૉ એસોસીએટ્સ**
**મૌલીક દિલીપભાઈ મોદી**
**એડવોકેટ**
અમદાવાદ ઓફીસ : ૬૦૯-૬૧૪, છઠ્ઠો માળ, 'બી' બ્લોક, શીલ્પ કોર્પોરેટ પાર્ક, એરોન સ્પેકટ્રાની બાજુમાં, રાજપથ રંગોલી રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ટે.નં. : ૪૦૦૭૨૮૨૮ / ૪૦૦૭૧૯૨૮
ગાંધીનગર ઓફીસ : વેસ્ટ-૫૧૨, પાંચમા માળે, સિધ્ધરાજ ઝેડ સ્ક્વેર, ધી લેન્ડમાર્કની સામે, કુડાસણ, તા.જી. ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૪૨૧
ટે.નં. : ૯૫૧૦૦ ૬૭૪૫૩

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર, સબ-ડીસ્ટ્રીકટ ગાંધીનગર ઝોન-૧ અને તાલુકે ગાંધીનગરના મોજે-ગામ ઉવારસદની સીમમાં આવેલ જુના સર્વે નંબર -૫૬૫ જેના રી-સર્વે મુજબ નવા સર્વે નંબર - ૧૨૧૮ ક્ષેત્રફળ ૮૬૩૯ સમચોરસ મીટર પૈકી ક્ષેત્રફળ ૪૬૦૭ સમચોરસ મીટર જેના ટી.પી. સ્કીમ નંબર - ૨૬ (વાસણા હડમતીયા-ઉવારસદ-વાવોલ) ના ફાઈનલ પ્લોટ નંબર - ૯૦ની ક્ષેત્રફળ ૨૭૬૪ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ સીટી સર્વે ઓફિસ ગાંધીનગર, વોર્ડ ઉવારસદ (બીનખેતી) માં થતા સીટી સર્વે નંબર - એનએ૧૨૧૮/પૈકી૨/૧ ની ક્ષેત્રફળ ૨૭૬૪ સમચોરસ મીટરની બિનખેતીની જમીન SOMNATH INFRABUILD, એ નામની ભાગીદારી પેઢી જેની રજીસ્ટર્ડ ઓફિસ : શ્રી શરણમ સ્કાય, કુડાસણ, ગાંધીનગર મધ્યે આવેલ છે તે ભાગીદારી પેઢીએ સદર જમીન તેઓની માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનુ જણાવી અમારી પાસે ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદર જમીનમાં કોઇનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૭ (સાત) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરના વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી) અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઇનો હક્ક, હિત, સબંધ નથી અને હોય તો તે વેવ કરેલ છે તેમ માનીને ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઇની કોઇ તકરાર ચાલશે નહી.

**વિજય વાય. ચૌગુલે, એડવોકેટ**
**VIJAY Y. CHAUGULE & CO.**
૪૨૫ થી ૪૨૮, દેવનંદન મોલ, સન્યાસ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬
ફોન નં.: ૮૭૮૦૬૪૮૯૪૩

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જી.અમદાવાદ, તા.વેજલપુર, મોજે મકરબા ની સીમના સર્વે નંબર-૮૪૫/૧/૧ તથા ૮૪૬ ની જમીન જેનો ટી. પી. સ્કીમ નં.-૨૬ (મકરબા) ના ફાઈનલ પ્લોટ નંબર-૨૯૪ તથા ૨૯૭/૧ ની જમીન પર વિશાલતારા કે.ઓ.હા.સો.લી. દ્વારા બાંધવામા આવેલ "પેલેડીયમ" નામની યોજનાના બી-બ્લોકના દસમા માળે આવેલ ઓફિસ નંબર- બી/૧/૧૦૦૧ વાળી ૮૭૩ સમચોરસફુટના બાંધકામવાળી મિલક્ત ચત્રભુજ છગનલાલ ચંગેલા ની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટની, બોજા તકરાર રહીતની હોવાનું જણાવી સદર મિલક્ત અંગેના તેઓના નામના રાઈટ ટાઈટલ અંગેની ચકાસણીની કામગીરી અમોને સોંપેલી છે, જો સદર મિલક્ત ઉપર તેઓ સીવાય અન્ય કોઈપણ વ્યક્તિ, સંસ્થા, બેંક, પેઢીનો કે ઈત્યાદી અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, દાવો, અધિકાર, વાંધો, તકરાર, ધિરાણ, તારણ, લોન, ઈઝમેન્ટ વિગેરે હોય તો તેની લેખીત જાણ દિન-૭ માં પ્રમાણીત પુરાવા સાથે રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટથી નીચેના સરનામે કરવી. અન્યથા મુદત વીત્યેથી અમો ટાઈટલ અંગેના અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશુ. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર ચાલશે નહીં જેની નોંધ લેશો.

તારીખઃ ૧૫/૧૦/૨૦૨૬
સ્થળ : અમદાવાદ

**નિરવ આર. કાયસ્થ એન્ડ કુ.**
**એડ્વોકેટ્સ**
**નિરવ આર. કાયસ્થ**
**પાર્થ કે. ભગત,**
**રાહિન એમ. પટેલ,**
**રાજ એન. મીરાણી**
૨૦૫-૨૦૬, સંસ્કાર કોમ્પલેક્ષ-૧, પોલીટેકનીક રોડ આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.
મોબાઈલ નંબર-૯૮૨૫૦ ૫૦૪૦૮

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ--ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૯ (બોપલ)ના ઘાટલોડિયા તાલુકાના મોજે ગામ થલતેજની સીમના સરવે નંબર-૪૬/૨ ટી.પી.સ્કીમ નંબર-૨ ફાઈનલ પ્લોટ નંબર-૧૯ (જુના ફાઈનલ પ્લોટ નંબર-૧૮/એ) ની બિનખેતીની જમીન ઉપર આવેલ AVIS ASTER નામની સ્કીમના બીજા માળ ઉપર આવેલ ફલેટ નંબર-૨૦૨ નીસ.ચો.મી. ૧૩૯.૪૯ કાર્પેટ એરીયાવાળી મીલકત તથા કોમન સીડી, પેસેજ, લીફટ વિગેરેમાં વણવહેંચાયેલા હક્ક સહિતની તથા જમીનમાં વગર વહેંચાયેલ સ.ચો.મી. ૪૧.૨૫ વાળી મીલકત મજકુર ફલેટમાં આવેલ બાલ્કનીનું બાંધકામ સ.ચો.મી. ૯.૫૦ તથા વોશ એરીયાનું બાંધકામ સ.ચો.મી. ૫.૫૮ છે (૧) રોમી રાજેન્દ્ર મોરજરીયા (૨) અમી હીનાબેન ગણાત્રાની સંયુક્ત માલિકી અને કબજા ભોગવટાની આવેલી છે. તેઓએ સદરહુ મીલકત ઉપર આઈઆઈએફએલ (ઈન્ડિયા ઈન્ફોલાઈન બેંક) માંથી લોન લીધેલ છે. તેઓએ સદરહુ મીલકતનો રજીસ્ટર્ડ બાનાખતનો કરાર નંબર-૨૧૨૬૦થી તા. ૩૧-૮-૨૦૨૬ ના રોજ દિપ અશોકભાઈ પરમારની તરફેણમાં કરી આપેલ છે. તો સદરહુ મીલકત ઉપર (૧) આઈઆઈએફએલ (ઈન્ડિયા ઈન્ફોલાઈન બેંક) (૨) બાનાખતના હક્કોને આધારે દિપ અશોકભાઈ પરમાર સિવાય કોઈપણ વ્યક્તિ, બેંક કે નાણાકીય સંસ્થાનો કે બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ કે હક્ક હિસ્સો કે બોજો હોય તો દિન-૭ માં પુરાવા સહિત નીચેના સરનામે લેખિત જાણ કરવી નહિં તો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે.

તા. ૧૫-૧૦-૨૦૨૬

**રૂપેશ એ. ભગત**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**જીજ્ઞેશ એ. ભગત**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**માનવ જે. ભગત (એડવોકેટ)**
**ફોર ભગત એસોસીએટસ**
સરનામું : ૩૦૨-એ/બી, શીલ કોમ્પ્લેક્ષ, આગમન કોમ્પ્લેક્ષની પાછળ, મીઠાખળી, અમદાવાદ.
ટે.નં.(૦૭૯)૨૬૪૦૬૮૨૫

# ગુજરાત સમાચાર

## મણિપુરમાં પુનઃ અજંપો

૯સમી ઓક્ટોબરે અજાણ્યા સશસ્ત્ર હુમલાખોરો દ્વારા એક નાગરિકનો શિરચ્છેદ કરી એનું મસ્તક ગુમ થઈ જવાની ઘટનાથી રાજ્યમાં ફરીવાર તોફાનો શરૂ થયા છે. ચાર દિવસ પછી પોલીસે એ મસ્તક શોધી પરિવારને સોંપ્યા પછી સ્થિતિ શાંત થઈ તો પણ હજુ રાજ્યભરમાં ભારેલો અગ્નિ છે. મણિપુરની સમસ્યા ભારતીય પ્રજા સમજી શકે એમ નથી. લોકો માત્ર એટલું સમજે છે કે ત્યાં તોફાનો ચાલે છે. હકીકતમાં મણિપુરને શાંત કરવું એ હવે રાજ્ય કે કેન્દ્ર સરકારના હાથની વાત રહી નથી. છેલ્લા બે ત્રણ વરસમાં સંખ્યાબંધ નાગરિકોના મૃત્યુ થયા છે અને લાખો નાગરિકોએ સ્થળાંતર કરવું પડ્યું છે. પાટનગર ઈમ્ફાલની હાલત એક જમાનામાં આતંકવાદીઓથી ઘેરાયેલા જમ્મુ- કાશ્મીરની હતી તેવી થઈ ગઈ છે. પૂર્વ ભારતના મહત્ રાજ્યોમાં ચીની સરકારનો પરોક્ષ ઉપદ્રવ છે. પરંતુ મણિપુરમાં એવું નથી. મણિપુરના નાગરિકો સંપૂર્ણ રીતે ભારત વર્ષને વરેલા છે. અસ્ત્રશસ્ત્ર કે ધનધન્ય આપવાથી અહીંની પ્રજાને લોભાવવી શક્ય નથી.

ભારતમાં જે કેટલીક બહુ જ પ્રાચીન આદિજાતિઓ છે એમાંની થોડી મણિપુરમાં વસે છે. મણિપુરમાં એક આદિજાતિ છે મૈતેઈ અને બીજી છે કુકી. મૈતેઈ અને કુકી વચ્ચેનો સંઘર્ષ મહાભારતકાળના કૌરવો અને પાંડવો જેવો છે. પાંડવો લઘુમતીમાં હતા અને કૌરવો બહુમતીમાં હતા. મણિપુરમાં મૈતેઈ પ્રજા લઘુમતીમાં છે પરંતુ વિધાનસભાની ૬૦ બેઠકોમાંથી ૪૦ બેઠકો મૈતેઈ કોમ્યુનિટીની છે. રાજ્યમાં ૭૦% વસ્તી કુકીની છે પરંતુ કુકીના ધારાસભ્યોની સંખ્યા માત્ર ૨૦ છે અને મૈતેઈની સંખ્યા ૪૦ ની છે. એટલે જે લઘુમતીમાં છે તેની વિધાનસભામાં બહુમતી છે અને જેઓ બહુમતીમાં છે તેની વિધાનસભામાં લઘુમતી છે. આને કારણે બહુમતી કુકી પ્રજા એમ માને છે કે વિધાનસભામાં મૈતેઈની બહુમતી હોવાને કારણે હવે જે કાયદાઓ ઘડાશે તે અમારી વિરુદ્ધના હશે. થોડા સમય પહેલા મણિપુર હાઈકોર્ટે એક ચુકાદાના સંદર્ભમાં રાજ્ય સરકારને માર્ગદર્શન આપ્યું કે છેલ્લા દસ વર્ષથી મૈતેઈ પ્રજાને તેમના અધિકારો મળ્યા નથી, તો રાજ્ય સરકારે બંધારણીય રીતે એના પર વિચારવું જોઈએ. હાઈકોર્ટે માત્ર આ ટકોર જ કરી હતી, કોઈ ચૂકાદો આપ્યો નથી.

પરંતુ એને કારણે કુકી સમુદાયે માની લીધું કે હવે અમારા અધિકારો મૈતેઈ લોકો છીનવી લેશે. ત્યારથી જે ચિનગારી શરૂ થઈ તેની આગ હજી સુધી કોઈ બુઝાવી શક્યું નથી. કેન્દ્રના ગૃહ ખાતાએ વિવિધ રાષ્ટ્રીય સુરક્ષા દળોના સંખ્યાબંધ પડાવો અને કુમક મણિપુર મોકલી છે, પરંતુ એનાથી શાંતિ સ્થાપી શકાઈ નથી. છેલ્લા બે મહિનાથી મણિપુર લગભગ બંધ જેવી સ્થિતિમાં છે. પ્રધાનોના નિવાસસ્થાનો પણ હવે સલામત નથી. કુકી જનજાતિ તરફથી સર્વોચ્ચ અદાલતમાં કરવામાં આવેલી દલીલમાં એમ કહેવામાં આવ્યું છે કે આ તોફાનોમાં રાજ્ય સરકારનો હાથ છે અને તે એટલી હદ સુધી કે મૈતેઈ આંદોલનકારીઓને આ સરકાર ફંડ અને શસ્ત્રો પણ પૂરા પાડે છે. જો કે સર્વોચ્ચ અદાલતે કહ્યું કે કાયદો અને વ્યવસ્થા સંભાળવાની જવાબદારી ચૂંટાયેલી જે તે સરકારની છે. એ કામ અદાલતોનું નથી. તો પણ સર્વોચ્ચ અદાલતે જનજાતિઓના આંતરવિગ્રહ અંગેની રજૂઆતો સાંભળવાની બારી ખુલ્લી રાખી છે.

રાજ્ય સરકારે હજુ સુધી મૈતેઈ અને કુકી આદિવાસી જૂથોના નેતાઓ વચ્ચે સંતલસ ગોઠવી નથી. અગાઉ જે સમાધાનના નાટકો થયા તે તકલાદી સાબિત થયા છે. જ્યાં સુધી પરંપરાગત પદ્ધતિથી એ લોકોની સંયુક્ત સભા નહીં યોજાય અને આદિવાસી નેતાઓ આ સમસ્યાના સમાધાન માટે આગળ નહીં આવે ત્યાં સુધી આનો કોઈ ઉકેલ આવે એમ નથી. મૈતેઈ સમુદાય છેલ્લા દસ વર્ષથી પોતાના અધિકારોથી વંચિત છે. મણિપુરમાં પ્રકૃતિએ અણમોલ ખજાનો પાથરેલો છે. જમીન ખૂબ જ ફળદ્રુપ છે. ચારે બાજુ જંગલો, પહાડો અને પૂરપાટ વહેતી બારમાસી નદીઓ છે. આમાંની મોટાભાગની ભૂમિ પર કુકી આદિવાસીઓનો કબજો છે. મૈતેઈ લોકોને ન્યાય આપવામાં આવે તો તેઓ આ જમીનોમાં અને આ પહાડોમાં ભાગ પડાવે એવી સંભાવના છે. મણિપુરના આ જંગલોમાં અનેક ઔષધિ ઓ થાય છે. કેટલાક વૃક્ષોમાંથી ઈમારતી લાકડું પણ મળે છે.

આ સળગતા પ્રશ્નને કારણે એકસો પચાસથી વધુ નિર્દોષ નાગરિકો વિવિધ સામુહિક હત્યાકાણ્ડનો ભોગ બન્યા છે અને હજારો ઘવાયા છે. દરરોજ અનેક પરિવારો પાડોશના વિવિધ રાજ્યોમાં આશ્રય લેવા લાગ્યા છે. સત્તા પર આરોહિત ભાજપ સરકાર સામેનો વિરોધ ઉગ્ર બનતો જાય છે. જો અહીં ભાજપ સરકાર સિવાયનું શાસન હોત તો કેન્દ્ર સરકારે ઘણા સમય પહેલા અહીં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી દીધું હોત. બહુ શરૂઆતથી કેન્દ્ર સરકારે મણિપુરની ઉપેક્ષા કરી છે.

# પાકિસ્તાનને યુએનમાં કરજદાર દેશોના સંગઠનનું પ્રમુખપદ મળ્યું!

૨૯૦ અબજ ડોલર.

આ આંકડો પાકિસ્તાનના કુલ કરજનો છે. દેશની જીડીપીના ૭૪ ટકા જેટલું કરજ લઈને ઓલમોસ્ટ દેવાળિયું થવા તરફ સંગીન ગતિએ આગળ વધી રહેલું પાકિસ્તાન હંમેશા લોન લેવા તત્પર રહે છે. ચીન અને સાઉદી તો એના બજેટમાં અમુક રકમ પાકિસ્તાનને દાનમાં આપવા અલગ જ રાખી મૂકે છે! છેલ્લે લોનનો ક્યાંયથી મેળ ન પડે તો પાકિસ્તાનના વઝીર-એ-આઝમ યાને વડાપ્રધાન ચીન કે સાઉદીની યાત્રાએ પહોંચી જાય છે. ચીન અને સાઉદી પણ આ માટે તૈયાર હોય છે. તેમને પાક્કી ખાતરી હોય છે કે પાકિસ્તાનના વડાપ્રધાન આવે છે તો થોડા અબજની લોન લઈને જ પાછા જશે.

ચીન અને સાઉદી પાસેથી થોડી રકમ મળે કે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)ના માપદંડો જાળવી રાખવા આઈએમએફની થોડી લોન ચૂકવે ને પછી નવેસરથી લોન માટે અરજી કરે. ચીન પાકિસ્તાનનો ઉપયોગ હંમેશા ભારત સામે કરવા માંગે છે. લાંબાગાળાનો ડિફેન્સ વ્યૂહ વિચારીને ચીન પાકિસ્તાનને કરજના કાદવમાં નાખે છે. સાઉદીને પાકિસ્તાન પાસેથી જરૂર પડે તો લશ્કરી સહાયની અપેક્ષા રહે છે. સાઉદીને પરમાણુ હથિયારોની ટેકનોલોજી જોઈએ છે અને એ પાકિસ્તાન આપી શકે તેમ છે. શક્ય છે કે કદાચ પરમાણુ બોમ્બની ટેકનોલોજી પાકિસ્તાને સાઉદીને આપી પણ દીધી હોય, પરંતુ સાઉદી-અમેરિકા વચ્ચે હજુ પરમાણુ કરાર થયો ન હોવાથી સાઉદીનો પરમાણુ પ્રોગ્રામ આગળ વધતો નથી. સાઉદીને પાકિસ્તાનમાં રોકાણ કરીને લાંબાંગાળે વળતરની પણ અપેક્ષા ખરી. પાકિસ્તાનના ખનીજો પર ચીનની જેમ સાઉદીની નજર રહે છે. વળી, ચીન-સાઉદી બંનેને પાકિસ્તાનનું માર્કેટ મળે છે એટલે તેના બદલામાં લોન આપી દે છે.

શાહબાઝ શરીફ પાકિસ્તાનના વડાપ્રધાન બન્યા પછી ૨૦૨૪માં આઈએમએફ પાસેથી પાકિસ્તાનને સાત અબજ ડોલરનું ફંડ મળ્યું હતું. ૨૦૨૪માં આઈએમએફ પાસેથી સૌથી વધુ લોન મેળવનારો ચોથો દેશ પાકિસ્તાન બન્યો હતો. આઈએમએફ પાસેથી ફંડ મેળવવામાં આર્જેન્ટિના ૩૨ અબજ ડોલર સાથે પહેલા, ઈજિપ્ત ૧૧ અબજ ડોલર સાથે બીજા ક્રમે છે ને યુદ્ધગ્રસ્ત યુક્રેન પર આઈએમએફ એટલું મહેરબાન થયું કે તેને ૧૦ અબજ ડોલરની લોન આપી હતી. એ પછી પાકિસ્તાનનો ક્રમ આવે છે. વિશ્વબેંકની લોન મેળવનારા દેશોમાંય પાકિસ્તાનનું નામ મોખરે છે. વિશ્વબેંક પાસેથીય પાકિસ્તાને સાડા પાંચ અબજ ડોલરની લોન મેળવી હતી. ડિસેમ્બર ૨૦૨૫માં આઈએમએફે ફરીથી પાકિસ્તાનને ૧.૨ અબજ ડોલરની લોન આપી હતી. પાકિસ્તાનના વડાપ્રધાન અને



લશ્કરી વડા મુનીર અમેરિકામાં ટ્રમ્પને મળી આવ્યા પછી ટ્રમ્પની ખાનગી ભલામણથી આ લોન મંજૂર થઈ હતી.

ક્યા દેશે કોની પાસેથી લોન મેળવી છે એનો વાર્ષિક અહેવાલ વર્લ્ડ બેંક આપે છે. એ પ્રમાણે પાકિસ્તાનને સૌથી વધુ લોન ચીને આપી છે.

### વર્લ્ડ વિન્ડો

વિદેશી લોનની કેટેગરીમાં પાકિસ્તાને ચીન પાસેથી કુલ ૨૯ અબજનું કરજ લીધું છે. પાકિસ્તાન પર કુલ ૧૨૧ અબજ ડોલરનું વિદેશી કરજ છે. એમાંથી ૨૫ ટકા કરજ તો ચીનનું છે. પાકિસ્તાન પર વિશ્વબેંકની કુલ ૨૩ અબજ ડોલરની ઉધારી છે. એ ટોટલ કરજમાં ૧૮ ટકા છે. એશિયાઈ વિકાસ બેંકની ઉધારીનો હિસ્સો

**લોન લેવામાં પાકિસ્તાનનો રેકોર્ડ એટલો તો ઉજળો છે કે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ગવર્નિંગ કાઉન્સિલ ઓફ બોરોઅર્સની એક બેઠક મળી એની આગેવાની પાકિસ્તાને કરી!**

૧૫ ટકા છે. પેરિસ ક્લબની ૧૧.૩ અબજ ડોલરની લોન છે. વિશ્વની આર્થિક સંસ્થાઓના કરજ સિવાયની વાત કરીએ તો ચીન પછી સાઉદી અરેબિયા પાકિસ્તાનને કરજ આપવામાં બીજા સ્થાને છે. સાઉદીએ પાકિસ્તાન પર મહેરબાન થઈને ૯.૧૬ અબજ ડોલરનું ફંડ આપી દીધું છે અને હજુય પાકિસ્તાનમાં ઓઈલ રિફાઈનરી બનાવવાનો કરાર થયો છે. એના ભાગરૂપે નવેસરથી પાંચેક અબજ ડોલરની લોન આપવાની સાઉદીની ગણતરી છે. આટલું ઓછું હતું તે સાઉદીએ સપોર્ટ પેકેજના ભાગરૂપે આઠ અબજ ડોલર આગામી વર્ષોમાં આપવાની જાહેરાત પણ કરી છે. અત્યારે પાકિસ્તાનના કુલ કરજમાં સાઉદીનો હિસ્સો ૮-૧૦ ટકા જેટલો છે.

આટઆટલું ફંડ લેવા છતાં પાકિસ્તાનના અર્થતંત્રની ગાડી પાટા પર ચડતી નથી. પાકિસ્તાનની સરકારોની નબળી આર્થિક નીતિઓ આવી પરિસ્થિતિ માટે જવાબદાર છે ને તે સિવાયનું સૌથી મહત્ત્વનું કારણ છે લશ્કરી એક્સપેન્સ. દર વર્ષે પાકિસ્તાનનું ડિફેન્સ બજેટ સરેરાશ ૧૦-૧૨ અબજ ડોલર જેટલું હોય છે. પાકિસ્તાનની સરકાર જીડીપીના એવરેજ ચાર ટકા બજેટ ડિફેન્સ પાછળ ફાળવે છે. ડિફેન્સ બજેટમાંથી વર્ષે ૨૧થી ૨૫ કરોડ ડોલરનાં શસ્ત્રો ખરીદે છે. આ બજેટ કલ્યાણકારી યોજનાઓ માટે ફાળવાતું હોત કે લોકોની આવક વધારવા માટે એનો ઉપયોગ થતો હોત તો પાકિસ્તાનનું દેવું ઓછું થાત. લોનમાંથી નવી સંપત્તિનું સર્જન થાત તો ધીમે ધીમે અર્થતંત્રની ગાડી પાટે ચડી જાત, પણ પાકિસ્તાનની પ્રજાના કપાળે એવા નેતાઓ લખાયા નથી કે જે અર્થતંત્રની ગાડી પૂરપાટ ઝડપે દોડાવવાના સપના જુએ. પરિણામે કરજદાર પાકિસ્તાન સતત ને સતત નવા કરજમાં ડૂબે છે અને હવે આ કરજે જ પાકિસ્તાનને યુએનની એક કાઉન્સિલમાં પ્રમુખપદ આપ્યું છે!

વાત એમ બની કે સંયુક્ત રાષ્ટ્રસંઘે કરજદાર દેશોનું એક પ્લેટફોર્મ બનાવ્યું. પાકિસ્તાન સહિત ૩૪ દેશો એના સભ્ય છે. નેચરલી, જે દેશો યુએનના સભ્ય છે ને કરજમાં ડૂબેલા છે એવા દેશોનું એ પ્લેટફોર્મ છે. હેતુ એવો છે કે વિકસિત ને વિકાસશીલ દેશોના નાણામંત્રીઓ, આર્થિક સલાહકારો, કેન્દ્રીય બેંકોના ગવર્નરો આ મંચના દેશોને આર્થિક બાબતોની સલાહ આપે. કેવી કેન્દ્રીય પોલિસી લાગુ પાડીને અર્થતંત્રની ટ્રેન પાટે ચડાવી શકાય એનું માર્ગદર્શન આપે. જે દેશોને આવી સ્થિતિનો અગાઉ અનુભવ થયો હોય એ તેમનો કેસ સ્ટડી જણાવે. એમાંથી આ ૩૪ દેશો કંઈક શીખે ને પોતાના દેશમાં લાગુ પાડે તો કરજનો બોજ હળવો થાય.

યુએને આ ૩૪ કરજદાર દેશોના મંચનું નેતૃત્વ પાકિસ્તાનને સોંપ્યું. પાકિસ્તાન ગવર્નિંગ કાઉન્સિલ ઓફ બોરોઅર્સના મંચનું પ્રથમ અધ્યક્ષ બન્યું! આ સન્માન પાકિસ્તાનને એટલે મળ્યું કે તેને લોન લેવાનો અને લોન લીધા પછી ઉડાવી દેવાનો બહોળો અનુભવ છે. તાજેતરમાં જ થાઈલેન્ડમાં આ ૩૪ કરજદાર દેશોના નાણામંત્રીઓ, આર્થિક સલાહકારોની બેઠક મળી. પાકિસ્તાનના નાણામંત્રી મોહમ્મદ ઓરંગઝેબ આ મંચના અધ્યક્ષ હતા.

ઈન્ટરેસ્ટિંગ્લી, ભારત યુએન સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદની દાવેદારી કરે છે અને એમાં રશિયા, જાપાન, જર્મની સહિતના કેટલાય દેશો સમર્થન આપી રહ્યા છે. કરજદાર દેશોના મંચનું પ્રથમ અધ્યક્ષ બનેલું પાકિસ્તાન ભારતની દાવેદારીનો કાયમ ખોટો વિરોધ કરે છે અને એ વિરોધ કરતાં કરતાં જ કરજમાં ડૂબીને બોરોઅર્સ કાઉન્સિલનું અધ્યક્ષ બની ગયું. પાકિસ્તાને આતંકી અજગરોને ઝેર પાઈને ઉછેર્યા ન હોત, ભારત સામે પ્રોક્સી વોરમાં રચ્યા-પચ્યા રહીને આર્થિક ખુંવારી ન નોંધાવી હોત તો આ સ્થિતિ આવી ન હોત. ભારત કાયમી સભ્યપદની દાવેદારી કરી રહ્યું છે, કારણ કે ૮૦ વર્ષમાં ભારતની તમામ સરકારોએ હકારાત્મક આર્થિક વલણ જાળવીને વિકાસને પ્રોત્સાહન આપ્યું. પાકિસ્તાનના લશ્કરી અધિકારીઓએ અને નેતાઓએ ભારત પાસેથી આ હકારાત્મકતા શીખવા જેવી હતી.

## અવતરણ

પ્રીતિ શાહ



યુવાનો ભારતની તસવીર છે જે દેશની દશા અને દિશા બંને બદલવાની ક્ષમતા રાખે છે. આજનો યુવાન કોઈએ દર્શાવેલ રસ્તા પર ચાલવાને બદલે પોતાનો માર્ગ સ્વયં બનાવવામાં વિશ્વાસ રાખે છે. યુવાનોએ ભવિષ્યનો માર્ગ સ્વયં શોધીને નિરંતર સંઘર્ષ કરીને આગળ વધવું પડશે.

**- નીતિન નવીન (ભાજપના પ્રમુખ)**



જે મતદાતાઓના નામ મતદાતા સૂચિમાંથી કાઢી નાખ્યા છે તેઓ ફોર્મ નં.૬ ભરી શકે નહીં તે માત્ર નવા મતદાતાઓ માટે જ છે. જે અધિકારીઓએ લોકોને તે ભરવા માટે મજબૂર કર્યા છે તેમણે અપરાધ કર્યો છે.

**- એસ.વાય. કુરેશી (પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર)**



મારી સામે હજી પિસ્તાળીસ એફ.આઈ.આર. થઈ છે. હું કોઈના દબાણમાં આવવાનો નથી. મારી સામે એક સો એફ.આઈ.આર. થાય તેવું લક્ષ છે, કારણ કે મારી સામે દાખલ થનારી પ્રત્યેક એફ.આઈ.આર. મારા માટે મોડલ સમાન છે.

**- રાહુલ ગાંધી (કોંગ્રેસ નેતા)**



સંસ્કૃત આપણને આપણા મૂળિયા સાથે જોડે છે અને આધુનિક શિક્ષણ આપણને ભવિષ્ય માટે તૈયાર કરે છે. અમારું લક્ષ્ય એવી પેઢી તૈયાર કરવાનું છે જે વેદોને ઊંડાણથી સમજે, ટેકનોલોજીની શક્તિને ઓળખે અને જ્ઞાનના બળ પર નવા ભારતનું નિર્માણ કરે.

**- રાજનાથસિંહ (કેન્દ્રીય મંત્રી)**



બોલતા પહેલાં વિચારવું જોઈએ અને વિચારતા પહેલાં વાંચવું જોઈએ. આ સંસ્કાર માત્ર પુસ્તકાલય જ આપી શકે છે. અહીં જ્ઞાન, દર્શન તેમજ ભાષાની એ ધારા વહે છે જે સદીઓના અનુભવને પોતાની સાથે લઈને ચાલે છે.

**- અમિત શાહ (કેન્દ્રીય મંત્રી)**



આજે આપણી દીકરીઓને માત્ર સુરક્ષિત અનુભવવા માટે લાઈવ લોકેશન શેર કરવાથી લઈને પેપર સ્પ્રે સાથે રાખવું, ચાલવાને બદલે કેબ બુક કરાવવી કે કોઈ સાથે ફોન પર સતત વાત કરવા જેવી બાબતોને પોતાની દૈનિક આદત બનાવવી પડે છે.

**- ક્રિતિ સેનન (અભિનેત્રી)**



હું આઝાદી માટે લડાઈ લડ્યો અને મારી સ્વતંત્રતા છીનવાઈ ગઈ. હું બોલવાની આઝાદી માટે લડ્યો અને મારી પાસેથી બોલવાનો હક છીનવાઈ ગયો. હું સત્યની લડાઈ લડ્યો અને હજારો અસત્યનો શિકાર બની ગયો.

**- જૂલિયન અસાંજે (ઓસ્ટ્રેલિયન પત્રકાર)**



આપણા ભારત દેશમાં રસપ્રદ વાર્તાઓનો અખૂટ ભંડાર છે. આજે સમગ્ર વિશ્વમાં ભારતીય ફિલ્મો દ્વારા આપણી સંસ્કૃતિ, કથાઓ અને જીવન પ્રસંગોની ચર્ચા થઈ રહી છે, જે આપણા સમગ્ર દેશ માટે ગૌરવરૂપ બાબત છે.

**- પંકજ ત્રિપાઠી (અભિનેતા)**

## કોર્પોરેટ કમાણી વધશે તો જ શેરબજારમાં તેજી

# મોટી કંપનીઓની કમાણી પર ક્રૂડની કાતરઃ ફુગાવામાં વધારો

ટૂંક સમયમાં સપ્ટેમ્બર ૨૦૨૬ ક્વાર્ટર, એટલે કે નાણાકીય વર્ષ ૨૦૨૭ ના બીજા ક્વાર્ટરના પરિણામોની સિઝન શરૂ થવાની છે. નિષ્ણાંતોના મતે લાંબા ગાળા માટે શેરબજારમાં તેજી રહેવા માટે કોર્પોરેટ કમાણીમાં વ્યાપક અને સતત સુધારો જરૂરી છે. સ્થાનિક રોકાણકારોના પ્રવાહે શેરબજારને નોંધપાત્ર ટેકો આપ્યો છે. જો કે, જો કોર્પોરેટ કમાણી અપેક્ષા મુજબ ન વધે, તો ફક્ત પ્રવાહ લાંબા ગાળાના વળતરને ટેકો આપી શકતો નથી. છેલ્લા કેટલાક ક્વાર્ટરમાં કોર્પોરેટ કમાણીમાં થોડો સુધારો જોવા મળ્યો છે, અને કેટલાક બજાર વિભાગો પ્રારંભિક હકારાત્મક સંકેતો બતાવી રહ્યા છે. જો કે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષે કમાણી પુનઃપ્રાપ્તિની ગતિ અંગે અનિશ્ચિતતામાં વધારો કર્યો છે. ભારત તેની ઉર્જા જરૂરિયાતો માટે આયાત પર ભારે નિર્ભર છે.

ક્રૂડ ઓઈલના ભાવમાં સતત વધારો ફુગાવા, સરકારની નાણાકીય સ્થિતિ અને કોર્પોરેટ નફા પર અસર કરી શકે છે. આ મુદ્દા કોર્પોરેટ કમાણીના અંદાજોને પણ અસર કરી શકે છે. લાંબા ગાળા માટે શેરબજારમાં તેજી રહેવા માટે કોર્પોરેટ કમાણીમાં વ્યાપક અને સતત સુધારો જરૂરી રહેશે.

લાંબા ગાળામાં શેરબજારમાંથી નબળા વળતર સાથે, રોકાણકારો દેવા અને સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓ સહિત અન્ય રોકાણ વિકલ્પો તરફ જોઈ શકે છે. જો કે, એવું માનવું છે કે રોકાણકારોએ ટૂંકા ગાળાના બજાર પ્રદર્શન પર તેમની સંપત્તિ ફાળવણીનો આધાર રાખવો જોઈએ નહીં. રોકાણના નિર્ણયો તેમના નાણાકીય લક્ષ્યો, જોખમ સહનશીલતા અને રોકાણ ક્ષિતિજ પર આધારિત હોવા જોઈએ.

નિષ્ણાંતોના મતે સૌથી મોટું જોખમ ક્રૂડ ઓઈલના ભાવમાં સતત વધારો છે. ઊંચા ઉર્જા ખર્ચ સમગ્ર અર્થતંત્ર પર વ્યાપક અસર કરી શકે છે. જો તેલના ભાવ લાંબા સમય સુધી ઊંચા રહે છે, તો નબળા વપરાશ, ઊંચા ફુગાવા, સરકારી મૂડી ખર્ચમાં સંભવિત ઘટાડો અને કોર્પોરેટ નફા પર દબાણની સંયુક્ત અસરો જોઈ શકાય છે. આ કોર્પોરેટ કમાણી માટે એક મહત્વપૂર્ણ પડકાર ઉભો કરી શકે છે. લાર્જ-કેપ શેરો હજુ પણ એટલા સસ્તા નથી જેટલા ઘણીવાર માનવામાં આવે



છે. નવી કંપનીઓ તરફથી વધતી સ્પર્ધા, સંશોધન અને વિકાસમાં પ્રમાણમાં ઓછું રોકાણ અને સ્થાપિત મોટી કંપનીઓમાં તીવ્ર સ્પર્ધા કેટલાક ક્ષેત્રોમાં મૂલ્યાંકન પર વધુ દબાણ લાવી શકે છે.

જ્યારે વૃદ્ધિ અને મૂલ્ય વચ્ચે પસંદગી કરવાની વાત આવે છે, ત્યારે અમે શેરબજારને એક જટિલ અને સતત બદલાતી સિસ્ટમ તરીકે જોઈએ છીએ જે બહુવિધ

### પ્રસંગપટ

પરિબળોથી પ્રભાવિત છે. તેથી, વૃદ્ધિ અને મૂલ્ય વચ્ચે સંતુલન જાળવવા માટે બહુવિધ પાસાઓ ધ્યાનમાં લેવાની જરૂર છે.

સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (સિપ) હવે રોકાણકારોના નિયમિત નાણાકીય આયોજનનો એક અભિન્ન ભાગ બની રહ્યા છે. તેથી, જો શેરબજારનું વળતર થોડા સમય માટે નબળું રહે, તો પણ સિપ રોકાણ મજબૂત રહી શકે છે. ઓછા વળતરના સમયગાળા દરમિયાન, શિસ્તબદ્ધ રોકાણકારોને વધુ યુનિટ ખરીદવાની તક પણ મળે છે, જો કે તેમના રોકાણ ક્ષિતિજ અને સંપત્તિ ફાળવણી યથાવત રહે. જોકે, જો લાંબા સમય સુધી વળતર નબળું રહે, તો રોકાણકારોની ભાવના પ્રભાવિત થઈ શકે છે અને ઈક્વિટી ફંડ્સમાં ભંડોળનો પ્રવાહ થોડો ધીમો પડી શકે છે. આવી સ્થિતિમાં, રોકાણકારો એવા ભંડોળમાં વધુ રસ લઈ શકે છે જે વિવિધતા અને વૃદ્ધિ અને અસ્થિરતા વચ્ચે સંતુલન પ્રદાન કરે છે, જેમાં બહુ-સંપત્તિ અને હાઈબ્રિડ વ્યૂહરચનાનો સમાવેશ થાય છે.

ભારતનો લાંબા ગાળાનો આર્થિક વિકાસ દ્રષ્ટિકોણ મજબૂત રહે છે. તેથી, નજીકના ગાળામાં રોકાણમાં થોડો ઘટાડો થવા છતાં, ઈક્વિટી ફંડ્સમાં રોકાણકારોના રસમાં નોંધપાત્ર ઘટાડો થવાની અપેક્ષા નથી. મિડકેપ્સ અને સ્મોલકેપ્સે છેલ્લા કેટલાક વર્ષોમાં ચોક્કસપણે સારું પ્રદર્શન કર્યું છે. જો કે, સમગ્ર મિડકેપ અને સ્મોલકેપ સેગમેન્ટને સમાન ગણવું અયોગ્ય રહેશે. તેમાં વિવિધ ક્ષેત્રો અને કંપનીઓનો સમાવેશ થાય છે. તેમના વ્યવસાય મોડેલો, કમાણી અને વૃદ્ધિની સંભાવનાઓ પણ અલગ અલગ હોય છે.

જો બોન્ડ ઉપજ ઊંચી રહે, તો બજાર વ્યાજ દરોમાં ફેરફાર પ્રત્યે સંવેદનશીલ રહી શકે છે. જે શેરોનું મૂલ્યાંકન ભવિષ્યમાં ઝડપી વૃદ્ધિની અપેક્ષાઓ પર વધુ આધારિત હોય છે તે ખાસ કરીને પ્રભાવિત થઈ શકે છે. જોકે, આ સંબંધ હંમેશા સ્થિર રહેતો નથી. જો બોન્ડ ઉપજ લાંબા સમય સુધી ઊંચું રહે, તો બજાર ધીમે ધીમે તેમની સાથે સમાયોજિત થઈ શકે છે. ત્યારબાદ, ઉપજમાં નાના ફેરફારોની અસર ઓછી થઈ શકે છે. તેમ છતાં, એમ ન કહેવાય કે શેરબજાર બોન્ડ ઉપજની અસરથી સંપૂર્ણપણે મુક્ત રહેશે. ફક્ત ઉપજનું સ્તર જ મહત્વનું નથી, પરંતુ તેમની દિશા અને પરિવર્તનના કારણો પણ મહત્વપૂર્ણ છે.

**ક્રૂડના ભાવમાં સતત વધારાથી પેટ્રોલ- ડિઝલના ભાવો વધશે જેથી મોંઘવારી પણ વધશે**

# પાકિસ્તાનમાં પણ પાવાગઢવાળી માતાનો જયજયકાર

મા પાવા તે ગઢથી ઉતર્યા મહાકાળી રે, વસાવ્યું ચાંપાનેર પાવાગઢ વાળી રે... શારદીય નવરાત્રિમાં ગામેગામ માતાજીના ગરબા ગુંજે છે અને ગાજે છે. અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને કેનેડામાં રાસ-ગરબાની રમઝટ બોલે છે એમ વસમા પાડોશી પાકિસ્તાનમાં પણ પાવાગઢવાળી માતાનો જયજયકાર સંભળાય છે, પાકિસ્તાનના સિંધ પ્રાંતના કરાચીમાં રણછોડ લેનમાં વસતા હિંદુઓ કેટલાય વર્ષોથી પારંપારિક રીતે નવરાત્રિ ઉત્સવ ઉજવે છે. માતાજીની પૂજા-આરતી થાય છે, ઉપવાસ કરવામાં આવે છે અને પછી મંદિરના આંગણમાં માતાજીના ભક્તો દાંડિયારાસ અને ગરબાની રમઝટ બોલાવે છે. કરાચીમાં ગુજરાતીઓ પણ સારી એવી સંખ્યામાં વસે છે. આ વખતે પણ કરાંચીમાં નવરાત્રિની શ્રદ્ધાપૂર્વક ઊજવણી થઈ રહી છે. પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં આવેલા હિંગળાજ માતાના મંદિરમાં પણ ઉજવણીનો રંગ



જોવા મળે છે. માત્ર હિંદુઓ જ નહીં પણ સ્થાનિક મુસ્લિમો પણ હિંગળાજ માતા પ્રત્યે શ્રદ્ધા ધરાવે છે. તેઓ આ મંદિરને નાની કા મંદિર તરીકે ઓળખે છે. પાકિસ્તાનમાં નોરતાની થતી ઉજવણી જોઈને કહેવું પડે કે ભક્તિ-શ્રદ્ધાને કોઈ સીમાડા નથી નડતા.

### સેવ-બુંદીનો નાસ્તો કરવા આવતો કાગડો

શ્રાદ્ધપક્ષમાં ખીર-પુરી ખાવા માટે લોકો કાગડા આવ... કાગડા આવ... એમ ગળા ફાડી ફાડીને બોલાવતા હોય છે. પણ મુંબઈ જેવાં શહેરોમાં તો કાગડાની વસ્તી જ ઓછી થતી જાય છે એમાં બોલાવો ત્યારે ક્યાંથી કાગડા આવે? પણ મહારાષ્ટ્રના મુરૂડ ગામે સુધાકર સુર્વે નામના દુકાનદાર અને એક કાગડા વચ્ચે એવી દોસ્તી બંધાઈ ગઈ છે કે છેલ્લાં ત્રણ વર્ષ સવારે અને બપોરે આ કાગડો સેવ-બુંદી ખાવા માટે આવી જ જાય છે. આ કાગડો ટાઈમનો એવો તો પાક્કો છે કે સવારે સાડાઆઠે અને બપોરે સાડા ત્રણે આવી જ જાય છે. કાગડો આવીને દુકાનદારના ખભે બેસી જાય પછી વયોવૃદ્ધ દુકાનદાર બરણીમાંથી સેવ-બુંદી કાઢી હાથમાં રાખી પ્રેમથી ખવડાવે છે. છેલ્લા ત્રણ વર્ષથી આ નિયમ જળવાયો છે. સેવ-બુંદીના શોખીન આ કાગડાને જોઈને એવો પણ વિચાર આવે કે ગંદકી સાફ કરવાનું મહત્ત્વનું કામ કરતા કાગડાની ઘટતી

### મેરા ભારત મહાન

અક્ષય અંતાણી

વસતીની બાબત ધ્યાનમાં લઈ જેમને બચાવવાની 'સેવ' કરવાની ઝુંબેશ શરૂ કરવી જોઈએ. આ ઝુંબેશ માટે સેવ-બુંદીને બદલે નવું સ્લોગન બનાવવું જોઈએ: સેવ-ક્રો.

### ભગવાન બચાવો ઝુંબેશ

માણસ મુશ્કેલીમાં હોય ત્યારે ભગવાનને સાદ કરે છે. પણ મુંબઈ નજીકના મીરારોડ-ભાઈંદરમાં ભગવાનને બચાવવા માટે 'જેન-ઝી'ની ટીમ મેદાને પડી છે. જે ભગવાનની આપણે શ્રદ્ધાપૂર્વક પૂજા અર્ચના કરીએ છીએ એ જ ભગવાનની મૂર્તિઓ ખંડિત થઈ જાય ત્યારે તેને મોટે ભાગે વૃક્ષોની નીચે કે મંદિરોની બહાર મૂકી દેવામાં આવે છે. આ દ્રશ્ય શ્રદ્ધાળુઓને આંખમાં ખૂંચે છે. એટલે જ મીરા-ભાઈંદરના કર્તવ્ય પથ ફાઉન્ડેશનના યુવા કાર્યકરો. છેલ્લાં સાતેક મહિનાથી ભગવાન સન્માન બચાવો અભિયાન ચલાવે છે. આ જેન-ઝી ટીમ વૃક્ષોની નીચે, મંદિરોની આસપાસ, બગીચામાં કે સડકને કિનારેથી દેવી-દેવતાઓની ખંડિત પ્રતિમાઓ, કાચની ફ્રેમમાં મઢેલા ભગવાનના ફોટા, ધાર્મિક તસવીરો અને કેલેન્ડરો વગેરે એકત્ર કરે છે. ત્યારબાદ સન્માનપૂર્વક પ્રતિમાઓ અને ફ્રેમ કરેલી તસવીરોનું તળાવ કે સમુદ્રમાં વિસર્જન કરે છે. વિસર્જન કરતા પહેલાં મઢેલા ફોટાને કાચ અને ફ્રેમથી અલગ કરવામાં આવે છે અને પછી પાણીમાં પધરાવાય છે જેથી જળપ્રદૂષણ ન ફેલાય. આ જોઈને કહેવું પડે કેઃ પ્રભુની પ્રતિમાઓ સમક્ષ ભોગ ધરાવાય પણ એ જ પ્રતિમા ખંડિત થયા પછી માનપૂર્વક પાણીમાં પધરાવાય એ સારૂં જ કહેવાય. જેન-ઝી કોઈ મુદ્દે આંદોલન છેડે ત્યારે ઘણાં સત્તાપક્ષ વાળા કહેતા હોય છે કે જેન-ઝીથી તો ભગવાન બચાવે. પણ મીરા-ભાઈંદરના જેન-ઝી ભગવાનને બચાવે છે.

### ચીની માતા બાળકને સુવાડવા હાલરડાને બદલે હનુમાન ચાલીસા સંભળાવે છે

હો મૈને તેરે કી ભરોસે હનુમાન, સાગર મે નૈયા ડાર દીયી.... 'હનુમાન અંશ' ફિલ્મના આ ભજને ધૂમ મચાવી છે એટલું જ નહીં આ ફિલ્મે સેંકડો કરોડની કમાણી કરી છે. હનુમાનજીના અંશ નીમ કરોલી બાબાના નૈનીતાલ પાસે આવેલા કૈંચી ધામ આશ્રમમાં દેશ-વિદેશના ભક્તોનો સતત પ્રવાહ ચાલુ છે. રામદૂત હનુમાનજીના પરદેશમાં પણ અગણિત ભક્તો વસે છે. અમેરિકાના લોસ એન્જલસમાં રહેતી ચીની બિઝનેસ વુમન સારા જેન હો પોતાના ચાર મહિનાના દીકરાને સુવડાવવા માટે રોજ હાલરડાને બદલે હનુમાન ચાલીસા સંભળાવે છે. દીકરો રડવા માંડે કે પછી મસ્તી-તોફાન કરે ત્યારે ચીની મમ્મી હનુમાન ચાલીસા




વગાડવા માંડે છે. તરત જ હનુમાન ચાલીસા કાને પડતાની સાથે જ ઘસઘસાટ ઊંઘી જાય છે. એટલે જ કહે છે કે ના કોઈ અનુમાન કરો, સાચી શ્રદ્ધાથી જય જય હનુમાન કરો.

### નારી ક્યારેય ન હારી કોઈ કહે નહીં બીચારી

જૂના જમાનામાં કહવાતું દીકરી ને ગાય દોરે ત્યાં જાય અથવા તો દીકરી તો ગરીબડી ગાય જેવી છે, પણ આજના સ્ત્રી સશક્તીકરણના જમાનામાં સ્ત્રીઓ પુરૂષ સમોવડી બની છે એટલું જ નહીં ઘણી મહિલાઓ તો પુરૂષોને પણ ક્યાંય પાછળ મૂકી આગળ વધી છે કે ટોચ પર પહોંચી છે. એટલે જ હવે ઉત્તર પ્રદેશના પોલીસ વડા રાજીવ કૃષ્ણએ યૌન અપરાધના મામલામાં એફઆઈઆર (ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ)થી માંડીને આરોપનામા સુધીની ભાષાને સંવેદનશીલ અને હક્કિત પર આધારિત રાખવાની રાજ્યના પોલીસ ફોર્સને સૂચના આપી છે. એટલે યૌન અપરાધની તપાસ વખતે પોલીસ મહિલા કી ઈજ્જત લૂંટલી, બેચારી મહિલા, અબલા, ચરિત્રહીન અથવા દરિંદા જેવાં શબ્દપ્રયોગ નહીં કરે. સુપ્રીમ કોર્ટે થોડા વખત પહેલાં જ નિર્દેશ કર્યો હતો કે કાનૂની અને પોલીસ પ્રક્રિયા દરમ્યાન પીડિતાઓને ફરીવાર માનસિક આઘાત પહોંચે એવી ભાષાનો ઉપયોગ ટાળવો જોઈએ. સુપ્રીમ કોર્ટના આ નિર્દેશ યુ.પી. પોલીસે પાલન કર્યું છે. બાળકો માટે બાલ-પીડિત અથવા બાલ ઉત્તરજીવી શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. આબરૂ લૂંટી તેની જગ્યાએ શારીરિક સ્વાયત્તતા કે ગરિમાનું ઉલ્લંઘન અન વાસનાના શિકારની જગ્યાએ યૌન હિંસાની પીડિતા શબ્દનો ઉપયોગ કરવાનું સૂચવાયું છે. આ નવી ગાઈડ લાઈન્સમાં આરોપી માટે પણ દરિંદા, રાક્ષસ, વાસનાપરસ્ત જેવાં શબ્દોને બદલે અભિયુક્ત અથવા આરોપિત વ્યક્ત લખવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

પીડિત નારીને ફરી માનસિક આઘાત ન પહોંચે એવી તેમ જ તેનું સન્માન જળવાય એવી ભાષાના નવતર પ્રયોગ વિશે જાણીને કહવું પડે કેઃ

**નારી ક્યારેય ન હારી**
**એને કોઈ ન કહે બીચારી.**

### નેટવર્કપ્રોબ્લેમઃ કર્મચારીને બાંધ્યો ટાવર સાથે

કાનૂડાને બાંધ્યો, જશોદાએ હીરની દોરીએ... કેવું મજાનું ગીત છે? પણ ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લાના હરદૌલી ગામમાં મોબાઈલ નેટવર્કના કાયમી પ્રોબ્લેમથી કંટાળેલા ગ્રામજનોએ ગુસ્સે થઈને મોબાઈલ ટાવરનું રિપેરિંગ કરવા આવેલા ટેકિનશિયનને જ ટાવર સાથે મુશ્કેરાટ બાંધી દીધો હતો. વળી હીરની દોરીએથી નહીં હો? દોરડાથી બાંધી દીધો હતો. 'શોલે'માં ગબ્બરે ધર્મેન્દ્રને બાંધ્યો હતો એવો સીન જોવા મળ્યો. કર્મચારીને મોબાઈલ ટાવર સાથે બાંધીને પછી ગામવાળાએ શરત મૂકી કે મોટા ઓફિસરો આવીને મોબાઈલ નેટવર્કની સમસ્યાનો કાયમી ઉકેલ નહીં લાવે ત્યાં સુધી આ કર્મચારીને છોડવામાં નહીં આવે. આ ઘટનાની વિડિયો વીજળીવેગે વાઈરલ થતા દોડધામ મચી ગઈ હતી. અધિકારીઓ દોડી આવ્યા હતા અને બંધક બનાવવામાં આવેલા ટેકિનશિયનને છોડાવ્યો હતો. નેટવર્કની સમસ્યા ઉકેલવા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા હતા.

### પંચ-વાણી

**આસ્થાળ ઉજવે નોરતાં**
**આળસુ રહે ઘોરતાં.**

## લાફ્ટર કોર્નર

ધનજીકાકાએ એક દુકાનમાંથી ખરીદી કરી અને કર્મચારીને પૂછ્યું : 'ભાઈ, કેટલા રૂપિયા થયા ?'

કર્મચારી : ઓનલાઈન આપવા હોય તો આઠસો રૂપિયા ને રોકડા આપવા હોય તો પાંચસો રૂપિયા..

ધનજીકાકા : અરે વાહ ! આ તો અમારા જેવા રોકડેથી ખરીદી કરનારા સિનિયર સિટિઝન માટે સરસ સ્કીમ કહેવાય. ક્યાં સુધી છે આ સ્કીમ ?

કર્મચારી : દુકાનના માલિક ના આવે ત્યાં સુધી ?

*



ઈન્ટરવ્યૂ લેનાર : અમારે આ નોકરીમાં તમને શા માટે લેવા જોઈએ ?

જયેશ : મિત્રોની ખુશી માટે.

ઈન્ટરવ્યૂ લેનાર : એટલે ?

જયેશ : મારે બધા મિત્રોના ઉછીના લીધેલાં નાણાં ચૂકવવાના છે.

*

દકુના સસરાએ દકુને લગ્નમાં ચેસની ગેમ ગિફ્ટ કરી.

દકુ : આ શું ?

સસરા : દિલની તમન્ના પૂરી કરી.

દકુ : એટલે ?

સસરા : દીકરીને લગ્નમાં હાથી, ઘોડા, ઊંટ, સેવક, રક્ષક, નોકરચાકર આપવાની ઈચ્છા હતી.

*

ડાયેટિશિયન : તમને જાડા બનાવે તેવી ચીજોથી દૂર રહેજો.

મોટી મેડમ : હું વજનકાંટા, કેમેરા, પાતળા મિત્રો અને અરીસાથી હંમેશા દૂર જ રહું છું.

*

શિક્ષક : ભારતની ઋતુઓ અને પેટા ઋતુઓ કઈ કઈ છે, કોણ કહેશે ?

દીપુ : હું કહું છું. પિતા, ભાઈ, માતા, ગ્રીષ્મ, બહેન અને કાકા.

શિક્ષક : એટલે ?

દીપુ : મારા પિતાનું નામ હેમંત, ભાઈનું નામ શિશિર, માતાનું નામ વસંત, બહેનનું નામ વર્ષા અને કાકાનું નામ શરદ છે !

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

## બુમરાહની ગેરહાજરીમાં ભારતનું બોલિંગ આક્રમણ સાધારણ સ્તરનું જોવા મળી રહ્યું છે

# વેસ્ટ ઈન્ડિઝ સામેની ટી-૨૦ શ્રેણીમાં ભારતીય બોલરોનો દેખાવ ચિંતાજનક

### પ્રવાસી વિન્ડિઝે શ્રેણીની છેલ્લી ત્રણ મેચમાં ૨૦૦+ સ્કોર કરતાં બે મેચ જીતી : ચોથી મેચમાં હાર બાદ કેપ્ટન ઐયરે પણ બોલિંગ ડિપાર્ટમેન્ટની નિષ્ફળતાને જવાબદાર ઠેરવી



હૈદરાબાદ, તા.૧૫

વેસ્ટ ઈન્ડિઝની ટીમે ચોથી ટી-૨૦માં ખુબ જ આસાનીથી હોમગ્રાઉન્ડ પર રમી રહેલી ટીમ ઈન્ડિયા સામે ૨૪૭/૩નો સ્કોર ખડો કરીને જીત હાંસલ કરતાં ફરી એક વખત ભારતીય બોલિંગ ડિપાર્ટમેન્ટની સામે પ્રશ્નાર્થ સર્જાયો છે.

સતત બે વખત વર્લ્ડ ચેમ્પિયન બનવાની ઐતિહાસિક સિદ્ધિ મેળવનારી ભારતની ટી-૨૦ ટીમનું બોલિંગ આક્રમણ બુમરાહ જેવા દિગ્ગજ સુપરસ્ટારની ગેરહાજરીમાં સાવ સાધારણ સ્તરનું લાગી રહ્યું છે. ખાસ કરીને જે પ્રકારે વિન્ડિઝે ભારતની ભૂમિ પર યજમાન ટીમ સામે સતત ત્રણ ટી-૨૦માં ૨૦૦+ સ્કોર કરવાની સાથે બે મેચ જીતી લીધી છે, તેના કારણે ભારતે નવા બોલરોને તૈયાર કરવા માટે વધુ પ્રયાસો કરવા પડશે તેમ લાગી રહ્યું છે.

હાલમાં ચાલી રહેલી શ્રેણી અગાઉ વિન્ડિઝની ટીમે ભારતની ભૂમિ પર યજમાનો સામે એક જ વખત ટી-૨૦માં ૨૦૦+નો સ્કોર નોંધાવ્યો હતો. તેમણે આ સફળતા ૨૦૧૯માં હૈદરાબાદ ખાતે રમાયેલી ટી-૨૦માં જ મેળવી હતી. અલબત્ત, આ શ્રેણીમાં વિન્ડિઝના બેટ્સમેનો પર ભારતીય બોલરો પ્રભાવ પાડવામાં નિષ્ફળ જોવા મળી રહ્યા છે. મયંક યાદવ, અર્ષદીપ સિંઘ તેમજ પ્રિન્સ યાદવ જેવા ફાસ્ટરો ખર્ચાળ સાબિત થઈ રહ્યા છે. જ્યારે ભારતીય બોલિંગ કોમ્બિનેશનની પસંદગીમાં પણ સાતત્ય જળવાતું ન હોવાનું પણ જોવા મળી રહ્યું છે.

વિન્ડિઝનો બે મેચમાં ૨૪૫+ સ્કોર

ભારતીય બોલરોની સામે વિન્ડિઝના બેટ્સમેનો ચઢિયાતા સાબિત થયા હતા અને શ્રેણીની બીજી ટી-૨૦માં વિન્ડિઝે ૨૫૨/૪નો સ્કોર ખડકીને રેકોર્ડ ટાર્ગેટ ચેઝ કરી બતાવ્યો હતો. જ્યારે ચોથી ટી-૨૦માં પ્રથમ બેટિંગ કરતાં વિન્ડિઝની ટીમે ૨૪૭/૩ સ્કોર કર્યો હતો. ભારત સામે વેસ્ટ ઈન્ડિઝે બીજી ટી-૨૦માં ૧૩.૬૨, ત્રીજી ટી-૨૦માં ૧૦.૪૫ અને ચોથી ટી-૨૦માં ૧૨.૩૫ ના રનરેટથી સ્કોર કર્યો હતો. ભારતીય બોલરોના કંગાળ દેખાવના આ આંકડા માત્ર ભારતીય કોચિંગ સ્ટાફ માટે જ નહીં પણ પસંદગીકારો માટે પણ ચિંતાની સ્થિતિ સર્જી રહ્યા છે.



**શ્રેયસ ઐયરે બોલરો પર જવાબદારી ઢોળી**

ચોથી ટી-૨૦માં વિન્ડિઝ સામેની હાર બાદ ટીમ ઈન્ડિયાના કેપ્ટન શ્રેયસ ઐયરે પણ બોલરો પર જવાબદારી ઢોળી હતી. ઐયરે કહ્યું કે, પરાજયનો તખ્તો અમારા બોલરોએ તૈયાર કર્યો હતો. મને નથી લાગતું કે, અમારા બોલરોને વ્યુહરચના અનુસાર લાઈન-લેન્થ પર બોલિંગ કરી હતી.

જ્યારે ૨૫૦ની નજીકનો ટાર્ગેટ ચેઝ કરવાનો હોય છે, ત્યારે ચોક્કસ પ્રકારે તમારે રમવું પડે છે. અમારા બેટ્સમેનો જે અંદાજમાં રમ્યા, તેનાથી ખુશ છું, પણ દુર્ભાગ્યપૂર્ણ રીતે અમારા બોલરો તેમની વ્યુહરચનાને અમલમાં લાવી શક્યા નહતા.

**બોલિંગ કોમ્બિનેશનમાં સાતત્યતાનો અભાવ**

ભારતીય ટીમના બોલિંગ કોમ્બિનેશનમાં સાતત્યનો અભાવ પણ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. ટીમ ઈન્ડિયાએ શરૂઆતની બે મેચમાં મયંક અને અર્ષદીપની સાથે કુલદીપ, અક્ષર અને ધીરને અજમાવ્યા હતા. બીજી મેચમાં દુબેને પણ બોલિંગ મળી હતી. જોકે ત્રીજી અને ચોથી ટી-૨૦માં દુબે અને કુલદીપને પડતા મૂકવામાં આવ્યા હતા અને તેમનુ સ્થાન પ્રિન્સ યાદવ અને નિતિશ કુમારે સંભાળ્યું હતુ. વરૂણ આરોને ટીમ મેનેજમેન્ટના નિર્ણય સામે પ્રશ્નાર્થ સર્જતા કહ્યું હતુ કે, ભારતની હાર માટે બોલિંગ ડિપાર્ટમેન્ટનું નબળુ પ્લાનિંગ અને અસ્પષ્ટતા સાથેની બેટિંગ જવાબદાર બની હતી. ભારતે એક વધારાના સ્પિનર તરીકે કુલદીપને ઈલેવનમાં સામેલ કરવાની જરુર હતી.

**ભારત સામે ટી-૨૦ શ્રેણીમાં વિન્ડિઝનો રનરેટ**

| ટી-૨૦ | રનરેટ | સ્કોર | તારીખ |
|---|---|---|---|
| પ્રથમ | ૮.૯૨ | ૧૭૧ | ૬/૧૦ |
| બીજી | ૧૩.૬૨ | ૨૫૨/૪ | ૯/૧૦ |
| ત્રીજી | ૧૦.૪૫ | ૨૦૯/૭ | ૧૧/૧૦ |
| ચોથી | ૧૨.૩૫ | ૨૪૭/૩ | ૧૪/૧૦ |

### ટીમ ઈન્ડિયા સામે ઘરઆંગણે ચાર વર્ષ બાદ પહેલીવાર પ્રવાસી ટીમે ટી-૨૦ શ્રેણીમાં બે મેચ જીતી

**વેસ્ટ ઈન્ડિઝે ભારતની ભૂમિ પર યજમાન ટીમ સામે ચાલી રહેલી પાંચ ટી-૨૦ની શ્રેણીમાં બીજી મેચ જીતવાની સાથે શ્રેણીમાં બરોબરી મેળવી હતી. આ સાથે ઘરઆંગણે રમી રહેલા ભારત સામે ચાર વર્ષ બાદ પહેલીવાર પ્રવાસી ટીમે ટી-૨૦ શ્રેણીમાં બે મેચ જીતવાનો રેકોર્ડ સર્જ્યો હતો. છેલ્લે આવી સફળતા સાઉથ આફ્રિકાએ જુન-૨૦૨૨માં રમાયેલી પાંચ ટી-૨૦ની શ્રેણીમાં મેળવી હતી. આ શ્રેણીની પાંચમી અને આખરી ટી-૨૦ વરસાદમાં ધોવાઈ જતાં શ્રેણી ૨-૨થી ડ્રો થઈ હતી. ૨૦૨૨ની આ શ્રેણી પછી ભારતે ઘરઆંગણે કુલ ૧૧ દ્વિપક્ષીય ટી-૨૦ શ્રેણી રમી હતી, જેમાં હરિફ ટીમ એકથી વધુ મેચ જીતી શકી નહતી.**

## એશિયન ગેમ્સની સમીક્ષા બેઠકમાં ફેડરેશનોને પર્ફોર્મન્સ આપવા જણાવાયું

# ભારતે આગામી સમયમાં ૧૦ મીરાબાઈ ચાનુ તૈયાર કરવી પડશે : ખેલ મંત્રાલય

### ઈજાગ્રસ્ત બનેલા ખેલાડીઓના મુદ્દા પર વિશેષ ચર્ચા ન થઈ

### ગત એશિયાડ કરતાં આ વખતે ભારતના ૨૧ મેડલ ઘટ્યા હતા

નવી દિલ્હી, તા.૧૫

જાપાનમા યોજાયેલી એશિયન ગેમ્સમાં ભારતના નબળા દેખાવ અંગે ખેલ મંત્રાલય અને ભારતીય ઓલિમ્પિક સંઘ તેમજ વિવિધ રમતોના રાષ્ટ્રીય ફેડરેશનો વચ્ચે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ રમતોના સ્પોર્ટ્સ ફેડરેશનોને ફંડ મળતું નથી તેવા બહાના કાઢવાના બદલે પર્ફોર્મન્સ આપવા તેમજ ભવિષ્યના બહુરાષ્ટ્રીય રમતોત્સવોમાં વધુ મેડલ જીતવા તરફ ધ્યાન કેન્દ્રીત કરવા માટે જણાવાયું હતુ. ખેલ મંત્રાલયે કહ્યું હતુ કે, મીરાબાઈ ચાનુ એકલી ક્યાં સુધી દેશ માટે મેડલ જીત્યા કરશે ? ભારતે નવી ૧૦ મીરાબાઈ ચાનુ તૈયાર કરવી પડશે. નોંધપાત્ર છે જે જાપાન એશિયન ગેમ્સમાં ભારતે ચાર મહિલા વેઈટલિફ્ટરોને ભાગ લેવા મોકલી હતી, જેમાંથી એકમાત્ર મીરાબાઈ જ મેડલ જીતી શકી હતી.

એશિયન ગેમ્સ-૨૦૨૬માં ભારતનો દેખાવ નબળો રહ્યો હતો અને ગત એશિયન ગેમ્સની તુલનામાં ભારતને ૨૧ મેડલ ઓછા મળ્યા હતા, જેમાં આઠ ગોલ્ડ પણ સામેલ છે. ભારતે જાપાન એશિયન ગેમ્સમાં ૨૧ ગોલ્ડ, ૨૭ સિલ્વર અને ૩૭ બ્રોન્ઝ એમ કુલ ૮૫ મેડલ જીત્યા હતા. જ્યારે ૨૦૨૩ની હાંગ ઝોઉ એશિયન ગેમ્સમાં ભારતે ૨૮ ગોલ્ડ, ૩૮ સિલ્વર અને ૪૦ બ્રોન્ઝ સાથે કુલ ૧૦૬ મેડલ મેળવ્યા હતા. આજે યોજાયેલી એશિયન ગેમ્સના દેખાવની સમીક્ષા બેઠકમાં ખેલ મંત્રીની સાથે સાથે ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ અને લેજન્ડ એથ્લીટ પી.ટી. ઉષા, સ્પોર્ટ્સ સેક્રેટરી, ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ (ટોપ્સ) યોજનાના સીઈઓ એન.એસ. જોહલ તેમજ વિવિધ રમત ફેડરેશનોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.



**ભારતના મેડલની તુલના**

| એશિયન ગેમ્સ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| હાંગઝોઉ-૨૦૨૨ | ૨૮ | ૩૮ | ૪૦ | ૧૦૬ |
| નાગોયા-૨૦૨૬ | ૨૧ | ૨૭ | ૩૭ | ૮૫ |

મિટિંગમાં ભાગ લેનારા સૂત્રોએ જણાવ્યું કે, ખેલ મંત્રીએ તમામ સ્પોર્ટ્સ ફેડરેશનોને સ્પષ્ટ જણાવી દીધું હતુ કે, તેમણે હવે પર્ફોર્મન્સ દેખાડવાનો સમય આવી ગયો છે. સરકાર તરફથી હવે નાંણાકીય સહાય મળતી નથી તેવી ફરિયાદો હવે નહીં ચાલે, કારણ કે સરકાર મોટા પ્રમાણમાં સ્પોર્ટ્સ માટે ફંડ ફાળવી રહી છે. હવે ફેડરેશનોએ તેમની કુશળતા દેખાડવાનો સમય છે. તેઓ માત્ર પ્રેઝન્ટેશનો જ બતાવ્યા ન કરે, પણ મેદાનમાં મેડલ જીતીને દેખાડવા પડશે. ખેલ મંત્રીએ મિટિંગમાં વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુનું ઉદાહરણ આપતાં કહ્યું હતુ કે, મીરાબાઈ ચાનુ એટલી ક્યાં સુધી દેશ માટે મેડલ જીતતી રહેશે ? આપણે હવે નવી ૧૦ મીરાબાઈ ચાનુ તૈયાર કરવી પડશે. પ્રત્યેક રમતોના ફેડરેશનોએ આ જવાબદારીને ગંભીરતાથી લઈને કામગીરી હાથ ધરવી પડશે. યોગ્ય પ્રતિભાની ઓળખ કરીને તેમને યોગ્ય તાલીમ આપીને એવું વાતાવરણ સર્જવું પડશે કે જેના થકી તેઓ ઉચ્ચ સ્તરે શ્રેષ્ઠ દેખાવ કરી શકે.

**ઈજાગ્રસ્ત ખેલાડીઓના મુદ્દે ઠંડો પ્રતિસાદ**

**આઈઓએના પ્રમુખ પી.ટી. ઉષાએ એશિયન ગેમ્સ દરમિયાન ઈજાગ્રસ્ત થઈ ગયેલા ખેલાડીનો મુદ્દો ઉઠાવ્યો હતો. કેટલાક ખેલાડીઓ સ્પર્ધા પહેલા અચાનક ઈજાગ્રસ્ત થયા હતા અને તેઓ સ્પર્ધામાં ભાગ પણ લઈ શક્યા નહતા. અલબત્ત, આ તબક્કે ખેલ મંત્રાલયે દરમિયાનગીરી કરતાં કહ્યું હતુ કે, આપણે વ્યક્તિગત કિસ્સાઓની ચર્ચા કરવાને બદલે ઓવરઓલ દેખાવ પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ.**

## ફેડરેશનોને તાકીદ : માત્ર પ્રેઝન્ટેશનોથી નહીં ચાલે, મેદાન પર મેડલ પણ જીતી બતાવવા પડશે

## બુમરાહને ટેસ્ટ શ્રેણીની તૈયારી માટેનો સમય અપાશે

# ભારત બુમરાહને ન્યુઝીલેન્ડ પ્રવાસની વન ડે શ્રેણીમાં આરામ આપે તેવી શક્યતા

નવી દિલ્હી : ટીમ ઈન્ડિયા ન્યુઝીલેન્ડ પ્રવાસમા રમાનારી પાંચ વન ડેની શ્રેણીમા ફાસ્ટ બોલર બુમરાહને આરામ આપશે તે લગભગ નક્કી લાગી રહ્યું છે. ટીમ ઈન્ડિયાને ન્યુઝીલેન્ડ પ્રવાસમાં પાંચ ટી-૨૦, પાંચ વન ડે અને બે ટેસ્ટની શ્રેણી રમવાની છે. ભારતીય ટીમ મેનેજમેન્ટ ઈચ્છે છે કે, ટી-૨૦ શ્રેણી બાદ બુમરાહને ટેસ્ટ શ્રેણીની તૈયારી માટે પુરતો સમય મળી રહે. આ કારણે વન ડેમાં તેને રમાડવામાં નહીં આવે તેવી શક્યતા છે. બુમરાહને ઈન્ડિયા-એ ટીમ તરફથી ૬ નવેમ્બરે શરૂ થઈ રહેલી ત્રીજી મેચમાં તક અપાશે અને ત્યાર બાદ તે ૧૯મી નવેમ્બરથી શરૂ થઈ રહેલી શ્રેણીની પ્રથમ ટેસ્ટમાં રમવા ઉતરશે.



## ભારતીય ફૂટબોલમાં ફરી વિવાદ : પગાર ન ચૂકવાતા ઈસ્ટ બંગાળના ખેલાડીઓએ પ્રેક્ટિસનો બહિષ્કાર કર્યો

કોલકાતા : ભારતીય ફૂટબોલમાં ફરી એક વખત વિવાદનો વંટોળ સર્જાયો છે. ઈસ્ટ બંગાળ ફૂટબોલ કલબના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને છેલ્લા ત્રણ મહિનાથી પગાર ચૂકવાયો નથી. હેડ કોચ એન્ટોનિયો લોપેઝ હાબાસ અને ખેલાડીઓએ કથિત રીતે ૧૪મી ઓક્ટોબરે પ્રેક્ટિસનો બહિષ્કાર કર્યો હોવાનું એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે. સૂત્રોને ટાંકીને રિપોર્ટમાં ઉમેરવામાં આવ્યું છે કે, ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ મેદાન પર પહોંચ્યા હતા, પણ તેઓએ નાણાં ન ચૂકવાય ત્યાં સુધી પ્રેક્ટિસ કરવાનો ઈનકાર કરી દીધો હતો.

## ભારતને પહેલીવાર ગ્રીકોરોમન કુસ્તીમાં સિલ્વર

# વિનિત મોરેએ U23 વર્લ્ડ કુસ્તીમાં સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો



ભારતને બે બ્રોન્ઝ મેડલની તક

લાસ વેગાસ : ભારતના વિનિત મોરેએ અમેરિકામાં ચાલી રહેલી અંડર-૨૩ વર્લ્ડ કુસ્તી ચેમ્પિયનશિપમાં પુરુષોની ૫૫ કિગ્રા વજન વર્ગની સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો હતો. આ સાથે તે આ ચેમ્પિયનશિપના ઈતિહાસમાં ગ્રીકોરોમન વિભાગમાં સિલ્વર મેડલ જીતનારો પ્રથમ ભારતીય પહેલવાન બની ગયો હતો. ભારતને વધુ બે બ્રોન્ઝ મેડલ જીતવાની પણ તક છે. વિનિતે હાઈવોલ્ટેજ ફાઈનલમાં જ્યોર્જીયાના કોબા કારુમિદ્ઝેને હંફાવ્યો હતો. જોકે તેને ૧૨-૧૩ના સ્કોરથી હારનો સામનો કરવો પડ્યો હતો. તેણે અગાઉ સેમિ ફાઈનલમં રશિયાના મલિક જિગિવને ૭-૪થી અને તે પહેલા ક્વાર્ટર ફાઈનલમાં ઈરાનના અરમીન શામ્સીપોરને ૮-૧થી પછડાટ આપી હતી. ભારતની મહિલા પહેલવાન કોમલ અને દિક્ષા મલિક સેમિ ફાઈનલમાં હાર્યા હતા અને તેમને હવે બ્રોન્ઝ મેડલ જીતવા માટેની તક છે.

## ગાવસ્કરે વિન્ડિઝના ફાસ્ટર શેમાર જોસેફની ટીકા કરી

# ફાસ્ટર શેમાર જોસેફનું ખેલભાવનાથી વિપરિત વર્તન : અર્ષદીપને ટાર્ગેટ કર્યો

### અર્ષદીપે ખભા પર બોલ વાગ્યો હોવા છતાં રમવાનું જારી રાખ્યું હતું

હૈદરાબાદ, તા.૧૫

વેસ્ટ ઈન્ડિઝના ફાસ્ટ બોલર શેમાર જોસેફે ભારત સામેની ચોથી ટી-૨૦માં ખેલભાવનાથી વિપરિત વર્તન કર્યું હતુ અને ભારતના ૧૦માં ક્રમના બેટ્સમેન અર્ષદીપ સિંઘ સામે બાઉન્સરોનો મારો ચલાવ્યો હતો. અર્ષદીપને એક વખત ખભા પર બોલ વાગ્યો પણ હતો. આ પછી ભારતના ભૂતપૂર્વ દિગ્ગજ સુનિલ ગાવસ્કરે શેમાર જોસેફના વર્તનની ઉગ્ર ટીકા કરી હતી. ભારતની ઈનિંગના આખરી તબક્કામાં આ ઘટના બની હતી. શેમારનો બાઉન્સર અર્ષદીપને ખભા પર વાગ્યો હતો અને તેને ખુબ જ દુઃખાવો થતો હતો- તે જોઈ શકાતું હતુ. કેપ્ટન અય્યરે તો અર્ષદીપને પેવેલિયનમાં પાછા ફરવા ઈશારો કર્યો હતો. જોકે અર્ષદીપ પીચ પર ટકી રહ્યો હતો





અને ત્યાર બાદ તેણે ચોગ્ગો ફટકાર્યો હતો. આ પછી પણ શેમારે બાઉન્સર નાંખ્યો હતો અને બોલ અર્ષદીપની સાથે ટકરાયો નહતો અને તે બાઉન્ડ્રીની બહાર જતો રહ્યો હતો. જેના કારણે ભારતને બાયના ચાર અને વાઈડનો એક રન મળ્યો હતો. ગાવસ્કરે કોમેન્ટ્રી દરમિયાન આ સમયે ભારે રોષ સાથે જણાવ્યું હતુ કે, શેમાર અર્ષદીપને ટાર્ગેટ કરીને બોલિંગ નાંખી રહ્યો છે. જ્યારે મેદાન પર સ્ટમ્પ છે ત્યારે શા માટે બેટસમેનને ટાર્ગેટ કરવો જોઈએ. જો અર્ષદીપને યોગ્ય ન લાગતું હોય તો તેણે રિટાયર્ડ થઈ જવું જોઈએ. ઈજાને વધવા દેવી ન જોઈએ. બંગાળના ભૂતપૂર્વ ક્રિકેટર શ્રીવત્સ ગોસ્વામીએ તો શેમાર જોસેફના વર્તનને ખેલભાવનાથી વિપરિત ગણાવ્યું હતુ.

## ઓસ્ટ્રેલિયા સામેની બીજી ટેસ્ટ માટેની ટીમ જાહેર

# સાઉથ આફ્રિકાએ સ્ટબ્સને પડતો મૂક્યો : બ્રીત્ઝકેને તક

### ગાકેબેરહામાં ૧૮મીથી બીજી ટેસ્ટ

ગાકેબેરહા, તા.૧૫

સાઉથ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટમાં મળેલી હાર બાદ સ્ટબ્સને પડતો મૂક્યો છે અને તેના સ્થાને બ્રિત્ઝકેને ટીમમાં સમાવ્યો છે. સાઉથ આફ્રિકાએ તારીખ ૧૮મી ઓક્ટોબરથી ઓસ્ટ્રેલિયા સામે શરૂ થઈ રહેલી શ્રેણીની બીજી ટેસ્ટ માટેની ૧૭ ખેલાડીઓની ટીમ જાહેર કરી હતી. રિકેલ્ટનને વિકેટકિપર તરીકેની જવાબદારી સોંપવામા આવશે તેમ મનાય છે.



સ્ટબ્સે પ્રથમ ટેસ્ટમાં અનુક્રમે ૩૨ અને એક રન કર્યો હતો. જ્યારે બ્રીત્ઝકેએ તાજેતરમાં મર્યાદિત ઓવરોના ક્રિકેટમાં શાનદાર દેખાવ કર્યો હતો અને આ કારણે તેને ટેસ્ટ ટીમમાં તક મળી છે. તેણે ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીની પ્રથમ વન ડેમાં સદી ફટકારી હતી. બ્રીત્ઝકે તેની કારકિર્દીની બીજી અને આખરી ટેસ્ટ જુલાઈ-૨૦૨૫માં રમ્યો હતો. પ્રથમ કક્ષાના ક્રિકેટમાં તેની સરેરાશ ૩૭.૦૩ની છે અને તે ફેબ્રુઆરી પછી પ્રથમ કક્ષાની એક પણ મેચ રમ્યો નથી.

બીજી ટેસ્ટ માટેની ટીમ : બવુમા (કેપ્ટન), એકેરમેન, બેડિંગહામ, બ્રીત્ઝકે, બોસ્ચ, કોએત્ઝી, હારમર, જાન્સેન, મહારાજ, માર્કરામ, મુલ્ડર, મુથુસામી, નોર્ટ્જે, પેટરસન, રબાડા, રિકેલ્ટન, વેરેયને.

## ડેનમાર્ક ઓપન : ગાયત્રી અને ટ્રીસા ક્વાર્ટર ફાઈનલમાં



ઓડેન્સ : ભારતની ગાયત્રી ગોપીચંદ અન ટ્રીસા જોલીની જોડીએ પોલેન્ડની રોઝ અને સેટીનીન્ગ્રુમને ૨૧-૧૬, ૨૧-૧૭થી હરાવીને ડેનમાર્ક ઓપન બેડમિંટનની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. કિદામ્બી શ્રીકાંત મેન્સ સિંગલ્સમાં ફ્રાન્સના વર્લ્ડ ચેમ્પિયન લાનિયર સામે ૨૧-૧૧, ૧૫-૨૧, ૧૫-૨૧થી હારી ગયો હતો. જ્યારે ભારતની અસ્મિતા ચાહિલાનો ૨૧-૧૮ ,૨૧-૧૦થી જાપાનની યામાગુચી સામે પરાજય થયો હતો. દેવિકા સિહાગ ૧૩-૨૧, ૧૪-૨૧થી ચોચુવાંગ સામે પરાજીત થઈ હતી. સાત્વિક-ચિરાગ મેન્સ ડબલ્સમાં ચીનના હે અને રેન સામે ૨૧-૧૨, ૧૫-૨૧, ૧૯-૨૧થી પરાજીત થયા હતા.



## એમ્બાપ્પેએ ચેમ્પિયન્સ લીગમાં૧૦૦મી મેચ રમી મેસીનો રેકોર્ડ તોડ્યો

# રિયલ મેડ્રિડે સાત ગોલના રોમાંચ બાદ રોમાને હરાવ્યું : PSGનો માંચેસ્ટર સિટી સામે વિજય

મેડ્રિડ, તા.૧૫

સ્પેનિશ ફૂટબોલ જાયન્ટ્સ રિયલ મેડ્રિડે સાત ગોલના હાઈવોલ્ટેજ ડ્રામા બાદ ૪-૩થી ઈટાલીયન કલબ રોમા સામેની ચેમ્પિયન્સ લીગની મેચ જીતી લીધી હતી. જ્યારે ડિફેન્ડિંગ ચેમ્પિયન પેરિસ સેંટ જર્માઈન કલબની ટીમે ૪-૨થી ઈંગ્લિશ કલબ માંચેસ્ટર સિટીને તેના હોમગ્રાઉન્ડ પર પરાજય આપ્યો હતો. ઈંગ્લિશ કલબ લીવરપૂલ ૬-૩થી એલએએસકે સામે અને એસ્ટન વિલા ૬-૦થી ફેનેરબેહેચ સામે વિજેતા બની હતી.

એમ્બાપ્પેએ ૨૭ વર્ષ, નવ મહિના અને ૨૫ દિવસની ઉંમરે કારકિર્દીની ૧૦૦મી ચેમ્પિયન્સ લીગ મેચ રમીને સૌથી યુવા વયે આ સિદ્ધિ મેળવવાનો મેસીનો (સપ્ટેમ્બર,૨૦૧૫માં ૨૮ વર્ષે ૧૦૦મી મેચ રમ્યો હતો.) રેકોર્ડ તોડ્યો. રિયલ મેડ્રિડે એમ્બાપ્પે, એસ્પી, એન્ડ્રીચ અને રૂડીજેરના ગોલની મદદથી ૪-૩થી રોમાને હરાવ્યું હતુ. રોમાએ ડે રુનના ગોલની મદદથી ૧-૦થી અને ડોન્લી માલનના બે ગોલની મદદથી મેચ ૩-૧થી લીડ મેળવી હતી, પણ તેઓને આખરે હારનો સામનો કરવો પડ્યો હતો. ઘરઆંગણે રમી રહેલા માંચેસ્ટર સિટીની સામે ડિફેન્ડિંગ ચેમ્પિયન પીએસજીએ ડેઝિરે ડુએ, ડેમ્બેલે અને વિટિન્હાના ગોલની મદદથી ૩-૦થી સરસાઈ મેળવી હતી. બીજા હાફમાં હાલેન્ડે બે ગોલ ફટકાર્યા હતા, પણ મેગ્નસ અક્લીયુશે ગોલ કરતાં પીએસજી ૪-૨થી વિજેતા બન્યું હતુ.



લીવરપૂલે બાર્કોલાની હેટ્રિક અને એરાઉજો, ફ્રિમ્પોંગ અને કોઉમાસના ગોલની મદદથી ૬-૩થી એલએએસકેને હરાવ્યું હતુ. જુબીસીસ અને ફ્લેચેરે પરાજીત ટીમ તરફથી સ્કોર કર્યો હતો. જ્યારે જેક્સન-બાર્કલીના બે-બે અને માન્ઝાબી-અબ્રાહમના એક-એક ગોલને સહારે ૬-૦થી એસ્ટન વિલા ફેનેરબેહેચ સામે જીત્યું હતુ. લીગના પોઈન્ટ ટેબલમાં પીએસજી,બાર્સેલોના અને એસ્ટન વિલા ૬-૬ પોઈન્ટ અને ૭-૭ના ગોલ ડિફરન્સ સાથે ટોપ થ્રીમાં છે.

### લીવરપૂલ અને એસ્ટન વિલાની ટીમ ૬-૬ ગોલ ફટકારી જીતી

## શાંઘાઈ માસ્ટર્સ ટેનિસ : હવે ડેવિડોવિચ સામે ટકરાશે

# ડે મિનોર સામે આસાન વિજય મેળવીને ઝ્વેરેવ સેમિ ફાઈનલમાં



શાંઘાઈ,તા.૧૫

ટેનિસના વર્લ્ડ રેન્કિંગમાં ટોચનું સ્થાન નિશ્ચિત કરી ચૂકેલા જર્મન ખેલાડી ઝ્વેરેવે સીધા સેટોમાં ૬-૪, ૬-૪થી ઓસ્ટ્રેલિયાના ડે મિનોરને હરાવીને શાંઘાઈ માસ્ટર્સ ૧૦૦૦ ટુર્નામેન્ટની સેમિ ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. આ સાથે ઝ્વેરેવ કારકિર્દીમાં ત્રીજી વખત શાંઘાઈ માસ્ટર્સની સેમિ ફાઈનલમાં રમશે. જ્યારે તે ૨૦૧૯ પછી પહેલીવાર અહીં અંતિમ ચારમાં પ્રવેશ્યો હતો. હવે ઝ્વેરેવનો મુકાબલો સ્પેનના ડેવિડોવિચ સામે થવાનો છે. ૨૫મો સીડ ધરાવતા સ્પેનિશ ખેલાડીને તેના હરિફ ખેલાડીની ઈજાથી ફાયદો થયો હતો. શાંઘાઈમાં શેલ્ટન અને મિન્સેક જેવા સ્ટાર ખેલાડીઓને હરાવી ચૂકેલા જેયાને ઈજાન કારણે ટેનિસ કોર્ટ છોડવો પડ્યો હતો. તે ડેવિડોવિચ સામે ૧-૪થી પાછળ હતો, ત્યારે તે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો.

ગયા વર્ષે ૧૫,૧૦૦ આઈટી એક્સપર્ટની ઘરવાપસી થઈ હતી

# અમેરિકાથી ૧૨,૭૦૦ ભારતીય આઈટી નિષ્ણાતો આ વર્ષે સ્વદેશ પરત ફર્યા

નવી દિલ્હી,તા.૧૫

આઈટી નિષ્ણાતો માટે અમેરિકામાં ટ્રમ્પ વહીવટીતંત્રએ રહેવું એકદમ વસમુ કરી દીધું છે. તેના કારણે એક પછી એક આઈટી નિષ્ણાતોની ઘરવાપસી થઈ રહી છે. ચાલુ વર્ષે સપ્ટેમ્બરમાં પૂરા થેલા નવ મહિના સુધીમાં ૧૨,૭૦૦ આઈટી નિષ્ણાત ભારત પરત ફરી ચૂક્યા છે. ગયા વર્ષે આ આંકડો વિક્રમજનક ૧૫,૧૦૦નો હતો. ચાલુ વર્ષે પણ હજી ત્રણ મહિના બાકી છે ત્યારે આ આંકડો સરળતાથી વટી જશે તેમ મનાય છે. આમ બે વર્ષમાં જ અમેરિકાથી લગભગ ૩૦ હજાર જેટલા આઈટી નિષ્ણાતો ભારત પરત આવશે. તેને રિવર્સ બ્રેઈન ડ્રેન પણ કહી શકાય.

## અગાઉ ૨૦૨૩માં ૭,૮૦૦ અને ૨૦૨૪માં ૯,૮૦૦ ભારતીય આઈટી નિષ્ણાતો અમેરિકાથી પરત આવ્યા હતા

અમેરિકામાં ઈમિગ્રેશનની તકલીફો વધતા અને ટ્રમ્પે ઈમિગ્રન્ટ્સનું રહેવું આકરું બનાવી દેતા અને ઈમિગ્રન્ટ્સે તેના બિસ્તરા પોટલા ઉચકીને પરત ફરવું પડે તેવી સ્થિતિ આવી ગઈ છે. આ અગાઉ ૨૦૨૩માં ૭,૨૦૦ અને ૨૦૨૪માં ૯,૮૦૦ ભારતીય આઈટી નિષ્ણાત પરત ફર્યા હતા. આ બતાવે છે કે આઈટી નિષ્ણાતો પરત તો આવતા જ હતા, પરંતુ ટ્રમ્પ આવ્યા પછી તેની ગતિમાં વધારો થયો છે. વધુને વધુ ભારતીય આઈટી પ્રોફેશનલ્સ પરત આવવા લાગ્યા છે. આ રીતે અમેરિકાનો અનુભવ ધરાવતા ભારતીય આઈટી નિષ્ણાતોના પરત આવવાના લીધે ભારતને ફાયદો થશે તેમ માનવામાં આવે છે. ભારતનું બુદ્ધિધન પરત ફરી રહ્યુ હોવાથી તેનો ફાયદો ભારતીય આઈટી સેક્ટરને મળી શકે તેમ પણ માનવામાં આવે છે. જો કે ભારતથી અમેરિકા જવાનું સાવ બંધ થઈ ગયું છે તેવું પણ નથી. સપ્ટેમ્બર સુધીમાં ૧૪,૫૦૦ લોકો અમેરિકા ગયા છે.

**અમેરિકાથી પરત આવનારા ટેક નિષ્ણાતોએ ભારતમાં યુએસની તુલનાએ ૨૫થી ૩૩ ટકા વેતને કામ કરવું પડે છે**

એક્સફેનોના સહસ્થાપક કમલ કારંથે જણાવ્યું હતું કે આ વર્ષે ભારત પરત ફરનારા ટેકનોલોજી પ્રોફેશનલ્સનો આંકડો ૨૦૨૫ને પણ વટાવી જઈ શકી છે. તેના પગલે દેશમાં પરત આવતું બુદ્ધિધન અને દેશમાંથી જતા બુદ્ધિધન વચ્ચેના સ્તરની અસર ઘટશે. એચ-૧બી વિઝા પર ટ્રમ્પ એક પછી એક એટલા પ્રતિબંધો લાવી રહ્યો છે કે ભારતીયો માટે ત્યાંના દરવાજા જાણે સદંતર બંધ જ થઈ ગયા છે. તેની સાથે તેમણે તે ભયસ્થાનો પણ દર્શાવ્યા હતા કે ભારતીય ટેકનોલોજી સેક્ટરમાં ૨૦૨૧ જેવું તેજું મોમેન્ટ નથી. દરેક કંપનીઓ ફૂંકફૂંકીને કર્મચારીની ભરતી કરી રહી છે. મુખ્યત્વે એઆઈ, મશીન લર્નિંગ, ડેટા અને પ્રોડક્ટ લીડરશિપ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, સાઈબર સિક્યોરિટી તથા એઆઈ સોલ્યુશન્સમાં માંગ છે. આ ઉપરાંત તેમને પગાર પણ અમેરિકન પગાર કરતાં ચોથા ભાગનો કે ત્રીજા ભાગનો પગાર મળશે. અમેરિકામાં આઈટી એન્જિનિયરનો સરેરાશ પગાર ૧.૦૫ લાખ ડોલરનો છે. આ તેઓ માટે સૌથી મોટોઆંચકો હશે. આવા અનેક આંચકા તેમણે પરત આવ્યા પછી સહન કરવા પડશે.

નાગરિક્તા નક્કી કરવી ચૂંટણી પંચનું કામ નથી : પૂર્વ ન્યાયાધીશ

# સુપ્રીમે 'સર' ચૂકાદાની પુનઃ સમીક્ષા કરવી જ જોઈએ : જસ્ટિસ ઓકા

નવી દિલ્હી, તા.૧૫

ચૂંટણીપંચના મતદાર યાદીમાં સુધારા કાર્યક્રમ 'સર' મુદ્દે ગેરરીતિના આક્ષેપો સાથે વિપક્ષ અને અનેક વિદ્યાર્થી સંગઠનો રસ્તા પર ઉતર્યા છે ત્યારે સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશોએ પણ 'સર' સામે અવાજ ઉઠાવ્યો છે. સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ અભય ઓકાએ સુપ્રીમને 'સર' અંગે આપેલા ચુકાદાની પુનઃ સમીક્ષા કરવા ભલામણ કરી હતી જ્યારે જસ્ટિસ કુરિયન જોસેફે ભારપૂર્વક કહ્યું કે, બંધારણીય કોર્ટો વિશેષરૂપે સુપ્રીમ કોર્ટે બંધારણના વોચડોગ તરીકે કામ કરવું જોઈએ. 'ભસતા કૂતરા કરડે નહીં' તે કહેવતમાં થોડા ફેરફાર કરતા તેમણે કહ્યું કે, ભસવાથી કામ ના થાય તો વોચડોગે કરડવા માટે પણ મજબૂર થવું પડે.

## ભસવાથી કામ ના ચાલે તો વોચડોગે કરડવું પણ પડે, બંધારણીય સંસ્થાઓની આઝાદી માટે જનતાની જાગૃતી જરૂરી : જસ્ટિસ કુરિયન

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ અભય ઓકાએ જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટે મે ૨૦૨૬માં 'સર'ની બંધારણીયતાને જાળવી રાખવા અંગે આપેલા ચુકાદાની પુનઃ સમીક્ષા કરવી જ જોઈએ. ગણના ફોર્મ નહીં ભરવા પર મતદારોના નામ સીધા મતદાર યાદીમાંથી કાપી શકાય નહીં. ફોર્મ-૬ અને ફોર્મ-૮માં ફેરફારનો અધિકાર પણ ચૂંટણી પંચ પાસે નથી. ચૂંટણી પંચ પાસે એ નક્કી કરવાનો અધિકાર નથી કે કોઈ વ્યક્તિ ભારતનો નાગરિક છે કે નહીં.

તેમણે કહ્યું કે, સરની પ્રક્રિયામાં ગણના ફોર્મ નહીં ભરવાના કારણે મતદારાનું નામ હટાવવા, બધા ચૂંટણી ક્ષેત્રોમાં એક સાથે પુનરીક્ષણ કરાવવા અને મતદારા નોંધણી સાથે સંકળાયેલા ફોર્મ-૬ તથા ફોર્મ-૮માં વધારાની જાહેરાતો જોડવા જેવા ગંભીર કાયદાકીય સવાલો ઊભા થયા છે. ચૂંટણી પંચને કાયદા બહાર જઈ કોઈપણ મતદાતાનું નામ હટાવવા અથવા તેની નાગરિક્તા પર નિર્ણય લેવાનો અધિકાર આપી શકાય નહીં.

બીજીબાજુ મુખ્ય ન્યાયાધીશના 'કોકરોચ' અને 'માખી' જેવા શબ્દો ચર્ચાસ્પદ બન્યા છે ત્યારે હવે સુપ્રીમના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ કુરિયનના 'ડોગ' શબ્દે નવી ચર્ચા જગાવી છે. જસ્ટિસ કુરિયન જોસેફે કહ્યું કે, બંધારણીય કોર્ટો વિશેષરૂપે સુપ્રીમ કોર્ટે બંધારણના વોચડોગ તરીકે કામ કરવું જોઈએ અને બંધારણના વિચારો અથવા મૂલ્યો પર જોખમ હોય ત્યારે દખલ કરવી જોઈએ.

તેમણે જણાવ્યું હતું કે, 'ભસનારા કૂતરા કરડતા નથી તેમ કહેવાય છે, પરંતુ આ ભસનારા કૂતરા એટલે કે સંરક્ષક, વોચડોગ અથવા રખેવાળને ભસવાથી ઈચ્છિત પરિણામ ના મળે તો કરડવા પણ મજબૂર થવું જોઈએ.' લોકોની એવી માન્યતા છે કે બંધારણીય સંસ્થાઓની આઝાદી અને અખંડતા પર જોખમ હોય ત્યારે તે ભસતી પણ નથી અને કરડતી પણ નથી. બંધારણીય અધિકારી જવાબદેય બને અને પોતાની જવાબદારીઓ મુજબ પોતાની શક્તિઓનો ઉપયોગ કરે તે નિશ્ચિત કરવા માટે દેશમાં જનતાની જાગૃતિ અત્યંત જરૂરી છે.

અનામત મુદ્દે સુપ્રીમ કોર્ટનો મોટો ચુકાદો

# હિન્દુ ધર્મ છોડી મુસ્લિમ બનતા પછાત વર્ગના લોકોને અનામતનો લાભ ના મળી શકે

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટે ગુરુવારે અનામત મુદ્દે મોટો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યુ છે કે હિન્દુ ધર્મ છોડી ઈસ્લામમાં ધર્માંતરણ કરનારી વ્યક્તિને પછાત વર્ગની શ્રેણી હેઠળ અનામતનો દાવો કરી શકે નહીં. મદ્રાસ હાઈકોર્ટના નિર્ણયને જાળવી રાખ્યો હતો. સુપ્રીમે નોંધ્યું હતું કે, હિન્દુ ધર્મમાં ભોગવવા પડેલા પછાતપણાને મુસ્લિમ ધર્મમાં લંબાવી શકાય નહીં, કારણ કે મુસ્લિમ સમાજમાં આવી કોઈ સામાજિક વ્યવસ્થા નથી.

## ધર્માંતરણ પછી ફરીથી હિન્દુ ધર્મ અપનાવનારને પછાત વર્ગનો દરજ્જો આપમેળે પાછો મળી શકે નહીં : સુપ્રીમ

તમિલનાડુ સરકારે પછાત વર્ગ, અતિ પછાત વર્ગ અને અનુસૂચિત જાતિઓના લોકોને ઈસ્લામ અપનાવ્યા બાદ પણ પછાત વર્ગ મુસ્લિમની શ્રેણીમાં સામેલ કરવાની મંજૂરી આપી હતી. જોકે, મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ સરકારના આ નિર્ણયને રદ કરી દીધો હતો અને તેને ગેરબંધારણીય ગણાવ્યો હતો. હાઈકોર્ટના આદેશને તમિલનાડુ સરકારે સુપ્રીમમાં પડકાર્યો હતો.

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન ન્યાયાધીશ પ્રશાંત કુમાર મિશ્રા અને ન્યાયાધિશ ચંદ્રશેખરની બેન્ચે કહ્યું કે, હિન્દુ ધર્મ છોડીને કોઈ અન્ય ધર્મને અપનાવનારી વ્યક્તિ ધર્મ પરિવર્તન પહેલા જે સામાજિક રૂપે પછાત વર્ગની હતી, તેને મળનારા કલ્યાણકારી લાભોનો દાવો ધર્માંતરણ પછી કરી શકે નહીં.

સુપ્રીમ સ્પષ્ટ કર્યું કે, બંધારણીય (અનુસૂચિત જાતિ) આદેશ, ૧૯૫૦માં પણ એ જોગવાઈ છે કે હિન્દુ, શિખ અથવા બૌદ્ધ સિવાયના અન્ય ધર્મની વ્યક્તિને પછાત જાતિના સભ્ય માની શકાય નહીં. એવામાં આ ધર્મો સિવાય કોઈ અન્ય ધર્મ અપનાવવા પર વ્યક્તિ પોતાના પહેલાના ધર્મની જાતિ સાથે સંકળાયેલ અનુસૂચિત જાતિનો દરજ્જો ગુમાવી દે છે અને તે અનામતનો લાભ માગી શકે નહીં.




પોલીસે માત્ર ૧૧ લોકોને જ મંજૂરી આપી

# આજે દિલ્હીનાં કનોટ પેલેસમાં સીજેપીની લહેરા દો તિરંગા યાત્રા

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૧૫

કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)નાં સ્થાપક અભિજીત દિપકેએ આજે લોકોને અપીલ કરી છે કે તેઓ આવતીકાલે કનોટ પેલેસનાં સેન્ટ્રલ પાર્કમાં રાષ્ટ્રીય ધ્વજ લઈને લહેરા દો તિરંગા માર્ચમાં સામેલ થાય.

## કનોટ પેલેસ દેખાવો માટે નક્કી કરેલી જગ્યાઓ સામેલ ન હોવાથી ફરીથી પોલીસ-દેખાવકારો વચ્ચે સંઘર્ષ થશે

ઉલ્લેખનીય છે કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની વિરુદ્ધ દેખાવો અંગે દિલ્હી પોલીસ સાથે ચાલી રહેલા સંઘર્ષની વચ્ચે આ માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે.

એનડીએમસી (ન્યૂ દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલ)એ જણાવ્યું છે કે શુક્રવારે સેન્ટ્રલ પાર્ક બંધ રહેશે. બીજી તરફ દિલ્હી પોલીસનાં એક અધિકારીએ જણાવ્યું છે કે કનોટ પેલેસ દેખાવો માટે નક્કી કરવામાં આવેલી જગ્યા નથી.

જેના કારણે પોલીસ અને દેખાવકારો વચ્ચે એક સંઘર્ષ થવાનાં આસાર છે. અહીં આયોજિત એક પ્રેસ કાન્ફરન્સમાં એઆઈએસએ, એસએફઆઈ અને એઆઈએસએફ જેવા વિદ્યાર્થી સંગઠનોનાં પ્રતિનિધિઓની સાથે પ્રશાંત ભૂષણ, પ્રકાશ રાજ, અંજલિ ભારદ્વાજ અને નિખિલ જેવા રાજકીય કાર્યકરો પણ હાજર રહ્યાં હતાં.

દિપકેએ જણાવ્યું છે કે હું તમામ રાજકીય પક્ષો અને નાગરિક સમાજ જૂથોને અપીલ કરું છું કે વિચારધારાથી ઉપર ઉઠીને એક સાથે આવે. જો મત આપવાનો અધિકાર જ રહેશે નહીં તો લોકશાહી પણ નહીં બચે.

એસઆઈઆર વિવાદ વચ્ચે ચૂંટણી પંચની જાહેરાત

# ગુજરાત સહિત ૧૭ રાજ્યોમાં એસએસઆરનો પંચનો આદેશ

નવી દિલ્હી, તા. ૧૫

મતદાર યાદીનાં એસઆઈઆર અંગે ચાલી રહેલા વિવાદની વચ્ચે ચૂંટણી પંચે ૧૭ રાજ્યોમાં સ્પેશિયલ સમરી રિવિઝન (એસએસઆર) કરવાનો આદેશ આપ્યો છે. ચૂંટણી પંચે પીપલ્સ રિપ્રેઝેન્ટેટિવ એક્ટની કલમ ૨૧ હેઠળ આ આદેશ આપ્યો છે.

## ૧૭ રાજ્યો પૈકી ઉ.પ્ર., પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને ગુજરાતમાં આવતા વર્ષે વિધાનસભા ચૂંટણી

આ રિવિઝન માટે ૧ જાન્યુઆરી, ૨૦૨૭ને ક્વાલિફાઈંગ ડેટ માનવામાં આવશે. તેનો અર્થ થાય છે કે ૧ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી જે લોકો પણ ૧૮ વર્ષ પૂર્ણ કરી રહ્યાં છે તે પોતાના નામ મતદાર યાદીમાં દાખલ કરાવી શકશે.

જે ૧૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એસએસઆરનો આદેશ આપવામાં આવ્યો છે તેમાં અંડમાન અને નિકોબાર, આસામ, બિહાર, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, લક્ષદ્વીપ, મધ્ય પ્રદેશ, મણિપુર, પુડુચેરી, પંજાબ, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે આ ૧૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો પૈકી ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને ગુજરાતમાં આવતા વર્ષે એટલે કે ૨૦૨૭માં વિધાનસભા ચૂંટણી થવાની છે.

ચૂંટણી પંચે જણાવ્યું છે કે જે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એસઆઈઆર ચાલી રહ્યું છે અથવા તાજેતરમાં પૂર્ણ થયું છે ત્યાં એસએસઆરનું કાર્યક્રમ થોડાક સમય પછી જાહેર કરવામાં આવશે.

ચૂંટણી પંચે જણાવ્યું છે કે ૧ જાન્યુઆરી, ૨૦૨૭ની સાથે ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબર, ૨૦૨૭નાં રોજ જે વ્યકિતનાં ૧૮ વર્ષ પૂર્ણ થાય છે તેઓ પણ એડવાન્સમાં અરજી કરી શકશે.

# પેશાવરમાં સ્કૂલની છત તૂટી પડતાં ૩૪ બાળકો સહિત ૩૫નાં મોત

(પીટીઆઈ) પેશાવર,તા.૧૫

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના પાટનગર પેશાવરની એક ખાનગી શાળાની છત ગુરૂવારે તૂટી પડતા ૩૪ વિદ્યાર્થીઓ અને એક શિક્ષકના મોત થયા છે.

## ૨૦ વિદ્યાર્થીઓ ઘાયલ, ત્રણની હાલત ગંભીર ભોગ બનેલા વિદ્યાર્થીઓ ૧૩ વર્ષથી નાના

શહેરના ગીચ આંતરિક વિસ્તારમાં આવેલી ડિર કોલોની સ્થિત અલ-ખૈર સ્કૂલનું છાપરૂં તૂટી પડ્યું ત્યારે શાળાના ઉપલા માળે આવેલા વર્ગખંડોમાં ૩૦ વિદ્યાર્થીઓ બેઠા હતા.

સંસ્થાનું શિક્ષણ ટ્રસ્ટરૂપે સંચાલન કરતા માલિકને અટક કરાયો છે. ત્રણ માળની ઈમારતનું છાપરૂં કંગાળપણે બાંધવામાં આવ્યું હતું.

ઘાયલ ૩૨ વિદ્યાર્થીઓ અને એક શિક્ષકને સારવાર માટે પેશાવરની લેડી રીડિંગ હોસ્પિટલમાં દાખલ કરાતા તમામને મૃત જાહેર કરાયા હતા.

અન્ય બે મૃતકોના શબોને શહેરની નસીરૂલ્લાહ ખાન બાબર મેમોરિઅલ હોસ્પિટલમાં તબદીલ કરાયા હતા.

ઘાયલ અન્ય ૨૦ વિદ્યાર્થીઓને પણ લેડી રીડિંગ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં એમને પ્રાથમિક સારવાર આપી ઘેર જવા દેવાયા હતા. માથે વાગવાથી ગંભીર ઘાયલ ત્રણ અન્ય વિદ્યાર્થીઓને હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

ઘાયલોની સારવાર માટે હોસ્પિટલમાં કટોકટી જાહેર કરાઈ છે. દુર્ઘટનાના મૃત અથવા ઘાયલ તમામ વિદ્યાર્થીઓ ૧૩ વર્ષના અથવા એથી નાના છે. શાળાના કાટમાળ નીચે દબાયેલા બધા લોકોને બચાવી લેવાયા છે. સત્તાવાળાઓએ દુર્ઘટનાની તપાસનો આદેશ કર્યો છે.

પ્રાઈવેટ સ્કૂલ્સ રેગ્યુલેટરી ઓથોરિટીના મેનેજિંગ ડિરેકટરને દુર્ઘટના બાબત રિપોર્ટ સુપરત કરવા જણાવાયું છે. શહેરના પોલીસ વડાએ જણાવ્યું કે શાળાનું મકાન સાંકડી ગલીઓમાં આવ્યું હોવાથી રાહત-બચાવની કાર્યવાહી મુશ્કેલ બની હતી.

### દેખાવોમાં ભાગ લેનારા એક્ટર ઈમરાનને ભારત છોડવા નોટિસ

અમેરિકી નાગરિકત્વ ધરાવતા અને ઓવરસીઝ સિટિઝન ઓફ ઈન્ડિયા (ઓસીઆઈ) કાર્ડ તરીકે આજીવન ભારતમાં ગમે તેટલીવાર અવરજવરનો વીઝા ધરાવતા એક્ટર ઈમરાન ખાનને મુંબઈમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના વિરોધમાં યોજાયેલાં આંદોલનમાં ભાગ લીધા બાદ તા. ૨૮મી ઓક્ટોબર સુધીમાં ભારત છોડી દેવાની નોટિસ મુંબઈ પોલીસ દ્વારા આપવામાં આવતાં ભારે વિવાદ સર્જાયો છે. વિપક્ષોએ આ પગલાંને સરમુખત્યારશાહી ગણાવ્યું છે. આ વિરોધ પ્રદર્શનો યોજનાર સીજેપી પાર્ટીના સ્થાપક અભિજીત દિપકેએ બોલિવુડને ઈમરાનનાં સમર્થનમાં ઉતરવા અપીલ કરી છે. બીજી તરફ ઈમરાન ખુદ આ નોટિસને હાઈકોર્ટમાં પડકારવાની તૈયારીમાં છે. ગઈ તા. ૧૦મીએ મુંબઈમાં યોજાયેલાં આંદોલનમાં ભાગ લેનારા ઈમરાન ખાનની પોલીસે થોડા સમય માટે અટકાયત પણ કરી હતી. તે પછી મુંબઈ પોલીસે તેને ઈમીગ્રેશન અને ફોરનર્સ એક્ટની જોગવાઈઓ અનુસાર નોટીસ આપી છે. ઉલ્લેખનીય છે કે એક્ટર આમિર ખાનનો ભાણેજ ઈમરાન અનેક બોલિવુડ ફિલ્મોમાં કામ કરી ચૂક્યો છે. વર્ષો સુધી ફિલ્મી પડદે અદ્રશ્ય રહ્યા બાદ તે હવે ફરી ફિલ્મોમાં પુનરાગમન પણ કરવાનો છે.

યુરોપિયન દેશમાં ફ્લેમિંગો રેવોલ્યુશન



અલ્બેનિયામાં પીએમ એડી રામાના રાજીનામાની માગ સાથે વિદ્યાર્થીઓ અને વિપક્ષ દ્વારા ફ્લેમિંગો રેવોલ્યુશનની શરૂઆત કરવામાં આવી છે. જેમાં, વિદ્યાર્થીઓ નેટફ્લિક્સ સિરીઝ મની હાઈસ્ટની જેમ જ માસ્ક પહેરીને રાજધાનીમાં તોડફોડ કરી રહ્યા છે. અનેક બેંકો, દુકાનોમાં પ્રદર્શનકારીઓ ઘુસી ગયા હતા અને ઉત્પાત મચાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, અલ્બેનિયામાં ટ્રમ્પ ફેમિલી દ્વારા રિસોર્ટ પ્રોજેક્ટની જાહેરાત બાદથી એડી રામાની સરકાર વિરોધનો સામનો કરી રહી હતી.

સીએનએનના અહેવાલમાં ઘટસ્ફોટ

# અમેરિકા ઈરાન સામે 'મધર ઓફ ઓલ બોમ્બસ'નો ઉપયોગ કરી શકે છે

વોશિંગ્ટન, તા.૧૫

ઈરાન સાથેના યુદ્ધમાં સંભવિત નવી સૈન્ય કાર્યવાહી માટે અમેરિકાએ મધર ઓફ ઓલ બોમ્બ્સના ઉપયોગ સહિતના વિકલ્પ તૈયાર કર્યા હોવાનો અહેવાલ સામે આવ્યો છે. સીએનએનએ અમેરિકાના અધિકારીઓ સાથે ચર્ચા બાદ જણાવ્યું કે, ડોનાલ્ડ ટ્રમ્પ ફરી હુમલાના આદેશ આપે તો ઈરાનના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પરમાણુ સુવિધાઓને ટારગેટ કરવા માટે આ બોમ્બનો ઉપયોગ થઈ શકે છે.

## અફઘાનિસ્તાનમાં ૨૦૧૭માં ઈસ્લામિક સ્ટેટના નેટવર્કને ધ્વસ્ત કરવા માટે તેનો પ્રયોગ કરાયો હતો

સંભવિત ટારગેટમાં ઈરાનના એનર્જી સ્ટ્રક્ચર ઉપરાંત પિકએક્સ માઉન્ટેન તરીકે ઓળખાતા ભૂગર્ભ પરિસરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અમેરિકાના અધિકારીઓને શંકા છે કે, આ સ્થળે ઈરાનના પરમાણુ કાર્યક્રમ સાથે જોડાયેલી સામગ્રી રાખવામાં આવી હોઈ શકે છે. મધર ઓફ ઓલ બોમ્બ્સ અમેરિકાના શસ્ત્રભંડારમાં સૌથી શક્તિશાળી બિનપરમાણુ બોમ્બ છે. આ મહાવિનાશક બોમ્બ જમીનની સપાટી પર અથવા તેની નજીક વિનાશક અસર ઊભી કરી શકે છે. અમેરિકાએ ૧૩ એપ્રિલ, ૨૦૧૭ના રોજ અફઘાનિસ્તાનમાં આઈએસઆઈએસના ગુફા અને ટનલ નેટવર્કને ધ્વસ્ત કરવા માટે તેનો ઉપયોગ કર્યો હતો. મધર ઓફ ઓલ બોમ્બ્સના ઉપયોગથી ઈરાન પર સૈન્ય દબાણ વધી શકે છે.

ઈઝરાયેલે ગાઝામાં કોમર્શિયલ ગુડ્સની એન્ટ્રી અટકાવી

# હુથીઓ હવે ૨,૦૦૦ કિ.મી.ની પ્રહાર ક્ષમતાવાળી મિસાઈલ બનાવવાની તૈયારીમાં

દુબઈ,તા.૧૫

યમનમાં ફક્ત યમનની જ સરકારી સેના નહી તેના સમર્થક સાઉદી અરેબિયાને પણ બરોબરનો પરસવો પડાવી રહેલા હુથીઓ હવે એડવાન્સ મિસાઈલ બનાવવાની તૈયારી કરી રહ્યા હોવાના અહેવાલોથી વિશ્વમાં સનસનાટી મચી ગઈ છે. આ મિસાઈલ મધ્યમ અંતરના છે. તેમા ચીનમાં મોકલવામાં આવેલા સ્પેરપાર્ટ્સનો ઉપયોગ થઈ રહ્યો છે. હુથીઓ હવે ઈરાન પર આધારિત રહેવા માંગતા નથી. તે સીધા ચીનના સ્પેરપાર્ટ્સ લાવીને જ શસ્ત્રો બનાવવા માંગે છે. કોન્ફ્લિક્ટ આર્મામેન્ટ રિસર્ચ નામના સંગઠને આ અહેવાલ આપ્યો છે. તે યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં શસ્ત્રોના સપ્લાય અને તેની સપ્લાય ચેઈનની ચકાસણી કરે છે.

## આખુ મધ્યપૂર્વ આ મિસાઈલથી હુથીઓની રેન્જમાં જશે તેવી નિષ્ણાતોએ ચેતવણી આપતા સનસનાટી મચી

અહેવાલ મુજબ હુથીઓએ ચીનના એક સપ્લાયર પાસેથી કેટલાય આવશ્યક સ્પેરપાર્ટ્સ મંગાવ્યા. આ સ્પેરપાર્ટ્સ ઈરાનની એક શક્તિશાળી મિસાઈલ ખેબર શેકન જેવી મિસાઈલ બનાવવાના કામ આવે છે.

ખેબર શેકન એક ચોકસાઈપૂર્વક નિશાન લગાવતી મિસાઈલ છે. હુથીઓ આ પ્રકારની મિસાઈલ પોતે બનાવવાની ફિરાકમાં લાગેલા છે. આ મિસાઈલની રેન્જમાં આખેઆખુ સાઉદી અરેબિયા અને ઈઝરાયેલ સુદ્ધા આવી જાય છે. મિસાઈલોનો આગળનો હિસ્સો અલગ પડીને અકલ્પનીય ઝડપે લક્ષ્યાંક તરફ આગળ વધે છે. તે સમયે તેની ઝડપ લગભગ ૯,૬૫૬ કિ.મી.ની હોવાનો અંદાજ છે. હુથીઓ આ મિસાઈલ સફળતાપૂર્વક બનાવી લેશે તો તેની મારક ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે.

વિશ્લેષકોનું કહેવું છે કે બળવાખોરોની મહત્ત્વાકાંક્ષા વિશેષ છે અને તેઓ એકદમ સુગઠિત રીતે કામ કરે છે. કદાચ એલટીટીઈ પછી આટલું સજ્જ બનવા માંગતુ હોય તેવું હુથી બળવાખોરોનું બીજું સંગઠન છે. કોન્ફ્લિક્ટ આર્મામેન્ટના રિપોર્ટનો આધાર યમનના સરકારી સત્તાવાળાઓએ જુલાઈમાં પકડેલા શિપમેન્ટમાંથી જપ્ત કરાયેલી શંકાસ્પદ સામગ્રી છે. આ શિપમેન્ટ ચીનથી આવ્યુ હતું અને યમનના હોદૈદા બંદરે ઉતર્યુ હતુ.

**હુથીઓનો યમનના રાષ્ટ્રપતિ ભવન પર ભીષણ મિસાઈલ હુમલો : પાંચનાં મોત**

આ બંદરનો ઉપયોગ ઈરાનીઓ તેમના શસ્ત્રોના ટ્રાન્સફર પોઈન્ટ તરીકે કરે છે. હુથીઓ પાસેથી જપ્ત કરવામાં આવેલા શસ્ત્રોમાં ચાઈનીઝ બનાવટના શસ્ત્રોનું પ્રમાણ સૌથી વધારે હતું.

સાઉદી અરેબિયાએ જણાવ્યું હતું કે તેણે પવિત્ર શહેર મદીના અને પૂર્વવિસ્તાર પરના હુથીના મિસાઈલ હુમલાને ખાળ્યા છે. મદીના પર ક્રુઝ મિસાઈલ વડે કરવામાં આવેલા હુમલાને તેણે આંતરીને ખાળ્યો છે.

અમેરિકાની ડબલ ઢોલકીઃ યુક્રેનને સહાય તો પુતિન પાસેથી ડીઝલ લીધું

# સ્ટારલિંકે સ્પીડ ઘટાડતા યુક્રેનના રશિયા પર હુમલો કરવાના અનેક મિશન ફેલ

કીવ,તા.૧૫

યુક્રેનના લશ્કરે ઓક્ટોબરમાં કલ્પના ન કરી હોય તેવી સ્થિતિનો સામનો કરવાનો આવ્યો છે. આ સ્થિતિ પાછી રશિયન મોરચે નથી, પરંતુ તેમના જ મિત્ર દેશ અમેરિકા તરફથી સર્જાઈ છે. ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સ સંચાલિત સ્ટારલિંકના ખાસ કરીને લશ્કરી વર્ઝન સ્ટારશીલ્ડ પર કોઈપણ પૂર્વસૂચના વગર તેની ઝડપ ઘટાડવામાં આવી. ટર્મિનલ પ્રતિ કલાક ૧૬૦ કિ.મી. વધુ ઝડપથી ચાલવા બદલ કનેકશન છોડવા લાગ્યા, તેનાથી યુક્રેનના ડ્રોન મિશન અસર પામ્યા.

## યુએસ ગવર્નમેન્ટે એકબાજુએ સ્ટારલિંકની સ્પીડ મર્યાદિત કરી અને બીજી બાજુ રશિયાનો ૮૫૬ ડ્રોન વડે યુક્રેન પર હુમલો

હુમલાખોર ડ્રોન અને રશિયન સંચાલિત જેટ ડ્રોનને રોકતા ઈન્ટરસેપ્ટર બંને પ્રભાવિત થયા. કેટલાક યુક્રેની અધિકારીઓએ આ સ્થિતિને પરમાણુ હુમલા જેવી ગણાવી. તેનું કારણ એ હતું કે તેના લીધે ઘણા મિશન રદ કરવા પડ્યા અને ફ્રન્ટલાઈન ઓપરેશનમાં અવરોધ આવ્યો. ઈલોન મસ્કે સ્પષ્ટ કર્યુ હતું કે સ્ટારશીલ્ડ અમેરિકન સરકારના લશ્કરી નિયંત્રણમાં છે.

સ્ટારલિંકે યુક્રેનને ઓછા ખર્ચવાળા જામિંગવિરોધી સંચારનો રસ્તો આપ્યો. હજારો ટર્મિનલ ફ્રન્ટલાઈન પર ઉપયોગમાં લેવામાં આવી રહ્યા છે. એકલું પોલેન્ડ જ લગભગ ૨૯,૦૦૦ ટર્મિનલ પૂરા પાડી ચૂક્યું છે. જ્યારે કુલ સંખ્યા એક લાખથી વધુ બતાવવામાં આવી રહી છે. બીજી બાજુ અમેરિકાના ભૂતપૂર્વ વિદેશપ્રધાન હિલેરી ક્લિન્ટન અને રિપબ્લિકન નેતા થોમ ટિલિસે જણાવ્યું હતું કે યુક્રેનમાં સ્ટારલિંકની સર્વિસમાં અવરોધ આવ્યો તેના અંગે ઈલોન મસ્ક સ્પષ્ટતા કરે. તેમણે આ ટિપ્પણી ત્યારે કરી છે જ્યારે યુક્રેને દાવો કર્યો છે કે સ્પેસેક્સે સ્પીડલિમિટ બાંધી દીધી છે. તેના લીધે તેના ઘણા બધા મિશન નિષ્ફળ ગયા હતા.

રશિયાએ દાવો કર્યો હતો કે યુક્રેને ટ્રમ્પની વિનંતી છતાં પણ તેમની ઓઈલ રિફાઈનરીઓ પર હુમલા ચાલુ રાખ્યા છે. બીજી બાજુ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે અમેરિકાએ આપેલો ૨૪ કલાકનો સમયગાળો પૂરો થયો, યુક્રેન હવે રશિયાની ઓઈલ રિફાઈનરીઓ પર હુમલા કરશે.

આ દરમિયાન રશિયાએ યુક્રેનના કિરોવોહરેડ રિજયનમાં કરેલા હુમલામાં ત્રણના મોત થયા હતા અને છને ઈજા થઈ હતી. ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે મધરાત્રિથી લઈને ગુરુવાર સુધી યુક્રેનમાં ૮૫૦ ડ્રોને હુમલા કર્યા હતા. આ હુમલા ત્યારે થયા હતા જ્યારે આ હુમલા અટકાવવાની અમારી ઝડપ કૃત્રિમ રીતે મર્યાદિત કરી દેવાઈ હતી.

## મોંઘવારીમાં પીસાતી પ્રજા અને સરકારની છલોછલ થતી તિજોરી !

# સરકારને બખ્ખંબખ્ખા ટેક્સની આવક ૧૩ ટકા વધી રૂ. ૧૩.૩૮ લાખ કરોડ

(પીટીઆઇ) નવી દિલ્હી, તા. ૧૫

દેશમાં સામાન્ય જનતા મોંઘવારીના મારથી પીસાઈ રહી છે. રિટેલ ફૂગાવો અને જથ્થાબંધ ફૂગાવો અનેક મહિનાઓની ટોચે છે. આવા સમયે પણ સરકારની તીજોરી ટેક્સની આવકોથી છલકાઈ રહી છે. એકબાજુ સરકારને જીએસટી સ્વરૂપે માસિક કરોડોની આવક થઈ રહી છે. બીજીબાજુ ચાલુ નાણાકીય વર્ષમાં સરકારને નેટ ડાયરેક્ટ કલેક્શન ૧૩.૨૧ ટકા વધીને રૂ. ૧૩.૩૮ લાખ કરોડને પાર થઈ ગયું છે. સરકારને કંપનીઓ તરફથી મળતા ટેક્સમાં ૨૦.૫૮ ટકા જેટલો વધારો થયો છે જ્યારે શેરબજારમાં થતી લેવડ-દેવડથી પણ સરકારની આવક વધી છે. એટલે અંતે તો પ્રજા ભલે મોંઘવારીમાં જીવન ટકાવી રાખવાના હવાતિયા મારતી રહે પણ સરકારને તો બખ્ખંબખ્ખા જ છે.

## કોર્પોરેટ ટેક્સ કલેક્શન ૨૦ ટકા વધી ૫.૯૯ લાખ કરોડ, નોન કોર્પોરેટ ટેક્સ કલેક્શન ૫.૮૩ ટકા વધી ૬.૯૨ લાખ કરોડ

ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં નેટ ડાયરેક્ટ કલેકશન ૧૩.૨૧ ટકા વધીને લગભગ ૧૩.૩૮ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. જે સમગ્ર વર્ષનાં બજેટ લક્ષ્યનાં લગભગ ૫૦ ટકા છે. ચાલુ નાણાકીય વર્ષમાં ૧ એપ્રિલથી ૧૪ ઓક્ટોબરની વચ્ચે ડાયરેકટ ટેક્સ કલેક્શનમાં જોવા મળેલો આ વધારો મુખ્યત્વે કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં ૨૦ ટકાની મજબૂત વૃદ્ધિને કારણે જોવા મળ્યો છે. આ વૃદ્ધિ એવા સમયે જોવા મળી છે

(અનુસંધાન ૧૩મે પાને)

## સાઉથ કોરિયાનું બજાર તૂટતા રોકાણકારોના રૂ. ૧૮ લાખ કરોડ ડૂબ્યા

# એશિયાઈ શેરબજારમાં ઉથલપાથલ વચ્ચે ભારતીય બજારોમાં તેજીનો ચમકારો

અમદાવાદ, તા. ૧૫

ગઈકાલે અમેરિકી શેરબજારમાં નરમાઈના માહોલના પગલે આજે એશિયાઈ શેરબજારોમાં નરમાઈ તરફથી વલણ રહ્યું હતું. જોકે બીજી તરફ ભારતીય શેર બજારમાં ચોક્કસ સાનુકૂળ પરિબળો પાછળ આજે સેન્સેક્સમાં ૧૫૩૩ પોઈન્ટ નો ઉછાળો નોંધાયો હતો. સેન્સેક્સમાં તોતિંગ ઉછાળો નોંધાવા છતા આજે રોકાણકારોની સંપત્તિમાં માત્ર રૂ. ૫૬,૦૦૦ કરોડનો વધારો થયો હતો.

## સેન્સેક્સમાં ૧૫૩૩, નિફ્ટીમાં ૩૭૪ પોઈન્ટનો તોતિંગ ઉછાળો છતાં રોકાણકારોની સંપત્તિ માત્ર રૂ. ૫૬ હજાર કરોડ વધી

ગઈકાલે એટલે કે બુધવારે ઉંચો ફુગાવો અને ટેકનોલોજી અને સેમિકન્ડક્ટર શેરોમાં ભારે ઘટાડા પાછળ યુએસ શેરબજારમાં ઘટાડો થયો હતો. નાસ્ડેક કમ્પોઝિટ ૧.૮૮% અને ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ ૦.૦૯% તૂટ્યો હતો. તેની અસર એશિયન બજારો પર પણ

(અનુસંધાન ૧૩મે પાને)

### બેધડક -મંજુલ



આપણે તો લોકશાહીની જનેતા છીએ એટલે આપણે લોકશાહીના સિદ્ધાંતો કે નિયમો પાળવાની કોઈ જરૂર નથી !

## મોડી રાતે સર્ક્યુલર જાહેર કરાયો

# સેબીએ સીએએસના ફ્રેમવર્કમાં સુધારો કર્યો : ૭ ડિસે.થી અમલ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૧૫

શેરબજાર નિયામક સેબીએ ક્લોઝિંગ ઓક્શન સેશન (સીએએસ)ના ફ્રેમવર્કમાં સુધારો કર્યો છે, જેમાં ટ્રેડિંગનો સમય અને ડેરિવેટિવ્ઝ કોન્ટ્રેક્ટ્સના સેટલમેન્ટ પ્રાઈસ નક્કી કરવાની પદ્ધતિ બદલવામાં આવી છે.

## સેબીએ શેરબજારમાં રેફરન્સ અને સેટલમેન્ટ પ્રાઈસની ગણતરીમાં પણ મોટો ફેરફાર કર્યો

જાહેર સૂચનો અને સલાહકાર સમિતિની ભલામણો બાદ શેરબજારમાં પારદર્શિતા અને ભાવ શોધ સુધારવા માટે સેબીએ ક્લોઝિંગ ઓક્શન સેશન અને ડેરિવેટિવ્ઝ સેટલમેન્ટની પદ્ધતિ બદલવાનો

(અનુસંધાન ૧૩મે પાને)

## સોશિયલ મીડિયામાં 'પર્પલ ફીવર' છવાયો



સોશિયલ મીડિયામાં છેલ્લા ઘણા સમયથી 'એસ્થેટિક' ફોટોઝ વાયરલ થઈ રહ્યા છે. આ સીરિઝમાં હવે, પર્પલ કલર છવાઈ ગયો છે. એટલી હદે કે, કેફેના મેનૂથી લઈને મોટી ફૂડ કંપનીઓના પ્રોડક્ટસ સુધી પર્પલ કલર જ જોવા મળી રહ્યો છે. ફિલિપાઈન્સમાં સદીઓથી વપરાતું પર્પલ ઉબે અમેરિકામાં આઈસ્ક્રીમ, કોફી, કેક અને પેનકેક જેવા પ્રોડક્ટ્સમાં પોપ્યુલર બન્યું છે. ઉબે ફિલિપાઈન્સની સંસ્કૃતિનો ભાગ છે. ઉબેનો ટેસ્ટ થોડો સ્વીટ, નટ્સ જેવો અને વેનિલાની યાદ અપાવે તેવો હોય છે. ગ્રીન કલરના માચા બાદ હવે સોશિયલ મીડિયાને નવો કલર કિંગ મળી ગયો છે. અમેરિકામાં તે પોપ્યુલર થતા આ ટ્રેન્ડ વિશ્વભરમાં ફેલાઈ રહી છે.

## કુલ કર્મચારીઓમાંથી છ ટકાને અસરઃ વોલ સ્ટ્રીટ

# નેટફ્લિક્સે કુલ એક હજાર કર્મચારીઓની છટણી કરી

(પીટીઆઈ) વોશિંગ્ટન,તા.૧૫

વિશ્વની અગ્રણી સ્ટ્રીમિંગ કંપની નેટફ્લિક્સે ૨૦૨૨ પછી સૌથી મોટી છટણી કરતા ૧,૦૦૦ કર્મચારીઓને પાણીચુ પકડાવ્યું છે. તેના લીધે કંપનીના કુલ કર્મચારીઓના લગભગ છ ટકા હિસ્સા પર અસર પડશે.

## અગ્રણી સ્ટ્રીમિંગ કંપનીએ મનોરંજનના બજારમાં ભારે સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે

કંપનીએ ધીમા પડતા ગ્રોથ અને પ્રેક્ષકો માટે વધતી જતી સ્પર્ધાનો સામનો કરવા માટે આ પગલું લીધું છે.

ધ વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ મોટાભાગનો કાપ પ્રોડક્ટ, ટેકનોલોજી, લીગલ અને હ્યુમન રિસોર્સ (એચઆર) ટીમોમાં જોવાયો છે.

નેટફ્લિક્સના સહ-સીઈઓ ટેડ સારાંડોસ અને ગ્રેગ પીટર્સે બુધવારે એક ઈ-મેઈલ દ્વારા કર્મચારીઓને આ જાણકારી આપી.

નેટફ્લિક્સે આ પગલું એવા સમયમાં ઉઠાવ્યું છે જ્યારે કંપની તેના પરંપરાગત સબસ્ક્રિપ્શન કારોબારને આગળ વધારવાનો પ્રયત્ન કરી રહી છે. તેના પર

(અનુસંધાન ૧૩મે પાને)

## ૧૯ વર્ષના આરોપીની બંદૂક જામ થતાં મોટી જાનહાનિ ટળી

# અમેરિકામાં હિન્દુ મંદિરમાં નરસંહારનું કાવતરું નિષ્ફળ : આરોપીની ધરપકડ

(પીટીઆઈ) ન્યૂયોર્ક, તા. ૧૫

અમેરિકાના ઈલોનોય રાજ્યમાં એક મંદિરમાં નરસંહારનું ષડયંત્ર રચાયું હતું. ૧૯ વર્ષના શ્વેત કિશોરની પોલીસે ધરપકડ કરી છે. તેની બંદૂક જામ થઈ જતાં તે ગોળીબાર કરી શક્યો નહીં એટલે મોટી જાનહાનિ ટળી હતી. તેના ઘરમાંથી તપાસ દરમિયાન પોલીસને પત્ર મળ્યો હતો, જેમાં તેણે ભારતીયો અને લઘુમતીઓને નફરત



કરતો હોવાનું લખ્યું હતું. આરોપી કિશોર પોતાને નવ-નાઝી કહીને ગૌરવ લે છે. તે મિત્રોને મેસેજ કરીને ભારતીયો વિરૂદ્ધ ઝેર ઓકતો હતો.

એલેક્ઝેન્ડ્રોસ પાપોરકિસ નામનો ૧૯ વર્ષનો કિશોર ભારતીયોને ભારોભાર નફરત કરે છે. તેણે તેના

(અનુસંધાન ૧૩મે પાને)

## અશ્વેતોને નફરત કરતો આરોપી એલેક્ઝેન્ડ્રોસ પાપોરકિસ કહેતો હતો - ભારતીયોને મારવા માટે હું રાહ જોઈ શકું તેમ નથી





HAPPY Dussehra
KALYAN JEWELLERS
kalyan Bhava
WIN
50 CRORE
WORTH PRIZES & OFFERS*
UP TO 40% OFF
ON MAKING CHARGES
0%
DEDUCTION ON OLD GOLD EXCHANGE
₹1 CRORE
CASH PRIZE FOR
1 MEGA WINNER
₹5 LAKH
CASH PRIZE FOR
25 WINNERS
₹1 LAKH
CASH PRIZE FOR
100 WINNERS
Get 1 COUPON
Get 2 COUPONS
Get 2X COUPONS
ON OLD GOLD EXCHANGE
ASSURED STORE LEVEL PRIZES
KALYAN SPECIAL GOLD RATE
OPEN ON ALL DAYS